

ગુજરાતે બેંગલુરુને હરાવ્યું, ગીલ-અર્શદ ખાન છવાયા

PAGE NO. 17

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



અમેરિકાએ ભારતને પરત કરી 650થી વધુ પ્રાચીન કલાકૃતિ અને અલૌકિક મૂર્તિઓ

PAGE NO. 18

FRIDAY, 01 MAY, 2026 Vol. 24, No. 18 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### પર્શિયન ગલ્ફ ભગવાનના આશીર્વાદ, તેને કોઈ ભોગે બચાવીને જ રહીશું : ઈરાનના લીડર સૈયદ મોજતબા ખામેનેઈ

# ઈરાનનો UડNે પડકાર: પરમાણુ અને હોર્મુઝ અમારી મૂડી

### અમેરિકા હોર્મુઝના માધ્યમથી અમારા પર દબાણ ઊભું કરવા માગતું હોવાનો ગંભીર આરોપ અને નહીં ઝૂકવાનો હુંકાર

**તેહરાન**

ઈરાનના સુપ્રીમ લીડર સૈયદ મોજતબા ખામેનેઈએ પર્શિયન ગલ્ફ ડેના અવસર પર એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે, જેમાં અમેરિકાના દબાવમાં આગળ નમેલા અને પરમાણું-હોર્મુઝ પર શરતમાં પિછેહટ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. પીસ ડીલ પર વાતચીત દરમિયાન ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈએ પર્શિયન ગલ્ફના સ્વતંત્રતા દિવસ પર નિવેદન આપતા કહ્યું હતું કે, પરમાણું એ ઈરાનની મૂડી છે. શેતાન અમેરિકા હોર્મુઝના માધ્યમથી અમારા પર દબાણ ઊભું કરવા માગે છે. આ પ્રયાસ એમનો ઘણા સમયથી ચાલું જ છે. અમે અમારી પૂરી તાકાત લગાવી દઈશું પણ કોઈ કાળે એમને છોડીશું નહીં. પરમાણુંની સાથે મિસાઈલ અને ડ્રોન હથિયારોએ આપણી મૂડી છે. ઈરાનને બચાવવા માટે હજારો લોકોએ શહીદી વહોરી છે, એવામાં હોર્મુઝ જળમાર્ગ એ ઈરાનની તાકાત છે. આ જળમાર્ગને આપણે બચાવીને રાખીશું. પર્શિયન ગલ્ફ એ તો ભગવાનના આશિર્વાદ છે. આ એક એવા આશિર્વાદ છે જે માત્ર પાણીનો ભાગ



નથી એનાથી પણ ઘણું વધારે છે. એ આપણી ઓળખ છે અને સભ્યતાનો એક ભાગ છે.

બે દેશ વચ્ચેનો એક કનેક્ટિંગ પોઈન્ટ હોવા સિવાય પણ ઓમાન સમુદ્ર મારફતે ગ્લોબલ ઈકોનોમી માટે આ એક જરૂરી અને અનોખો જળમાર્ગ છે. આ સ્ટ્રટજિક અસેટ પર શેતાનોની લાલચ જાગી છે. યુરોપિયન અને અમેરિન વિદેશીઓ વારંવાર હુમલા કરી રહ્યા છે, આનાથી આ વિસ્તારમાં અનેક દેશમાં અસુરક્ષા, નુકસાન અને અનેક બીજા જોખમ ઊભા થયા છે. આ પર્શિયન ગલ્ફના લોકોની સામે દુનિયાની કેટલીક અભિમાન ધરાવતી તાકાતની ખતરનાખ યોજનાની એક ઝલક છે. સમગ્ર ઈસ્લામિક ઉમ્માહ એક થઈને ઊભો છે. આ સંપત્તિઓનું રક્ષણ એ જ સંકલ્પ સાથે કરશે જે રીતે તેઓ તેમની જમીન,સમુદ્ર અને હવાઈ સરહદોનું રક્ષણ કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે જોડાયેલા લોકોનો પણ સમાવેશ થાય છે. મોજતબા ખામેનીએ ટિપ્પણી કરી કે,એ સ્પષ્ટ છે કે પોકળ અમેરિકન ઠેકાણાઓ પાસે પોતાની સુરક્ષા પણ પૂરી પાડવાની શક્તિ નથી.

## નેપાળમાં શ્રદ્ધાળુઓ ભરેલી જીપ 700 મીટર ઊંડી ખીણમાં ખાબકતાં 17 લોકોના મોત



કાઠમંડુ : પાડોશી દેશ નેપાળમાંથી એક અત્યંત દુખદ સમાચાર પ્રકાશમાં આવ્યાં છે. નેપાળના રોલ્પા જિલ્લામાં એક ખાનગી જીપ પહાડી રસ્તા પરથી લપસીને આશરે 700 મીટર ઊંડી ખીણમાં ખાબકતા 17 લોકોના મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે. શ્રદ્ધાળુઓ વૈશાખ પૂર્ણિમાના ઉત્સવમાં સામેલ થવા જઈ રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના ત્યારે ઘટી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ, આ અકસ્માત રોલ્પા જિલ્લાની થવાંગ ગ્રામીણ નગરપાલિકાના જલજલા વિસ્તારમાં થયો છે. આ વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદને કારણે રસ્તો કાદવ વાળો અને લપસણો બની ગયો હતો. જેથી કાદવમાં જીપના ટાયર લપસી જતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને જીપ સીધી પહાડી પરથી 700 મીટર નીચે ઊંડી ખીણમાં પડી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે આ જીપમાં સવાર લોકો ખાનગી વાહન ભાડે કરીને જલજલા જઈ રહ્યા હતા. શુક્રવારે વૈશાખ પૂર્ણિમાના પવિત્ર અવસરે જલજલામાં એક ધાર્મિક ઉત્સવ અને અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ મૃતકો હિંદુ શ્રદ્ધાળુઓ હોવાનું જાણવા મળ્યું છે, જેઓ રૂકુમકોટથી પવિત્ર તીર્થસ્થળ જલજલા તરફ જઈ રહ્યા હતા. પરંતુ તેઓ દર્શનાર્થે પહોંચે તે પહેલા તેમને કાળ ભરખી ગયો છે.

## પ. બંગાળમાં પરિણામ પહેલાં મમતા બેનર્જીનો દાવો, કહ્યું- '226થી વધુ બેઠકો જીતીશું'



**કોલકાતા**

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. રાજ્યમાં પ્રથમ તબક્કામાં 152 બેઠકો માટે 23 એપ્રિલે મતદાન થયું હતું. બીજા અને અંતિમ તબક્કામાં 29 એપ્રિલે 142 બેઠકો માટે મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કા માટે મતદાન 92% થી વધુ નોંધાયું હતું, જે એક રેકોર્ડ છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી જાહેર થયેલા લગભગ તમામ એક્ઝિટ પોલમાં ભાજપ આગળ છે, જ્યારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) પાછળ છે. જોકે, ગુરુવારે, તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ એક વીડિયો સંદેશ જાહેર કર્યો અને ચૂંટણી પરિણામો વિશે મહત્વપૂર્ણ દાવો કર્યો.

પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ પછી મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક મોટું નિવેદન આપ્યું હતું. મતગણતરી પહેલાં એક વીડિયો સંદેશ જાહેર કરીને મમતા બેનર્જીએ જાહેર કર્યું કે 2026 ની ચૂંટણીમાં TMC 226 થી વધુ બેઠકો જીતશે. તેમણે કહ્યું કે બંગાળમાં "મા-માટી-માનુષ"ની સરકાર બનશે. મમતા બેનર્જીએ ભાજપ પર આરોપ લગાવતા કહ્યું કે કેન્દ્ર સરકારે પોતાની આખી મશીનરી લગાવી દીધી પણ જીત અમારી જ હતી. તેમણે કહ્યું કે 19 રાજ્યોના ભાજપના નેતાઓ બંગાળના લોકોને ડરાવવા આવ્યા હતા.









### ગુજરાતી સિનિયર ગ્રુપની માસિક સભામાં સેવાભાવી સભ્યોનું ગૌરવવંતું સન્માન

# બ્રામ્પ્ટનમાં પ્રાર્થના, સંગીત અને સેવાનો સમન્વય

## વુમન્સ ડે, અખાત્રીજ અને અર્થ-ડેની થીમ ધ્યાનાકર્ષક રહી, હાર્ટ એન્ડ સ્ટ્રોક અંગે તબીબી માર્ગદર્શન અને સુગમ સંગીતની જમાવટ : હેલ્થ અવેરનેસ સેમિનાર અને બાળકો દ્વારા સંગીતની પ્રસ્તુતિ આકર્ષણનું કેન્દ્ર બની



બ્રામ્પ્ટન : ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની ૨૬ એપ્રિલ, ૨૦૨૬ની મીટિંગ **Gore Meadows Library** ખાતે રાખવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત 'ૐ તત્ સત્ શ્રી નારાયણ' પ્રાર્થનાથી થયા બાદ સભ્યોના આગમન સાથે જ સૌને આઈસ્ક્રીમ આપવામાં આવ્યું હતુ. વુમન્સ ડે, અક્ષય તૃતીયા (અખાત્રીજ) અને વિશ્વ પૃથ્વી દિવસની થીમ પર આયોજિત આ બેઠકમાં 'એપ્રિલ ફૂલ બનાયા તો ઉનકો ગુસ્સા આયા' ગીત પર જગદીશભાઈ વશીએ સૌને ઉત્સાહપૂર્વક કસરત કરાવી હતી. ત્યારબાદ દક્ષાબેન રાજાએ વુમન્સ ડે, અક્ષય તૃતીયા અને વિશ્વ પૃથ્વી દિવસનું સુંદર શબ્દોમાં મહત્વ સમજાવ્યું અને સૌને અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવી હતી. મંડળના સભ્ય ઝવેરભાઈ પટેલના ધર્મપત્ની સ્વ. કાંતાબેનને (૧૨મી પુણ્યતિથિ નિમિત્તે) ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આમંત્રિત મહેમાનોમાં સુજ્ઞેશભાઈ, સુરેશભાઈ ગાંધી, જલ્પાબેન, હર્ષિલભાઈ, ક્રિશ અને વ્રજ ઉપસ્થિત રહ્યા હતા. જલ્પાબેન તલાટીએ સંસ્થાને જનરલ ડોનેશન (**General Donation**) આપી પોતાનો ફાળો અર્પિત કર્યો હતો. આ ઉપરાંત દીપલ કાપડિયા અને અન્ના (**Anna - Heart & Stroke**) પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દક્ષાબેન રાજાએ મહેમાનો, કમિટી મેમ્બર્સ, કિચન કમિટી અને સર્વે સભ્ય ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. મંડળના ભૂતપૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ મનુભાઈ, જેઓ બ્રામ્પ્ટન હોસ્પિટલમાં છેલ્લા ૨૮ વર્ષથી સેવા આપી રહ્યા છે, તેમને ઓન્ટારિયો વોલેન્ટિયર સર્વિસ એવોર્ડ (**Ontario Volunteer Service Award**) આપી બહુમાન કરવામાં આવ્યું હતું. દક્ષાબેન રાજાએ મંડળ વતી તેમને ગૌરવપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. અન્ય સભ્યો કાંતિભાઈ પટેલ અને સીતાબેન પટેલ પણ છેલ્લા ૨૦ વર્ષથી હોસ્પિટલમાં સેવા આપી રહ્યા હોવાથી દક્ષાબેન, હર્ષદભાઈ અને રંજનબેને તેઓનું ઉપરણું ઓઢાડી સન્માન કર્યું હતું.

હર્ષદભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી સ્પોન્સરની જાહેરાત કરી અને ૧૦ મેના રોજ યોજાનારી પિકનિકની વિસ્તૃત વિગતો આપી હતી. નાસ્તામાં સ્વાદિષ્ટ શક્કરપારા, મસાલા પુરી અને ચકરી સાથે મસાલેદાર ચાની જયાફત ઉડાવવામાં આવી હતી. નાસ્તાના સ્પોન્સર સરોજબેન અને અશોકભાઈ પટેલ હતા. કાર્યક્રમના બીજા ભાગમાં સરકાર તરફથી કો-ઓર્ડિનેટર દીપલ અને નર્સ અન્નાએ પ્રોજેક્ટર દ્વારા '**Heart & Stroke**' વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે હૃદયરોગ, જે 'સાયલન્ટ કિલર' કહેવાય છે, તેનાથી કેવી રીતે સુરક્ષિત રહી શકાય તે સરળ શબ્દોમાં સમજાવ્યું હતું. ત્યારબાદ સુજ્ઞેશભાઈ પટેલ અને સુરેશચંદ્ર ગાંધીએ સુંદર સુગમ સંગીત પીરસ્યું હતું, જેમાં ક્રિશ તલાટી અને વ્રજ તલાટી નામના બે બાળકોએ સાથ આપ્યો હતો. દક્ષાબેન રાજા, હર્ષદભાઈ અને રંજનબેને દીપલ કાપડિયા, નર્સ અન્ના, સુજ્ઞેશભાઈ પટેલ, સુરેશચંદ્ર ગાંધી તેમજ ક્રિશ-વ્રજને 'એપ્રિશિયેશન સર્ટિફિકેટ' એનાયત કરી સન્માનિત કર્યા હતા. અંતમાં દક્ષાબેન રાજાએ આમંત્રિત મહેમાનો, કમિટી, કિચન કમિટી, અનિલભાઈ જેઠવા, શીલાબેન ને ગાંધી, જ્યોતિબેન શાહ, દક્ષાબેન એમ. પટેલ, અરુણભાઈ મહેતા (સુંદર ફોટોગ્રાફી) તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર સર્વે સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે વાર્ષિક પિકનિક ૧૦ મે, સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ દરમિયાન પોલ કેફે પાર્ક, ગોરમેડો ડેરી રોડ મિસીસાગા ખાતે યોજવાની જાહેરાત કરાઈ હતી. ભોજનમાં શિખંડ-પુરી, દાળ-ભાત, બટાટાનું શાક, કચોરી, અથાણું અને પાપડ-પાપડીનો રસાસ્વાદ માણી સૌ પિકનિકના સ્થળે ફરી મળવાના વાયદા સાથે છૂટા પડ્યા હતા.

# કેનેડાના માસ શૂટિંગના વિવાદ બાદ OpenAI પર કેસ નોંધાયો

### ChatGPTની ભૂમિકા સામે ગંભીર આરોપ, હુમલાખોર પાસે 8 માસ પહેલા માહિતી હતી

**બ્રિટિશ કોલંબિયા**

કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં આવેલા **Tumbler Ridge**માં થયેલા માસ શૂટિંગના પીડિતોના પરિવારો દ્વારા **OpenAI** અને તેના **CEO** સેમ અલ્ટમેન સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ બુધવારે સાન ફ્રાન્સિસ્કોના ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદીઓનો આરોપ છે કે હુમલાખોરે **ChatGPT**નો ઉપયોગ કરીને હુમલો કરવાની યોજના બનાવવાની માહિતી **OpenAI**ને ઘટના બનતા આઠ મહિના પહેલાંથી હતી, છતાં કંપનીએ સરકારી એજન્સીઓને આ વિશે જાણ કરી નહોતી. હુમલાખોર જેસી વાન રૂટસેલાર માત્ર 18 વર્ષની હતી. તેણે 10 ફેબ્રુઆરીએ પોતાના ઘરે તેની મમ્મી અને 11 વર્ષના સાવકા ભાઈને ગોળી મારી હત્યા કરી હતી. ત્યારબાદ પોતાની જૂની સ્કૂલમાં એક શિક્ષક અને પાંચ વિદ્યાર્થીઓની હત્યા કરી હતી. બાદમાં તેણે આત્મહત્યા કરી હતી. આ કેસ મુજબ જૂન 2025માં **OpenAI**ની ઓટોમેટેડ સિસ્ટમ્સે **ChatGPT** પર ગન હિંસા સંબંધિત વાતચીતને ફ્લેગ કરી હતી, પરંતુ સેમ અલ્ટમેન અને અન્ય નેતૃત્વ દ્વારા નિર્ણય બદલી દેતાં પોલીસને જાણ કરવામાં આવી નહોતી.




આ કેસ **AI** કંપનીઓ પર આરોપ લગાવતા અનેક કેસોમાંનો એક છે, જેમાં કહેવાય છે કે તેઓ નુકસાનકારક ચેટબોટ ઈન્ટરએક્શન અટકાવવામાં નિષ્ફળ રહ્યા છે. જોકે યુનાઈટેડ સ્ટેટ્સમાં આ પ્રથમ કેસ છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે **ChatGPT**એ માસ શૂટિંગમાં મદદ કરી હતી. ફરિયાદીઓમાં મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા લોકોના પરિવારજનો સામેલ છે. તેઓ અનિર્ધારિત વળતર અને **OpenAI**ને તેની સલામતી નીતિઓમાં ફેરફાર કરવા માટે કોર્ટના આદેશની માંગ કરી છે, જેમાં સરકારી એજન્સીઓને ફરજિયાત માહિતી આપવાની પ્રક્રિયા પણ સામેલ છે. **OpenAI**એ આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે અને કેસમાં લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા છે. કંપનીએ જણાવ્યું કે તે **ChatGPT**ની સુરક્ષા વધારવા માટે કામ કરી રહી છે, જેમાં તણાવના સંકેતોને ઓળખવું, માનસિક આરોગ્ય સહાય સાથે જોડાણ, જોખમનું મૂલ્યાંકન અને વારંવાર ગુનો કરનારાઓની ઓળખ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. ફ્લોરિડાના એટર્ની જનરલ **James Uthmeier**એ 2025માં **Florida State University** ખાતે થયેલા શૂટિંગમાં **ChatGPT**ની ભૂમિકા અંગે તપાસ શરૂ કરી હતી. આ કેસનો પણ તેમાં સમાવેશ કરવામાં આવે તો નવાઈ નહીં. કેનેડાના **AI** મંત્રી **Evan Solomon** કેસ દાખલ થયા બાદ **AI** ચેટબોટ્સને નિયમિત કરવા અંગે વિચાર કરી રહ્યા છે. તેઓ **OpenAI** સાથે મળીને તેની સલામતી નીતિઓની તપાસ કરી રહ્યા છે.

# કોબર્ગમાં ફરજ દરમિયાન OPP સાર્જન્ટનું કરુણ મોત

### હાઇવે 401 ઉપર અકસ્માત : 34 વર્ષીય બ્રાન્ડન માલ્કમ 2020માં પોલીસ દળમાં જોડાયાહતા

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો પ્રોવિન્શિયલ પોલીસ (**OPP**) જણાવે છે કે, સોમવારે કોબર્ગ નજીક હાઈવે 401 ઉપર થયેલા અકસ્માતમાં તેમના એક અધિકારીનું મૃત્યુ થતાં સમગ્ર વિભાગ શોકમાં ગરકાવ છે. પોલીસના જણાવ્યા અનુસાર નોર્થમ્બરલેન્ડ ડિટેચમેન્ટના સભ્યોએ સાંજે 5:30 વાગ્યે બર્નહામ સ્ટ્રીટ નોર્થ નજીક એક મોટરસાઈકલ અને વાહન વચ્ચે અકસ્માતના અહેવાલ મળતા તુરંત કાર્યવાહી કરી હતી. અધિકારી, સાર્જન્ટ બ્રાન્ડન માલ્કમને ઘટના સ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. કમિશનર થોમસ કેરિકે જણાવ્યું હતું કે, "સાર્જન્ટ માલ્કમ ઓન્ટેરિયો પ્રોવિન્શિયલ પોલીસના એક યુવાન અને આદરણીય સભ્ય હતા, જેમણે ટોરોન્ટોની પૂર્વમાં હાઈવે અકસ્માતમાં ફરજ દરમિયાન અકાળે જીવ ગુમાવ્યો છે. માલ્કમ 2020માં **OPP**માં જોડાયા હતા. કેરિકે ઉમેર્યું કે, તેઓ પોલીસ સેવાની મોટરસાઈકલ ટીમના એક કુશળ અને સમર્પિત સભ્ય હતા. ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે એક નિવેદનમાં શોક વ્યક્ત કરતા જણાવ્યું કે, "કોબર્ગમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીના નિધનના સમાચાર સાંભળીને અત્યંત દુઃખ થયું છે. મારા વિચારો અધિકારીના પરિવાર અને પ્રિયજનોની સાથે છે.



# અવકાશયાત્રી જોશુઆ કુટ્રીક 6 મહિનાના મિશન માટે તૈયાર

## સપ્ટેમ્બરમાં ફ્લોરિડાથી સ્પેસએક્સ રોકેટ દ્વારા થશે લોન્ચિંગ : કૌટુંબિક વિરાસત સમાન 1800ના દાયકાની સ્ટોપવોચ સાથે અવકાશમાં ઉડાન ભરશે

**ટોરોન્ટો**

કેનેડિયન અવકાશયાત્રી જોશુઆ કુટ્રીક કહે છે કે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર છ મહિનાના મિશન માટે તૈયારી કરતી વખતે તેઓ ઉત્સાહ અને કૃતજ્ઞતા અનુભવે છે. હ્યુસ્ટનમાં તાલીમ લીધા પછી કુટ્રીકે કહ્યું કે, 2017માં કેનેડિયન અવકાશ એજન્સી દ્વારા ભાડે લેવામાં આવ્યા પછી આ તક વર્ષોની તૈયારી પછી મળે છે. “મેં મારું આખું જીવન અવકાશમાં જવાનું સ્વપ્ન જોયું છે,”

મિશનનું લોન્ચિંગ સપ્ટેમ્બરમાં ફ્લોરિડાથી શરૂ થશે અને તેમાં ચાર ક્રૂ સભ્યોનો સમાવેશ થશે, જે લાંબા ગાળાના રોકાણ માટે અવકાશ મથકની મુસાફરી કરશે. તેમણે કહ્યું કે, ટીમ પાસે બે મુખ્ય જવાબદારીઓ હશે: સ્ટેશનનું સંચાલન અને જાળવણી, અને વૈજ્ઞાનિક સંશોધન. “તે ખૂબ જ જટિલ મશીન છે. કદાચ માનવજાતે બનાવેલ સૌથી જટિલ મશીન હશે. તેમણે કહ્યું કે, ભ્રમણકક્ષામાં



કરવામાં આવેલા પ્રયોગો ઘણીવાર દવા અને આરોગ્ય જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે પૃથ્વી ઉપર નકલ કરી શકાતા નથી. મૂળ અલ્ટાના ફોર્ટ સાસ્કાચેવાનના રહેવાસી કુટ્રીકે કહ્યું કે, અવકાશની તેમની યાત્રામાં “ઘણી મહેનત” તેમજ અન્ય લોકોનો ટેકો સામેલ હતો, જે યુવાનોને તેમના જુસ્સાને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે. તમારો જુસ્સો શું છે તે શોધવામાં ક્યારેય વહેલું નથી. કુટ્રીકે અવકાશ સંશોધનના વ્યાપક પ્રભાવ પર પણ પ્રતિબિંબ પાડ્યો હતો અને કહ્યું કે તે લોકોને એકસાથે લાવવામાં અને વિશ્વ મંચ પર કેનેડાની ભૂમિકાને પ્રકાશિત કરવામાં મદદ કરી શકે છે. તેઓ 12 સપ્ટેમ્બરના રોજ કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવેલા ફાલ્કન 9 રોકેટ પર લોન્ચ કરવાના છે. મિશનના ભાગ રૂપે, કુટ્રીકે કહ્યું કે તેઓ ઘણી વ્યક્તિગત અને પ્રતીકાત્મક વસ્તુઓ લાવવાની યોજના ધરાવે છે, જેમાં એક કૌટુંબિક વારસો - 1800 ના દાયકાના અંતની સ્ટોપવોચ જે તેમના પરિવાર દ્વારા યુક્રેનથી આલ્બર્ટામાં સ્થળાંતરિત થયા પછી પેઢીઓથી પસાર થઈ છે.

# યુકેની જેમ કેનેડામાં પણ નવી પેઢી માટે ધૂમ્રપાન ઉપર પ્રતિબંધ સંભવ : ગહન વિચારણા શરૂ

## વર્ષ 2035 સુધીમાં તમાકુનો વપરાશ 5 ટકાથી નીચે લાવવા સરકાર પ્રતિબદ્ધ

**ટોરોન્ટો**

આરોગ્ય મંત્રી માર્જોરી મિશેલે બુધવારે જણાવ્યું હતું કે, તેઓ ભવિષ્યની કેનેડિયન પેઢીઓને સિગારેટ ખરીદવા ઉપર પ્રતિબંધ મૂકવા અને અન્ય તમાકુ ઉત્પાદનોના પ્રતિબંધોને કડક બનાવવાના વિચાર ઉપર વિચારણા કરી રહ્યા છે. બ્રિટિશ કાયદા નિર્માતાઓએ ગયા અઠવાડિયે તમાકુ અને વેપ્સ બિલને મંજૂરી આપી હતી, જે 1 જાન્યુઆરી, 2009ના રોજ અથવા તે પછી જન્મેલા કોઈપણ વ્યક્તિને સિગારેટ ખરીદવા પર કાયમી ધોરણે પ્રતિબંધ મૂકતો રોલિંગ વય પ્રતિબંધ રજૂ કરે છે.

ઓટાવામાં લિબરલ કેબિનેટ બેઠક છોડ્યા પછી કેનેડા તેનું પાલન કરી શકે છે કે કેમ તે અંગે મિશેલે પત્રકારોને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે, “હું હમણાં જ તેના પર વિચાર કરી રહ્યો છું.”અમે જોયું કે યુકેએ શું કર્યું, પરંતુ હું હાલમાં બધા ભાગીદારો સાથે તેના પર વિચાર કરી રહ્યો છું.”ન્યાય મંત્રી સીન ફ્રેઝરે કહ્યું કે, તેઓ યુવાનોમાં તમાકુ ઉત્પાદનોનો વપરાશ ઘટાડવા માટે આપણે જે કંઈ કરી શકીએ છીએ તે કરવાને સમર્થન આપે છે, અને લોકોને નાની ઉંમરે ધૂમ્રપાન કરતા અટકાવવાથી “સમગ્ર કેનેડામાં તમાકુથી થતા સામાજિક નુકસાનમાં ઘટાડો થશે.

હેલ્થ કેનેડાના પ્રવક્તાએ ગયા અઠવાડિયે ઈમેઈલ દ્વારા આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે “કેનેડા સરકાર 2035 સુધીમાં કેનેડામાં તમાકુનો ઉપયોગ પાંચ ટકાથી ઓછો કરવા માટે પ્રતિબદ્ધ છે,

# ઇરાન અમેરિકા મંત્રણામાં મધ્યસ્થીમાંથી પાક. આઉટ : ટ્રમ્પ સીધી મંત્રણા કરશે

## ઇસ્લામાબાદમાં મંત્રણાના બંને દોર નિષ્ફળ જતાં નિર્ણય

**નવી દિલ્હી**

ઈસ્લામાબાદમાં મંત્રણાના બે દોર નિષ્ફળ ગયા પછી ઈરાન અને અમેરિકા બંનેને પાકિસ્તાનની મધ્યસ્થીમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. હવે અમેરિકા, ઈરાન સાથે સીધી મંત્રણા કવાનું છે. આ પાકિસ્તાન માટે ભલે મોટા ઝટકા સમાન માનવામાં આવે છે.

અલ જઝીરા જણાવે છે કે પ્રમુખ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા હવે પાકિસ્તાનમાં મંત્રણા કરવાને બદલે ઈરાન સાથે ફોન ઉપર સીધી મંત્રણા કરશે. ઈરાનના સાંસદ ઈબ્રાહીમ રજોઈએ કહ્યું હતું કે પાકિસ્તાને મધ્યસ્થતા માટે પોતાની વિશ્વનીયતા ગુમાવી દીધી છે. તે અમેરિકાની સામે ઝૂકી રહ્યું છે. રજોઈએ આગળ તેમ પણ કહ્યું કે પાકિસ્તાન એક સારૂ મિત્ર અને સારૂં પાડોશી પણ છે, પણ મંત્રણા માટે તે યોગ્ય મધ્યસ્થી નથી. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને ભારતના વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે સાંજે ટેલીફોન ઉપર વાતચીત કરી હતી. બંને નેતાઓએ હોર્મુઝ સ્ટેઈટસ અંગે ચર્ચા કરી હતી.

# મેનિટોબામાં બાળકોમાં વધતા સોશિયલ મીડિયાના વ્યસન પર સર્જિકલ સ્ટ્રાઈક

- » મેનિટોબા પ્રતિબંધ મૂકનાર કેનેડાનો પ્રથમ પ્રાંત બનશે
- » “ઈન્ફિનીટ સ્ક્રોલ” અને AI ચેટબોટ્સ પર લાગશે લગામ, ઓસ્ટ્રેલિયાની જેમ કડક કાયદો લાવી ઉંમરની ચકાસણી ફરજિયાત કરાશે

**મેનિટોબા**

મેનિટોબાના પ્રીમિયર વાબ કિન્યુએ જાહેરાત કરી છે કે, મેનિટોબા યુવાનો માટે AI ચેટબોટ્સ સહિત સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર કેનેડાનો પ્રથમ પ્રાંત બની શકે છે. કિન્યુના જણાવ્યા મુજબ, આ પ્લેટફોર્મ બાળકોને ‘ઈન્ફિનીટ સ્ક્રોલ’ દ્વારા વ્યસની બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જે સ્વાસ્થ્ય માટે જોખમી છે.

ફેડરલ લિબરલ પાર્ટી અને ઓન્ટેરિયો સરકાર પણ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા અને શાળાઓમાં સેલફોન પર પ્રતિબંધ મૂકવા અંગે વિચારી રહી છે. ઓસ્ટ્રેલિયાએ તો આ અંગે કાયદો પસાર કરી દીધો છે, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનાર કંપનીઓને 45.5 મિલિયન કેનેડિયન ડોલર સુધીના દંડની જોગવાઈ છે. ટેક નિષ્ણાતોના મતે આ પ્રતિબંધને અમલી બનાવવા માટે AI ટેકનોલોજી દ્વારા ઉંમરની ચકાસણી કરવી એ મોટો પડકાર બની રહેશે.







તંત્રી સ્થાનેથી

# કાતિલ કેન્સર : એક જ વર્ષમાં વિશ્વમાં 3.77 લાખ બાળકના મોત

વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલમાં ફરી એકવાર ચોંકાવનારો ખુલાસો થયો છે. આ અહેવાલમાં લ્યુકેમિયાના કારણે એકલા ભારતમાં 2023માં અંદાજે 46000 બાળકોનાં મોત થયા હોવાનો ઉલ્લેખ છે. સાથે જ મગજ અને ચેતાતંત્રના કેન્સરના કારણે 23,200 બાળકોએ જીવ ગુમાવ્યા હોવાનું નોંધવામાં આવ્યું છે. થોડા સમય પહેલાં ધ લેન્સેટમાં રજૂ થયેલા ગ્લોબલ બર્ડન ઓફ ડિસિઝ નામના અહેવાલમાં જણાવાયું હતું કે, મધ્યમ અને ઓછી આવક ધરાવતા દેશોમાં બાળકોમાં કેન્સરના કેસ સતત વધી રહ્યા છે. તેના કારણે બાળકોના જીવને મોટું જોખમ આવી ગયું છે. જાણકારો માને છે કે, બદલાયેલી જીવનશૈલી, કુદરતી ફેરફારો, પ્રદુષણ અને આપણી વ્યવસ્થાઓના કારણે બાળકોના સ્વાસ્થ્યને ગંભીર અસર થઈ રહી છે. વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો બાળકોની બિમારીના આ કેસની સંખ્યા અને બિમારીને કારણે થતાં બાળકોના મોતની સરેરાશ સંખ્યા પણ વિરોધાભાસી છે. 1990થી 2023 દરમિયાન થતા બાળકોના મોતનાં આંકડામાં 27 ટકાનો ઘટાડો નોંધાયો છે.



તંત્રી - સ્વદેશ

ચાર દાયકા દરમિયાન આ બાબતે મેડિકલ સાયન્સ દ્વારા અદ્વિતિય પ્રગતિ સાધવામાં આવી છે. નવી સુવિધાઓ અને ચિકિત્સા પદ્ધતિને કારણે વિકસિત દેશોમાં બાળકોનો કેન્સરથી મૃત્યુદર ઘટયો છે, ત્યાં આફ્રિકા અને તેની આસપાસના વિસ્તારોમાં આજે પણ આ મૃત્યુદર 55 ટકાથી વધારે છે. બાળકો, કિશોરો અને યુવાનો કોઈપણ દેશના ભવિષ્યના નિર્માતા ગણાય છે. તેમને આપવામાં આવતી તમામ સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય કે પછી ઉચ્ચ શિક્ષણ અથવા તો રોજગાર તે દેશના નિર્માણ માટે કરવામાં આવતી કામગીરી કે પછી ઈન્વેસ્ટમેન્ટ જેવા હોય છે.

ભારત માટે પણ આ સ્થિતિ ખૂબ જ ગંભીર અને જટિલ છે. એક તરફ મેડિકલ સાયન્સ સતત પ્રગતિ કરી રહ્યું છે અને અદ્વિતિય સંશોધનો થઈ રહ્યા છે અને ત્યાં બીજી તરફ આધુનિક ઉપચાર, દવાઓ, સુવિધા કેન્દ્રો કે હોસ્પિટલો લાખો લોકો સુધી પહોંચ્યા જ નથી કે લોકોને પોસાય તેમ પણ નથી. દેશના મોટા મોટા શહેરોમાં આધુનિક હોસ્પિટલો અને કેન્સર સારવાર કેન્દ્રો છે પણ ગ્રામ્ય વિસ્તારોમાં, આંતરિયાળ વિસ્તારોમાં આ સુવિધાઓ પહોંચી જ નથી. જ્યાં આવી સેવાઓ છે તે માત્ર ગણતરીની કહી શકાય તેવી છે. તેનું પરિણામ એ આવે છે કે, આવા વિસ્તારોમાં બાળકો સુધી સારવાર પહોંચી શકતી જ નથી અને બાળકો પણ હોસ્પિલટલો સુધી જઈ શકતા નથી. તેના કારણે તેમની હાલત ખરાબ થાય છે. આ સિવાય ગ્રામ્ય વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોમાં નિદાનની સ્થિતિ પણ નબળી છે, તેથી જ્યારે બાળકને કેન્સરનું નિદાન થાય છે ત્યારે તે અંતિમ ચરણે જ હોય છે. તેના કારણે જ વિકસિત દેશોની સરખામણીએ ભારતમાં કેન્સરથી પીડાતા બાળકોના જીવતા રહેવાનો દર ઘણો ઓછો છે.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, બાળકોમાં આવા રોગથી મોતનું પ્રમાણ ઘણું ઉચું જઈ રહ્યું છે. આજનું બાળપણ સાવ વિખેરાઈ ગયું છે. વૈશ્વિક પરિસ્થિતિ, ખરાબ ખાનપાન, સ્વાસ્થ્ય સેવાઓમાં વિસંગતતા, અપૂરતી સારવાર અને દવાઓના અભાવ તથા સરકારની નિરસતાના કારણે બાળકો કેન્સર જેવા જીવલેણ રોગના ભરડામાં આવી રહ્યા છે. અહેવાલોમાં નોંધવામાં આવ્યું છે કે, અસમાનતા અને અવ્યવસ્થાને કારણે ગરીબ દેશો, ઓછી આવક ધરાવતા દેશો અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં બાળકોમાં કેન્સરથી થતા મોત ૯૪ ટકા અને નવા કેસની સંખ્યા ૮૫ ટકા સુધી છે.

આ દેશોમાં સંસાધન, સારવાર અને સુવિધા તથા જીવનશૈલી અને પૈસાના અભાવના કારણે નિર્દોષ બાળકો મોતને ભેટે છે. ભારત પણ તેમાંથી બચી શકે તેમ નથી. ભારતમાં દર વર્ષે ૧૭,૦૦૦ બાળકોના કેન્સરના કારણે મોત થાય છે. કેન્સર સામેનો આ જંગ માત્ર વ્યક્તિગત નહીં, પણ આર્થિક સ્થિતિ અને વ્યવસ્થા સામેનો પણ જંગ છે. ભારતમાં પણ સંસાધન, સુવિધા અને આર્થિક બાબતોમાં વિસંગતતા હોવાથી બાળકો આ જીવલેણ રોગનો ભોગ બની રહ્યા છે.

અન્ય દેશોમાં પણ સ્થિતિ સાવ કથળેલી છે. યોગ્ય સારવાર નથી, સુવિધા નથી અને ખાસ કરીને લોકો પાસે એટલા પૈસા જ નથી કે તેઓ સંતાનોની સારવાર કરાવી શકે. તેના કારણે બાળકોનો ભોગ વધારે લેવાય છે. લાન્સેન્ટનો અહેવાલ જણાવે છે કે, ૨૦૨૩માં જ દુનિયાભરમાં ૩.૭૭ લાખ બાળકોના કેન્સરના કારણે મોત થયા હતા. બીજી તરફ ૨૦૨૩માં જ દુનિયાભરમાં બાળકોના કેન્સરના ૧.૪૫ લાખ જેટલા નવા કેસ પણ નોંધાયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે દુનિયામાં દરરોજ ૧૦૦૦થી વધારે બાળકોને કેન્સર થયાનું નિદાન થાય છે. તેમાંથી વધુ આવક ધરાવતા દેશો અને આધુનિક દેશોમાં ૮૦ ટકા બાળકોનો બચાવ થાય છે, જ્યારે ઓછી આવક ધરાવતા અથવા તો મધ્યમ આવક ધરાવતા દેશોમાં માત્ર ૨૦ ટકા બાળકો જ બચી શકે છે. વૈશ્વિક સ્તરે બાળકોમાં વધી રહેલા કેન્સરના કિસ્સા માત્ર એક મેડિકલ ઈમર્જન્સી નહીં પણ સ્વાસ્થ્ય સેવાઓ અને આર્થિક વ્યવસ્થામાં રહેલી નબળાઈઓ તથા સામાજિક-આર્થિક અસમાનતાઓનું પણ પ્રતિબિંબ છે.

લાન્સેટનો અહેવાલ જણાવે છે કે, ૨૦૨૩માં બાળકોના જે મોત થયા તેમાં કેન્સર આઠમું મોટું કારણ હતું. બિમારીની દ્રષ્ટીએ વિચારીએ તો આ કારણ સૌથી મોટું હતું. ડિસેબિલિટી-એડજસ્ટેડ લાઈફ ઈયર્સના સંદર્ભે પણ જોઈએ તો તે દસમું મોટું કાણ હતું. આ અહેવાલ જણાવે છે કે, દર વર્ષે બાળકની જિંદગીનું એક સામાન્ય વર્ષ છિનવાઈ જાય છે. ભારતમાં બીજી સમસ્યા એ છે કે, કેન્સરની સારવાર અત્યંત ખર્ચાળ છે અને તેની સામે મોટાભાગના પરિવારો પાસે વીમો હોતો નથી કે આર્થિક સગવડો પણ હોતી નથી. તેના કારણે ઘણા કિસ્સામાં સારવાર અધુરી રહી જાય છે કે છોડી દેવી પડે છે કે પછી સારવાર મળી શકતી જ નથી અને બાળક મોતના મુખમાં ધકેલાઈ જાય છે.

ઘણા કિસ્સામાં પ્રારંભિક લક્ષણોની સામાન્ય બિમારી સમજીને અવગણના કરવામાં આવે છે તેના કારણે ચોક્કસ નિદાનમાં મોડું થાય છે અને સારવારની શક્યતાઓ ઘટતી જાય છે. બીજી તરફ સ્વાસ્થ્ય વ્યવસ્થાનું માળખું પણ ડોહળાયેલું અને વિખરાયેલું છે. આજે પણ ભારતમાં ઘણા ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં યોગ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જ નથી. જ્યાં આવા કેન્દ્રો છે ત્યાં જાણકારો ડોક્ટરો અને અન્ય શારીરિક તપાસની વ્યવસ્થાનો અભાવ છે. તે ઉપરાંત જાણકારોની અછત, હોસ્પિટલોની અછત અને હોસ્પિટલ મોકલવા સુધીની કામગીરીમાં પણ બેદરકારી અને અયોગ્ય વ્યવસ્થાના કારણે બાળકોને સારવાર મળતી નથી. અપૂરતી અને અયોગ્ય સુવિધાઓના કારણે બાળકો મોટી હોસ્પિટલો સુધી પહોંચી શકતા જ નથી.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)



MADHUSUDAN LAMA 647-833-4477
HETAL SHAH 416 -522-1676
ANIRUDH LAMA 416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ : ભાજપનો દબદબો કાયમ

## ભાજપે તમામ 15 મહાનગરપાલિકા, 84માંથી 78 નગરપાલિકા, 34 માંથી 33 જિલ્લા પંચાયતમાં મેદાન માર્યું, પંચાયતોમાં આપની એન્ટ્રી



ગાંધીનગર

ગુજરાતમાં ૯૨૩૬ બેઠકોમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ શહેરી નાગરિકોના જોરે ફરી એક વખત પોતાનું સિંહાસન જાળવી રાખ્યું છે. ભાજપે તમામ ૧૫ મહાનગરપાલિકા, ૮૪માંથી ૭૮ નગરપાલિકા, ૨૬૦માંથી ૨૫૩ તાલુકા પંચાયત, ૩૪માંથી ૩૩ જિલ્લા પંચાયતમાં વિજય મેળવ્યો છે. બીજીબાજુ કોંગ્રેસે દાયકાઓથી પરાજયની પરંપરા જાળવી રાખતા શવાસનની સ્થિતિ જાળવી રાખી છે. ભાજપમાં ટિકિટ ફાળવણી મુદ્દે આંતરિક અસંતોષ, નબળી કામગીરી મામલે નાગરિકોમાં રોષનો કોંગ્રેસ થોડો પણ ફાયદો ઉઠાવી શકી નથી જ્યારે આમ આદમી પાર્ટીએ આંશિક લાભ મેળવ્યો છે. સુરત મનપામાં આ વખતે 'આપ'ના સુપડા સાફ થઈ ગયા છે પરંતુ અમરેલીની બગસરા તાલુકા પંચાયતમાં 'આપ' એ સત્તા મેળવીને પ્રથમવાર પંચાયત સ્તરે પોતાની હાજરી નોંધાવી છે. નાગરિકોના આશ્વાસનથી આ ચૂંટણીમાં 'આપ'ની બેઠકોમાં વધારો થયો છે.

છેલ્લે વર્ષ ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં અમદાવાદ મહાનગરપાલિકામાંથી એઆઈએમઆઈએમ, સુરત મહાનગરપાલિકામાંથી આમ આદમી પાર્ટી ભાજપ અને કોંગ્રેસનું ગણિત ખોરવવામાં સફળ રહી હતી. પરંતુ આ વખતે આ બંને મહાનગરપાલિકામાં આપ અને એઆઈએમઆઈએમનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું હતું.

અમદાવાદ મહાનગરપાલિકામાં ભાજપ વર્ષ ૨૦૨૧ની સરખામણીએ ૧ બેઠક સુરતમાં વર્ષ ૨૦૨૧માં ૯૩ની સરખામણીએ ૧૧૫ જેટલી બેઠક જીતવામાં ભાજપને સફળતા મળી હતી. વડોદરામાં પણ ભાજપ ગયા વર્ષની સરખામણીએ ૧ વધુ બેઠક જીતવામાં સફળ રહ્યું છે. મોરબી, પોરબંદરની મહાનગરપાલિકા બેઠકમાં ભાજપે તમામે તમામ બેઠક જીતી લેતાં વિરોધ પક્ષ નહીં મળે તેવી સ્થિતિ સર્જાઇ છે.

બનાસકાંઠાના ભાભર પાલિકમાં થઇ છે. જ્યાં ભાજપે તમામ ૨૨ બેઠક જીતી લેતા વિપક્ષનું નામશેષ થઇ ગયું છે. ખેડા અને કુતિયાણામાં માં સમાજવાદી પાર્ટીની સરપ્રાઇઝ એન્ટ્રી થઇ હતી. કડીમાં એવી ઘટના બની હતી કે ૨૨ ઉમેદવારો બિનહરીફ થયા હતા અને ૮ બેઠક માટે ચૂંટણી થઇ હતી. આ તમામ ૮ બેઠક કોંગ્રેસને ફાળે જતાં ભાજપની બિનહરીફ જીતવાની મજા ઉપર પાણી ફરી વળ્યું હતું.

| 2026નું પરિણામ | ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય |
|---|---|---|---|---|
| મહાનગરપાલિકા<br>કુલ બેઠક<br>1044 | 937<br>89.75% | 95<br>9.10% | 6<br>0.57% | 12<br>1.15% |
| નગરપાલિકા<br>કુલ બેઠક<br>2624 | 1988<br>75.72% | 469<br>17.88% | 45<br>1.72% | 132<br>5.03% |
| જિલ્લા પંચાયત<br>કુલ બેઠક<br>1090 | 892<br>81.83% | 136<br>12.48% | 56<br>5.14% | 6<br>0.55% |
| તાલુકા પંચાયત<br>કુલ બેઠક<br>5234 | 3674<br>70.24% | 1050<br>20.07% | 403<br>7.70% | 99<br>1.89% |

# મુસ્લિમ વિસ્તારોમાં ખીલ્યું 'કમળ'! કોંગ્રેસ સામે વ્યૂહનીતિ હવે દેશભરમાં લાગુ થવાની સંભાવના

ગાંધીનગર

મહાનગરપાલિકામાં નહીં પણ નગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતમાં 250થી વધુ લઘુમતી ઉમેદવારોને ટિકિટ આપી ભાજપે રાષ્ટ્રવાદી લઘુમતી કાર્ડ ખેલ્યું હતું જે સ્થાનિક સ્તરે સફળ થયું છે. ભાજપે લઘુમતીઓને ટિકિટ આપી કોંગ્રેસની વોટબેન્કમાં ગાબડું પાડ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઘણાં લઘુમતી ઉમેદવારો વિજયી બન્યા છે. હવે કોંગ્રેસની વોટબેન્કમાં ગાબડું પાડવાનું મોડેલ હવે દેશ લેવલે અમલ કરવામાં આવે તો નવાઈ નહીં.

અમદાવાદ જિલ્લામાં ભાજપે વિરમગામ, ધોળકા, બારેજા નગરપાલિકા ઉપરાંત સાણંદ, ધંધુકા તાલુકા પંચાયતમાં કુલ 9 મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી. આ ઉપરાંત વડોદરા જિલ્લામાં ભાજપે ડભોઈ અને સાવલી પાલિકા સહિત અન્ય સ્થળોએ કુલ 19 મુસ્લિમ ઉમેદવારોને ચૂંટણી મેદાને ઉતારાયા હતા. કરજણ અને પાદરામાં પણ લઘુમતી ઉમેદવારોને ચૂંટણી લડવા ભાજપે તક આપી હતી. ભાજપે રાજ્યભરમાં નગરપાલિકા અને તાલુકા પંચાયત સ્તરે થઈને કુલ 270થી વધુ લઘુમતી ઉમેદવારોની પસંદગી કરી હતી. અમદાવાદ, વડોદરા, સુરત સહિત અન્ય મહાનગરપાલિકામાં ભાજપે એક પણ લઘુમતી ઉમેદવારને ટિકિટ આપી ન હતી પણ નગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતમાં ટિકિટ આપવાનો ભાજપે પ્રયોગ કર્યો હતો.

ધોળકા, સિદ્ધપુર, શહેરા, ઉના, કડી, ઈડર, સિક્કા, ભુજમાં પણ ભાજપે લઘુમતી ઉમેદવારોની પેનલ ચૂંટણી મેદાને ઉતારી હતી. આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે નગરપાલિકા અને તાલુકા પંચાયત સ્તરે થઈને કુલ મળીને 250થી વધુ લઘુમતી ઉમેદવારોને કેસરિયો ખેસ પહેરાવી ચૂંટણી લડાવી હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આપણી ગુજરાતની પ્રજા નકારાત્મકતાને ક્યારેય સ્વીકારતી નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસના વિઝન તથા સપનાઓને આગળ વધારવા માટે નાગરિકોએ મોટું સમર્થન જાહેર કરી દીધું છે. ભારતીય જનતા પાર્ટીએ પહેલા દિવસથી ટીમવર્ક કરીને જે પ્રવાસ કર્યો એનું આ સ્પષ્ટ અને સચોટ પરિણામ છે.

વડા પ્રધાન મોદીએ પણ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું હતું કે, ગુજરાત અને ભાજપ વચ્ચેના સંબંધ હવે વધારે ગાઢ અને અખંડ બન્યા છે. રાજ્યભરમાં યોજાયેલી મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપને મળેલા પ્રચંડ જનસમર્થન અને જનાદેશ બદલ ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.



## ગુજરાતની 10 જેટલી મહાનગર પાલિકામાં કોંગ્રેસનું વિપક્ષી નેતાનું પદ જોખમમાં મૂકાઈ ગયું

ગુજરાતની 15 મહાનગર પાલિકાઓની ચૂંટણીમાં ભાજપને માત્ર બહુમતિ મળી નથી પરંતુ, કોંગ્રેસને એટલો કારમો પરાજય મળ્યો છે કે 15 પૈકી 10 મહાપાલિકામાં લોકસભાના 'માવળંકર રૂલ 'તરીકે જાણીતા નિયમનું ચૂસ્ત અર્થઘટન કરાય તો વિરોધપક્ષના નેતાનું સત્તાવાર પદ પણ મળી શકે તેમ નથી. ઈ.સ. 1951માં લોકસભાના પ્રથમ અધ્યક્ષ જી.વી.માવળંકરે એવો નિયમ જાહેર કર્યો હતો કે વિરોધપક્ષના નેતા (લીડર ઓફ ઓપોઝીશન) ની માન્યતા મેળવવા વિરોધપક્ષે કમસેકમ લોકસભાની કૂલ બેઠકોના 10 ટકા બેઠક મેળવવી જોઈએ. એટલે કે 543 બેઠકમાં 55 બેઠક મળે તો જ આ પદ મળી શકે.રાજકોટમાં 1995માં કૂલ 60 બેઠકોમાં ભાજપને 59 અને કોંગ્રેસને માત્ર 1 બેઠક છતાં વિપક્ષી નેતાનું પદ અપાયું પરંતુ, ગત ઈ.સ. 2021-26ની ટર્મમાં કોંગ્રેસને 72માંથી 4 બેઠક મળતા આ પદ આપવાનો વિરોધ વચ્ચે ધસીને ઈન્કાર કરાયો હતો અને ઓફિસ, વાહન પરત લઈ લેવાયા હતા. મહાપાલિકામાં મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિ ચેરમેન ઉપરાંત તાજેતરના વર્ષોમાં શાસકપક્ષના નેતા,દંડકને કાર,ઓફિસ સહિત સુવિધા પ્રજાના ખર્ચે અપાય છે તે રીતે વિરોધપક્ષને પણ અલગ ઓફિસ, સ્ટાફ, મનપાના ખર્ચે સત્તાવાર વાહન, ભથ્થા વગેરે સુવિધા અપાતી હોય છે.

> વિરોધપક્ષને મહાપાલિકામાં અલગ ઓફિસ, સ્ટાફ, વાહન સહિત સુવિધા અપાતી હોય છે

## વિપક્ષને મત આપશો તો કામ નહીં થાય : ચૂંટણીમાં ભાજપની આ 'ધમકી'એ પલટી નાંખી બાજી

ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપના નેતાઓ અને ઉમેદવારોએ મતદારોને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'સરકાર અમારી છે, એટલે કામ પણ અમારે જ કરવાના છે.' જો વિપક્ષને મત આપશો તો તે એળે જશે અને વિકાસના કામો અટકી પડશે તેવી રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રકારની રણનીતિને કારણે મતદારોમાં એક પ્રકારનો ફાળ પેસી ગયો અને અંતે ભાજપની જીતનો માર્ગ મોકળો થયો હતો. બીજી તરફ, આ ચૂંટણીમાં મોંઘવારી અને બેરોજગારી જેવા રાષ્ટ્રીય કક્ષાના જ્વલંત મુદ્દાઓ સાવ ગૌણ બની ગયા હતા. શાસક પક્ષે રાષ્ટ્રીય પ્રશ્નોને બદલે સ્થાનિક મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું અને મતદારોને પાયાની સુવિધાઓ આપવાની ખાતરી આપી હતી. આ વ્યૂહરચના મતદારોના મનને સીધી રીતે સ્પર્શી ગઈ, જેના કારણે મોટા મુદ્દાઓ બાજુએ રહી ગયા અને સ્થાનિક પ્રશ્નોના નિરાકરણની આશાએ જનતાએ ભાજપના પક્ષમાં ભારે મતદાન કર્યું. નેતાઓ અને કાર્યકરોએ મતદારોનું દબાણ અને ડરની રાજનીતિ સાથે મતદારોનું બ્રેઈન વોશ કર્યું હતું. જેમાં તેમને એક રીતે થોડા ડરાવ્યા હતા કે, વિપક્ષને મત ના આપશો, વિપક્ષને મત આપીને શું કરશો. કારણ કે, વિપક્ષ જીતશે તો છેવટે કામ કોણે કરવાનું છે. સરકાર તો અમારી જ છે અને કામ તો છેવટે અમારે જ કરવાનું છે, તેથી ભાજપને જ મત આપજો નહીં તો વિપક્ષને આપેલો તમારો મત એળે જશે. તો કેટલાક વિસ્તારોમાં ભાજપના નેતાઓ અને સ્થાનિક આગેવાનોએ મતદારોને સરકારની ગ્રાંટમાંથી કામો નહીં કરવા સુધીની ચીમકીઓ આપી હતી.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે આપને મોટો ફટકો, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કારમી હાર

ગાંધીનગર: ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. જોકે, આ ઉપરાંત રાજકીય વર્તુળમાં આમ આદમી પાર્ટીની હારની ચર્ચાએ જોર પકડયું હતું. જેમાં આમ આદમી પાર્ટીએ વર્ષ 2021ની ચૂંટણીમાં સુરત કોર્પોરેશનમાં 27 બેઠકો પર વિજય મેળવ્યો હતો. જે આ વખતની ચૂંટણીમાં માત્ર ચાર બેઠક પૂરતો મર્યાદિત રહ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આમ આદમી પાર્ટી માટે નિરાશાજનક રહ્યા છે. જેમાં વિસાવદર તાલુકા પંચાયતને બાદ કરતા તેનો દેખાવ અપેક્ષા કરતાં ખરાબ રહ્યો હતો. તેમજ પાર્ટી એક નગરપાલિકા પણ ના જીતી શકી. 15 મ્યુનિસિપલ કોર્પોરેશનોની 1044 બેઠકોમાંથી AAP એ ફક્ત 6 બેઠકો જીતી છે. 84 મ્યુનિસિપલ કોર્પોરેશનોની 2030 બેઠકોમાંથી, ફક્ત 18 બેઠકો જીતી. 34 જિલ્લા પંચાયતોની 1090 બેઠકોમાંથી 57 બેઠકો પર વિજય મેળવ્યો છે. તેમજ 260 તાલુકા પંચાયતોની 5234 બેઠકોમાંથી AAP એ 395 બેઠકો જીતી છે. આ આંકડા સ્પષ્ટ કરે છે આપનું પ્રદર્શન મર્યાદિત વિસ્તારોમાં જ રહ્યું છે. તેમજ તેનો મુખ્ય વિપક્ષી દળ બનવાનો દાવો પોકળ સાબિત થયો છે.

> રાજ્યની 84 મ્યુનિસિપલ કોર્પોરેશનોની 2030 બેઠકોમાંથી ફક્ત 18 જ બેઠકો જીતી

# ગુજરાતમાં ભાજપે 90 ટકા બેઠકો જીતી, વિપક્ષો 10 ટકામાં સમેટાયા

## 15 મહાનગરપાલિકાની 1,044 બેઠકમાંથી 937 બેઠક ભાજપે જીતી, સુરત મનપામાં ભાજપે 115 અને અમદાવાદમાં 160 બેઠક જીતી

**અમદાવાદ**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપે 90 ટકા બેઠકો જીતી છે. જ્યારે વિપક્ષો 10 ટકામાં સમેટાયા છે. રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની ચૂંટણી પરિણામો જાહેર થઈ રહ્યા થયા હતા. આ બેઠકોમાંથી 736 બેઠક ચૂંટણી પહેલા જ બિનહરિફ જાહેર થઈ હતી.



આજે જાહેર થયેલા પરિણામોમાં તમામ 15 મહાનગરપાલિકામાં ભાજપનો વિજય થયો હતો. ગાંધીધામ, રાજકોટ, મોરબી, જામનગર, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, મહેસાણા વડોદરા, સુરત, આણંદ, નડિયાદ, નવસારી અને વાપીમાં 15 મહાનગરપાલિકાની કુલ 1,044 બેઠકમાંથી 937 બેઠક ભાજપે જીતી હતી અને 95 કૉંગ્રેસના ફાળે ગઈ હતી. જ્યારે અન્યને 12 બેઠક મળી હતી.

સુરતનું પરિણામ આપ માટે ઝટકા સમાન હતું કારણ કે ગત ચૂંટણીમાં પક્ષે 27 બેઠક મેળવી હતી. જ્યારે ભાજપનો ગ્રાફ વધીને 93થી 115 સુધી ગયો છે. ગુજરાતના સૌથી મહત્વના ગણાતા શહેર અમદાવાદમાં પણ ભાજપે સત્તા જાળવી રાખી છે. જેમાં 192 બેઠકમાંથી ભાજપની 160 અને કૉંગ્રેસની 32 બેઠક પર જીત મેળવી છે.

### 84 નગરપાલિકામાં 78માં ભાજપની જીત નોંધાઈ

આ ઉપરાંત રાજ્યમાં 84 નગરપાલિકાની 2624 બેઠકની ચૂંટણીના પરિણામો પણ જાહેર થયા હતા. જેમાં 1976 પર ભાજપનો ભગવો લહેરાયો છે, જ્યારે કૉંગ્રેસ 484 બેઠક પર જીત મેળવી શકી છે તો 164 બેઠક અન્ય પક્ષોને ફાળે ગઈ છે. કુલ 78 નગરપાલિકા પર ભાજપની જીત નોંધાઈ હતી જ્યારે 6 પર કૉંગ્રેસને જીત મળી છે.

### 34 જિલ્લા પંચાયતોમાંથી 33માં ભાજપનો વિજય

34 જિલ્લા પંચાયતોની 1090 બેઠકમાં 890 બેઠક પર ભાજપ, કૉંગ્રેસ 136 અને અન્ય પક્ષોને ફાળે 62 બેઠક મળી છે. જેમાં 33 પર ભાજપે જીત મેળવી છે જ્યારે એક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે.

### તાલુકા પંચાયતમાં 260 બેઠકમાંથી 253 પર ભાજપ

તેમજ 260 તાલુકા પંચાયતની 5234 બેઠકના પરિણામો અંગે મળતા આંકડા અનુસાર ભાજપ 3524, કૉંગ્રેસ 999 અને અન્ય પક્ષોને ફાળે 471 બેઠક ગઈ હતી. 260 બેઠકમાંથી 253 પર ભાજપનો ભગવો લહેરાયો છે જ્યારે સાત બેઠક આપ અને કૉંગ્રેસને મળી છે.

### અમદાવાદના 30 હજારથી વધુ નાગરિકોએ NOTAનું બટન દબાવ્યું

અમદાવાદ શહેરના 30 હજારથી વધુ નાગરિકોએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર 'નોટા' (NOTA)નું બટન દબાવીને તમામ ઉમેદવારો પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. આ આંકડો સૂચવે છે કે મતદારો હવે માત્ર પક્ષના નામે નહીં પણ ઉમેદવારની ગુણવત્તાના આધારે મતદાન કરવા માંગે છે.વર્ષ 2021માં 19.65 લાખ મતદાનમાંથી 25245 મત નોટામાં પડયા હતા. જ્યારે આ વખતે 19.69 લાખમાંથી 30883 મત નોટામાં પડ્યા છે. શહેરના રાણીપ, વસ્ત્રાલ અને થલતેજમાં સૌથી વધુ અસંતોષ જોવા મળ્યો છે. જ્યારે દરિયાપુરમાં સૌથી ઓછા 340 જ મત નોટામાં ગયા છે. થલતેજ વોર્ડમાં સૌથી વધુ 970 મતદારોએ નોટા પસંદ કર્યું છે. આમ પાર્ટીઓએ પસંદ કરેલા ઉમેવારોને લોકો નોટા આપીને ના પંસદ કર્યા હતા.



### ગોધરા નગરપાલિકામાં પ્રથમ વાર ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે સત્તા મેળવી

ગુજરાતના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પરિણામોએ અનેક નવા સમીકરણો ઉમેર્યા છે. જેમાં ગોધરા નગરપાલિકામાં પ્રથમ વાર ભાજપે પૂર્ણ સત્તા મેળવી છે. ભાજપે આ વખતે સ્પષ્ટ બહુમતી મેળવીને વિપક્ષને હાર આપી છે. ગોધરા નગરપાલિકાના કુલ 11 વોર્ડની 44 બેઠકો માટે જંગ જામ્યો હતો. જેમાં ભાજપે માત્ર 7 વોર્ડ પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા. જેમાં ભાજપનો 27 બેઠક પર વિજય થયો હતો. જ્યારે 17 બેઠક પર અપક્ષ ઉમેદવારોનો વિજય થયો હતો. ગોધરામાં મહત્વની બાબત એ છે કે,કોંગ્રેસનું ખાતું ખૂલ્યું નથી. તેમજ વિકાસના મુદ્દા અને મજબૂત વ્યૂહ રચનાને કારણે ભાજપ પ્રથમ વાર આ પાલિકામાં સ્પષ્ટ બહુમતી સાથે સત્તા સંભાળશે. ગોધરા શહેરમાં પ્રથમ વાર હિંદુ મહિલાએ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં જીત મેળવી છે.

## અમિત ચાવડાના ગઢમાં કમળ ખીલ્યું, ભાજપને સફળતા મળતા 'આણંદોત્સવ'

**આણંદ**

મધ્ય ગુજરાતની ચાર મહાનગર પાલિકા, 11 જિલ્લા, 85 તાલુકા પંચાયત અને 28 નગરપાલિકાનું પરિણામ આવી ચૂક્યું છે. ઉમરેઠ નગરપાલિકામાં 28 બેઠકમાંથી 24 બેઠક પર ભાજપને સફળતા મળી છે. આણંદ જિલ્લાને કોંગ્રેસના કદાવર નેતા અમિત ચાવડાનો ગઢ માનવામાં આવે છે. કોંગ્રેસ આ ગઢને બચાવી શકી નથી. આણંદ મહાનગર પાલિકામાં કુલ 52માંથી 13 બેઠક પર ભાજપને સફળતા મળી છે. નગરપાલિકાની વાત કરવામાં આવે તો બારેજા, વિરમગામ, ધોળકા, ઉમરેઠ અને બોરસદ આ તમામ જગ્યાઓ પર કોંગ્રેસને એક બેઠક પણ મળી નથી. આમ આદમી પાર્ટીને બોરસદમાં એક બેઠક મળી છે. મધ્ય ગુજરાતમાં આવેલી જુદી જુદી નગરપાલિકામાં કોંગ્રેસના ચિત્ર પર ફોક્સ કરીએ તો 144 બેઠક પર વિજય પ્રાપ્ત થયો છે જ્યારે ભાજપને કુલ 507 બેઠક પર સફળતા પ્રાપ્ત થઈ છે. આમ મધ્ય ગુજરાતમાં કોંગ્રેસનો એક સમયે જે દબદબો હતો એ હવે ઓસરી રહ્યો છે.

કરમસદ અને આસોદરમાંથી મતદાનના આગલા દિવેસ ધીંગાણું થયું હતું. મારામારી અને હિંસાની ઘટનાને કારણે આણંદની આસપાસના વિસ્તારમાં મતદાન પહેલા જ સ્થિતિ સંવેદનશીલ બની ગઈ હતી. આની અસર ક્યાંય થઈ હોવાનું રાજકીય નિષ્ણાંતો માને છે. આણંદમાં જ્યારે નગરપાલિકા હતી એ સમયે પણ ભાજપનું પલડું ભારે રહ્યું હતું.

## ખાડિયામાં 70 વર્ષમાં પહેલી વખત કોંગ્રેસ જીતી, ભાજપને આડેધડ બાંધકામો નડ્યા

**અમદાવાદ**

અમદાવાદના ખાડિયામાં કોંગ્રેસની આખી પેનલે ઐતિહાસિક ક્લિન સ્વિપ કરતા રાજકીય ગલિયારાઓમાં સન્નાટો છવાઈ ગયો છે. કોંગ્રેસના ચારેય ઉમેદવારો–મીના નાયક, બિરજુબહેન ઠક્કર, ધ્રુવ કલાપી અને મોહમ્મદ ઈલિયાસ પઠાણ–ભવ્ય વિજય મેળવીને આ બેઠક પર કબજો જમાવી લીધો છે. નિષ્ણાંતોના મતે, ખાડિયા વિસ્તારમાં વધી રહેલા આડેધડ કર્મશિયલ બાંધકામો સામે સ્થાનિકોનો વિરોધ હતો. 'ખાડિયા બચાવો' આંદોલન શરૂ થયું હતું. ખાડિયા વિસ્તારમાં સ્થિતિ કંટ્રોલ કરવા માટે ભાજપે પૂર્વ ડેપ્યુટી મેયર સહિતના મોટાકદના નેતાઓને ઊતાર્યા હતા.

### 'ખાડિયામાં ઉમેદવાર પસંદગીમાં પાર્ટીની ભૂલ, મને પૂછ્યું જ નહીં : ભૂષણ ભટ્ટ

પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે ખાડિયાની હારનું ઠીકરું ભાજપ પ્રદેશ નેતાગીરી પર ફોડ્યું હતું. તેમનો આક્ષેપ છે કે, ખાડિયામાં ઉમેદવારોની પસંદગીમાં પક્ષે ભૂલ કરી છે અને અમારું પૂછ્યું જ નથી. ખાડિયા બેઠકમાં ભાજપની હાર ચર્ચાનો વિષય બની રહી છે. બેઠક ગુમાવતા પ્રદેશ નેતાગીરી જ નહીં, દિલ્હી હાઈકમાન્ડે પણ ગંભીર નોંધ લીધી છે. દરમિયાન પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે હાર માટે પ્રદેશ નેતાગીરીને જવાબદાર ઠેરવતા કહ્યું કે, ઉમેદવાર નક્કી કરતી વખતે પાર્ટીએ મારો અભિપ્રાય જ લીધો ન હતો.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ક્યાં થયા 'મેજર અપસેટ': કયા જાણીતા ચહેરા હાર્યા અને જીત્યા?



રાજકોટમાંથી RJ આભાને કોંગ્રેસે ટિકિટ આપી હતી પણ પ્રજાએ આશીર્વાદ ન આપતા હારનો સામનો કરવો પડ્યો છે. લોકપ્રિયતા હંમેશા મતમાં ફેરવાય તે જરૂરી નથી. માયાભાઈ આહીરના દીકરી ભાજપ ઉમેદવાર સોનલ ડેરની ચાવંડ બેઠક પરથી હારી ગયા છે. એમની સામે કોંગ્રેસના શાંતિબેન ડેરની જીત થઈ છે. ક્રિકેટર જાડેજાના બહેન નયનાબા જાડેજા કોંગ્રેસમાંથી હારી ગયા છે.

કરપડા : ખેડૂત નેતા તરીકે જાણીતા રાજુ કરપડા ભાજપમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટીને અલવિદા કરીને તેઓ ભાજપમાં આવ્યાના બીજા જ દિવસે એમને ટિકિટ મળી હતી. 2533 મતથી તેઓ વિજેતા થયા હતા. જામનગર જિલ્લા જેલમાં રહેલા ગુજસીટોકના બે આરોપી અલતાફ ખફી કોંગ્રેસમાંથી વિજયી બન્યા તો અસલમ ખિલજી આમ આદમી પાર્ટીમાંથી વિજયી બન્યા છે. આ ચૂંટણીમાં સૌથી અનોખો કિસ્સો વોર્ડ નંબર 12 માં જોવા મળ્યો છે. અહીં જનતાએ જેલમાં રહેલા બે એવા ઉમેદવારોને વિજયી બનાવ્યા છે. જામનગર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા પણ પોતાની સુરક્ષિત ગણાતી વોર્ડ નંબર 1 ની બેઠક બચાવી શક્યા નથી. વૉર્ડ નં.1માં પહેલીવાર આખી પેનલ ભારતીય જનતા પાર્ટીની ચૂંટાઈને આવી છે.

આ સિવાય ભૂપત ભાયાણીની પણ આ ચૂંટણીમાં મોટી હાર થઈ છે. આપના પ્રદેશ મહામંત્રી અને સંગઠનના પાયાના નેતા ગણાતા મનોજ સોરઠીયાને વોર્ડ નંબર 4 માં હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપની આખી પેનલ (હેતલ પરમાર, હંસા ગજેરા, અરવિંદ કાકડીયા અને મહેશ કાકડીયા) એ અહીં ભવ્ય વિજય મેળવ્યો છે.મનપાના વિરોધ પક્ષના નેતા પાયલ સાકરીયાની વોર્ડ નંબર 16 માં હાર થઈ છે. અહીં ભાજપે 'આપ' પાસેથી સીટો છીનવીને આખી પેનલ જીતી લીધી છે. અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળની AIMIM એ પસંદગીના વિસ્તારોમાં જીત મેળવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. ખાસ કરીને ભાજપનો ગઢ કહેવાતા કચ્છના ભુજ અને દક્ષિણ ગુજરાતના ભરૂચમાં પક્ષે શાનદાર દેખાવ કરી પોતાનું ખાતું ખોલાવ્યું છે.



બગસરા : તાલુકા પંચાયતમાં આપને પહેલીવાર સફળતા મળી છે. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાના ગઢમાં જસદણમાં આમ આદમી પાર્ટીએ તાલુકા પંચાયતની 6 બેઠક પર સફળતા પ્રાપ્ત કરી. તો રાજકોટ પાસેના મોવિયા બેઠક પર આમ આદમી પાર્ટીના આરતીબેન જેતાણીને મોટી સફળતા પ્રાપ્ત થઈ. રાજકોટ જિલ્લા પંચાયતની 36માંથી 34 બેઠક પર ભાજપને સફળતા મળી છે.

# વડોદરામાં જંગી બહુમતી બાદ હવે ભાજપ ગદ્દારોને પાઠ ભણાવશે

## ચૂંટણીના પરિણામો બાદ વડોદરા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને મહામંત્રીના રાજીનામા

**વડોદરા**

વડોદરા જિલ્લામાં જંગી બહુમતી મળ્યા બાદ ભાજપના આગેવાનો હવે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે પગલાં લેવા કાર્યવાહી હાથ ધરનાર છે.તો બીજીતરફ કોંગ્રેસની છાવણીમાં સન્નાટો છવાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ,વિજયોત્સવ મનાવવાની સાથેસાથે વડોદરા જિલ્લા ભાજપમાં નિષ્ક્રિય રહેલા અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરાનાર છે. વડોદરા જિલ્લાના પ્રભારી ડૉ.ઋત્વિક પટેલે દરેક તાલુકાઓમાંથી પક્ષ વિરોધી કામો કરનારાના નામો તૈયાર રાખવા કહ્યું છે.આ ઉપરાંત માત્ર સંગઠનના હોદ્દા લઈને ચૂંટણીમાં કાર્યકરો વચ્ચે નહિ ગયેલા હોદ્દેદારોની પણ હકાલપટ્ટી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. બીજીતરફ વડોદરા જિલ્લામાં આજે ચૂંટણીના પરિણામો જાહેર થતાં કોંગ્રેસમાં સોપો પડી ગયો છે.વડોદરા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ જશપાલસિંહ પઢિયાર અને જિલ્લા કોંગ્રેસના સંગઠન મહામંત્રી અને લીગલ સેલના ચેરમેન હિતેન્દ્ર દેસાઈએ તેમના હોદ્દા પરથી રાજીનામા આપી દીધા છે.

## સુરતમાં AAPનાં 77, કોંગ્રેસના 95 ઉમેદવોરાની ડિપોઝીટ ડૂલ

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં કુલ 120 બેઠકો ઉપર 483 ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. જે પૈકી ગઈકાલે જાહેર થયેલા પરિણામમાં ભાજપનાં 115, આમ આદમી પાર્ટીના 4 અને કોંગ્રેસનાં 1 ઉમેદવાર જીત્યા હતા. જેને પગલે કોંગ્રેસનાં કુલ 117 ઉમેદવારો પૈકી 95 ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો. આમ આદમી પાર્ટીના કુલ 111 ઉમેદવારો પૈકી 77 ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી હતી. જયારે અપક્ષ અને અન્ય રાજકીય પક્ષનાં ઉમેદવાર તરીકે દાવેદારી કરનારા તમામ 135 ઉમેદવારો વિજેતા ઉમેદવાર કરતા સરેરાશ લોક ચતુર્થાંશ મત મેળવી શક્યા ન હોવાથી ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર સાથે ભરેલી ડિપોઝીટ પરત મેળવી શકશે નહી. સાથે જ તેમણે નાલોશીભરી હારનો પણ સ્વાદ ચાખવો પડયો હતો.

## મહેસાણા ભાજપ કાર્યાલયમાં સેવા આપનાર રમેશભાઈ બન્યા કોર્પોરેટર

મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે છેલ્લા 28 વર્ષથી પટાવાળા તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપતા રમેશભાઈ ભીલ હવે કોર્પોરેટર બન્યા છે. ભાજપે તેમને વોર્ડ નંબર-૧૩ માંથી ટિકિટ આપી હતી, જ્યાં રમેશભાઈ સહિત ભાજપની આખી પેનલનો ભવ્ય વિજય થયો છે. લગભગ ત્રણ દાયકાથી પક્ષના કાર્યાલયમાં પાયાનું કામ કરનારા એક સામાન્ય કાર્યકરને નગરના પ્રતિનિધિ તરીકે ચૂંટી કાઢીને ભાજપે પક્ષ પ્રત્યેની સમર્પિતતાની કદર કરી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.જ્યારે રમેશભાઈને ભાજપે ઉમેદવાર બનાવ્યા ત્યારે તેમણે પક્ષનો આભાર માનતા જણાવ્યું હતું કે, ૨૮ વર્ષથી ભાજપ કાર્યાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેમના કામની કદર કરવા બદલ તેઓ પક્ષના અત્યંત ઋણી છે. આ ઘટના અન્ય કાર્યકરોમાં દાખલરૂપ બની છે.

## અમદાવાદમાં ભાજપનાં મૂળ પાકિસ્તાની ઉમેદવાર જીત્યા



બાપુનગર અને સરસપુરમાં ભાજપની પેનલ તૂટી હતી. અમદાવાદના સરદારનગરમાં ભાજપનાં મૂળ પાકિસ્તાની ઉમેદવાર વિજેતા થયા હતા. મૂળ પાકિસ્તાનના સિંધમાં જન્મેલા અને 1990માં હિજરત કરીને અમદાવાદમાં આવીને વસેલા ડિમ્પલ વરિન્દાનીનો સરદારનગર વોર્ડમાં ભાજપના ઉમેદવાર તરીકે વિજય થયો હતો. પાકિસ્તાનથી હિજરત કરીને આવ્યાના 22 વર્ષ બાદ તેમને ભારતીય નાગરિકતા મળી હતી. જેના લીધે પાકિસ્તાનથી હિજરત કરીને આવનારા લોકોને નાગરિકતા અપાવવા માટે વર્ષ 2016થી કાર્યરત છે. અત્યાર સુધી અમદાવાદમાં 4500 સહિત રાજ્યમાં 6000 જેટલા પાકિસ્તાનીઓને તેમણે નાગરિકતા અપાવી છે. ડિમ્પલ વરિન્દાનીને 19606 મત મળ્યા હતા.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ભાવનગરમાં 1995થી ભાજપ : કોંગ્રેસને ન નફો, ન નુકસાન

## 2021નું પુનરાવર્તન, ભાજપને સત્તાનું સુકાન પણ સીટમાં વધારો નહીં, કોગ્રેસને માત્ર 8 જ બેઠકો મળતાં સન્નાટો

**ભાવનગર**

ભાવનગર કોર્પોરેશનમાં ૧૯૯૫થી ભાજપની શરૂ થયેલી વિજય યાત્રાને કોંગ્રેસ રોકી શકી નથી. અપરાજીત ભાજપે ભલે સાતમી વખત સત્તાનું સુકાન સંભાળશે પણ બેઠકો વધવાની આશા ઉપર મતદારોએ ઠંડું પાણી ફેરવી દીધું છે.

ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૫૪.૮૪ ટકા મતદાન થયું હતું. કુંભારવાડા વોર્ડના કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ અમાન્ય રહેતા આ વોર્ડમાં પેનલનું પુનરાવર્તન થવાની સંભાવના હતી. પીરછલ્લા વોર્ડમાં કોંગ્રેસના મહિલા ઉમેદવારે રણછોડ બની ફોર્મ પાછું ખેંચી લીધું હતું. જેના કારણે ભાજપને ટક્કર આપવા કોંગ્રેસના માત્ર ૫૦ ઉમેદવારો જ મેદાનમાં રહ્યા હોય, બીએમસીની સત્તામાં ભાજપનું સંખ્યાબળ વધશે તેવું લાગી રહ્યું હતું. પરંતુ આજના ચૂંટણી પરિણામોએ ૨૦૨૧નું પુનરાવર્તન કર્યું છે. ગત ટર્મમાં ભાજપને ૪૪ બેઠક મળી હતી. તેટલી જ બેઠક ૨૦૨૬ની ચૂંટણીમાં મળી છે. ૪૪ બેઠક સાથે આગામી પાંચ વર્ષ સુધી ભાજપ બહુમતીના જોર સત્તા ચલાવશે. બીજી તરફ ૨૦૨૧ની ચૂંટણીમાં ૧૦ સીટની ખોટ ખાનારી કોંગ્રેસ પાર્ટીને ગત ટર્મનું નુકસાન ભરપાઈ થશે તેવું આશા હતી. પરંતુ કોંગ્રેસને આ ચૂંટણી ન નફો, ન નુકસાન બનીને રહી છે. ગત ટર્મ જેટલી જ આઠ બેઠક આ ચૂંટણીમાં પણ મેળવી કોંગ્રેસે સંતોષ માન્યો છે. કોર્પોરેશનમાં કોંગ્રેસ બેઠી નથી થઈ શકતું તેનું કારણે જનતાનો મજબૂત અવાજ બનવામાં કચાસ છે. ત્યારે ૨૦૨૬ના જનાદેશને તો કોંગ્રેસ બદલી નહીં શકે પરંતુ ૨૦૩૧ માટે આંતરિક ટાંટિયાખેંચ બંધ કરી અત્યારથી જ આત્મમંથન કરવાની તાતિ જરૂરત છે.

## કેશોદમાં ભાજપ-AAP વચ્ચે 'ટાઈ' થઈ ગઈ, ચિઠ્ઠી ઉછાળતા 'ઝાડુ'એ બાજી મારી લીધી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬માં એક અત્યંત રસાકસીભર્યો અને અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક મતની કિંમત અને નસીબનો અદભૂત ખેલ જોવા મળ્યો હતો. જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકા પંચાયતની મોટી ઘસારી બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જામી હતી અને અંતે બંને ઉમેદવારોને એકસરખા મત મળતા પરિણામ 'ટાઈ' થયું હતું. આ પરિસ્થિતિમાં વિજેતા નક્કી કરવા માટે ચૂંટણી અધિકારીઓ દ્વારા ચિઠ્ઠી ઉછાળીને નિર્ણય લેવામાં આવતા આમ આદમી પાર્ટીના ઉમેદવારનું નસીબ ચમક્યું હતું અને ચિઠ્ઠી દ્વારા તેમની જીત જાહેર કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં આમ આદમી પાર્ટીને ખૂબ મોટી જીત મળી હતી. ડુંગરપુર જિલ્લા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રેખાબેન કાળાભાઈ ભાદરકા 7510 મતોથી જીત્યા છે, વિસાવદરની કાલસારી બેઠક પર આમ આદમી પાર્ટીના નેતા રાજેશભાઈ કાનજીભાઈ પાટડીયાની 7869 મત સાથે વિજયી થયા છે. ભેંસાણ બેઠક પર ભૂપત ભાયાણીની હાર થઈ હતી, ત્યારે આમ આદમી પાર્ટીના દિલસુખભાઈ વલ્લભભાઈ રૂપારેલીયાને 8892 મતો મળ્યા હતા.




## રાજકોટમાં ભાજપને 'જંગલેશ્વર ડિમોલેશન' નડી ગયું, પેનલ હારી

રાજકોટમાં ભાજપને એક મોટો ફટકો પડ્યો છે. મહાનગર પાલિકા વોર્ડ નંબર 16માં ભાજપને ચાર બેઠકો ગુમાવવાનો વારો આવ્યો છે, કારણ કે આ વોર્ડમાં ભાજપને જંગલેશ્વર ડીમોલેશન નડી ગયું છે. ગત ચૂંટણીમાં જે વોર્ડ ભાજપે કબજો કર્યો હતો તે વોર્ડમાં આ વખતે કોંગ્રેસની આખી પેનલની જીત થઈ છે. થોડા મહિના પહેલા રાજકોટમાં સૌથી મોટું અને સંવેદનશીલ ગણાતું ડિમોલિશન ઓપરેશન જંગલેશ્વરમાં શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં 1500થી વધારે ગેરકાયદે અતિક્રમણો તોડી પાડવામાં આવ્યા હતા. કોર્પોરેશન દ્વારા આ ઓપરેશન માટે 260થી વધુ વાહનો લગાવવામાં આવ્યા હતા. જેમાં 64 જેસીબી, 7 હિટાચી, 90 ટ્રેક્ટર, 90 બ્રેકર, 50 ગેસ કટર અને 42 ડમ્પર સામેલ હતા. આ સમયે ખૂબ જ ઉહાપોહ મચ્યો હતો, આ મુદ્દો છેક હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો.

## સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં ચાલ્યો AAPનો જાદુ



સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં આમ આદમી પાર્ટીએ ફરી એક વખત સારો દેખાવ કર્યો હોય તેમ લાગી રહ્યું છે. બગસરામાં તાલુકા પંચાયત બેઠક પર AAPના ઉમેદવારનો વિજય થયો છે. બગસરા તાલુકા પંચાયતની આ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર દકુભાઈ ગાજીપરાએ ભવ્ય વિજય હાંસલ કર્યો છે. આ વિજયને પાર્ટી માટે માત્ર એક બેઠકની જીત નહીં, પરંતુ સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારમાં પાર્ટીના વિસ્તારનું મજબૂત સંકેત માનવામાં આવી રહ્યો છે.બગસરા તાલુકામાં દકુભાઈ ગાજીપરાની જીતને પાર્ટીના કાર્યકર્તાઓ ખૂબ જ ઉત્સાહથી ઉજવી રહ્યા છે.

### ક્યાં ક્યાં AAP ની થઈ જીત

- હળવદ તાલુકા પંચાયત બેઠક પર આપની જીત
- સલાયામાં આમ આદમી પાર્ટીનું જોરદાર પુનરાગમન
- ભેનકવાડ અને ચોખંડા બંને બેઠકો પર આમ આદમી પાર્ટીની જીત
- મેંદરડા તાલુકા પંચાયત બેઠક પર આપના ઉમેદવારની જીત
- મેંદરડાની આલીદ્રા સીટ ઉપર આપના ઉમેદવારનો ભવ્ય વિજય
- વિસાવદરના બરડીયા તાલુકા પંચાયત પર આપના ઉમેદવારનો વિજય
- હળવદ તાલુકા પંચાયતની ચરાડવા બેઠક પર આપના ઉમેદવારની જીત

## ભેંસાણમાં ગજબ ખેલ! તાલુકા પંચાયતમાં AAPને બહુમતી પણ પ્રમુખ ભાજપના બનશે

અજીબોગરીબ કિસ્સો જૂનાગઢની ભેસાણ તાલુકા પંચાયતમાં જોવા મળ્યો છે. અહીં યોજાયેલી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 16માંથી 13 બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે, જ્યારે સત્તાધારી ભાજપને ફાળે માત્ર 3 બેઠકો જ આવી છે. જોકે, આટલી પ્રચંડ બહુમતી છતાં આપ સત્તાથી વંચિત રહેશે. તેનું મુખ્ય કારણ અનામત બેઠકનું ગણિત છે. ભેસાણ તાલુકા પંચાયતમાં પ્રમુખનું પદ આ વખતે અનુસૂચિત જાતિ (SC) માટે અનામત રાખવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના અનુસૂચિત જાતિના ઉમેદવાર આ ચૂંટણીમાં હારી ગયા છે. જેના કારણે 13 સભ્યો હોવા છતાં તેમની પાસે પ્રમુખપદ માટે કોઈ યોગ્ય ઉમેદવાર બચ્યો નથી. બીજી તરફ, ભાજપના જે 3 ઉમેદવારો જીત્યા છે, તેમાં ભીખાભાઈ મકવાણા અનુસૂચિત જાતિના એકમાત્ર પ્રતિનિધિ છે. કાયદાકીય જોગવાઈ મુજબ, પ્રમુખ તરીકે અનુસૂચિત જાતિના સભ્યને જ બેસાડવા ફરજિયાત હોવાથી, ભાજપના ભીખાભાઈ મકવાણાનો માર્ગ મોકળો બન્યો છે. આમ, જનતાએ ભલે આપને બહુમતી આપી, પણ ટેકનિકલ કારણોસર ભાજપને બેઠાં-બેઠાં લોટરી લાગી છે અને વિપક્ષમાં હોવા છતાં શાસન ભાજપના હાથમાં જશે.



## ગોપાલ ઇટાલિયાના ગઢ વિસાવદર તાલુકા પંચાયતમાં આપની જીત

વિસાવદર બેઠકની તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપને આંચકો લાગ્યો છે. જેમાં તાલુકા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી આમ આદમી પાર્ટીએ 11 બેઠકો જીતી હતી. આ અંગે મળતી માહિતી મુજબ વિસાવદર તાલુકા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી આમ આદમી પાર્ટીએ 11 બેઠકો પર જીત મેળવી હતી. તેની સામે સત્તાધારી ભાજપે માત્ર 06 બેઠક જીતી હતી. જ્યારે 01 બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. તેમજ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ ખાતું પણ ના ખોલાવી શકી. ચૂંટણીઓના પરિણામ જાહેર થઈ ગયા છે. જેમાં આમ આદમી પાર્ટી, અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી, AIMIM સાથે અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીના ઉમેદવારોએ પણ અમુક બેઠકો પર વિજય મેળવ્યો હતો. આ વખતે સમાજવાદી પાર્ટીના ઉમેદવારોએ પોરબંદરની કુતિયાણા અને ખેડાના કઠલાલ બેઠક પર વિજય મેળવ્યો હતો.

# કચ્છમાં ભાજપનો વિજય, કોંગ્રેસ અને આપ ગણતરીની બેઠકો પર સમેટાયા, ભુજ નગરપાલિકામાં 44 બેઠકોમાંથી 22 બેઠકો ભાજપે જીતી

**ભૂજ**

કચ્છમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી-2026ના પરિણામો જાહેર થતા જ સર્વત્ર કેસરીયો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લાની મહાનગરપાલિકા, નગરપાલિકાઓ અને પંચાયતોમાં ભારતીય જનતા પાર્ટીએ વિજય મેળવીને પોતાનું એકહથ્થુ શાસન જાળવી રાખ્યું છે, જ્યારે કોંગ્રેસ અને અન્ય પક્ષોને કારમી હારનો સામનો કરવો પડ્યો છે.ગાંધીધામ મહાનગરપાલિકાની કુલ 52 બેઠકોમાંથી 40 બેઠકો પર ભાજપે વિજય પતાકા લહેરાવી છે.

જ્યારે કોંગ્રેસ માત્ર 11 બેઠકો પર સમેટાઈ ગઈ છે. માંડવી નગરપાલિકામાં તો ભાજપે ઈતિહાસ રચીને વિપક્ષનું ખાતું પણ ખુલવા દીધું નથી અને તમામ 36 બેઠકો પર કબ્જો કર્યો છે. ભુજ નગરપાલિકામાં 44 બેઠકોમાંથી 22 બેઠકો ભાજપે જીતી છે, જ્યારે અહીં 3 બેઠકો અપક્ષના ફાળે ગઈ છે. અંજાર નગરપાલિકામાં 20 અને મુંદરા-બારોઈ તેમજ નખત્રાણા નગરપાલિકાઓમાં પણ ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે.જિલ્લા પંચાયતની 38 બેઠકોમાંથી 33 બેઠકો મેળવીને ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. તાલુકા પંચાયતો માં રાપરમાં 24 બેઠકોમાંથી 21 પર ભાજપનો વિજય થયો છે. નોંધનીય છે કે અહીં 'આમ આદમી પાર્ટીએ માત્ર 1 બેઠક જીતીને પોતાનું ખાતું ખોલાવ્યું છે. ભચાઉ અને અંજાર બંને તાલુકા પંચાયતોમાં ભાજપે અનુક્રમે 16 અને 14 બેઠકો જીતીને વિપક્ષને પછાડ્યો છે.લખપત અને અબડાસા જેવા સરહદી વિસ્તારોમાં પણ ભાજપનો દબદબો રહ્યો છે. લખપતમાં ૯ અને અબડાસામાં ૧૧ બેઠકો સાથે ભાજપ આગળ રહ્યું છે.

### ગાંધીધામ મહાનગરપાલિકામાં 11 બેઠકો મેળવી

નખત્રાણા અને મુંદરામાં પણ ભાજપે કોંગ્રેસને પાછળ છોડીને સત્તા હાંસલ કરી છે.સમગ્ર જિલ્લામાં કોંગ્રેસ માત્ર ભુજ તાલુકા પંચાયતમાં 11 બેઠકો અને ગાંધીધામ મહાનગરપાલિકામાં 11 બેઠકો મેળવી થોડો ઘણો પ્રતિકાર કરી શકી છે. મોટાભાગની બેઠકો પર કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે. આમ આદમી પાર્ટીનો પ્રભાવ સમગ્ર જિલ્લામાં નહિવત રહ્યો છે, સિવાય કે રાપરમાં તેમને એક બેઠક મળી છે.

### અંજાર નગરપાલિકામાં સૌથી વધુ 7 બેઠકો જીતી

આ ચૂંટણી પરિણામોમાં નોંધપાત્ર બાબત એ રહી છે કે અનેક બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે, જેમાં અંજાર નગરપાલિકામાં સૌથી વધુ 7 બેઠકો અને ભુજ નગરપાલિકામાં 6 બેઠકોનો સમાવેશ થાય છે. ભાજપની આ પ્રચંડ જીતને પગલે કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ઠેર-ઠેર વિજય સરઘસો કાઢવામાં આવી રહ્યા છે.



## સંજય દત્તે સરકે ચુનર તેરી ગીતના વિવાદમાં માફી માંગી

સંજય દત્ત અને નોરા ફતેહીનાં ગીત ‘સરકે ચુનર’ના અશ્લીલ શબ્દો અંગે થયેલા વિવાદમાં સંજય દત્તે રાષ્ટ્રીય મહિલા પંચ સમક્ષ હાજર થઈ માફી માગી છે. સંજય દત્તે એક સુધારાત્મક પગલાં તરીકે ૫૦ આદિવાસી બાળકોનાં શિક્ષણનો ખર્ચ ઉપાડવાની બાંહેધરી પણ આપી હતી. સાથેસાથે તેણે ખાતરી આપી હતી કે ભવિષ્યમાં કદી તે મહિલાઓ અને બાળકોના સમ્માનજનક ચિત્રણ માટે ધ્યાન રાખશે. તેણે મહિલા પંચને લેખિતમાં માફી આપતાં કહ્યું હતું કે જો મારાં પરફોર્મન્સથી સમાજના કોઈ વર્ગની લાગણી દૂભાઈ હોય તો પોતે તેના માટે દિલગીર છે. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે કોઈપણ રચનાત્મક સર્જનમાં મહિલાઓનું અપમાન કરી શકાય નહીં.



સ્વદેશ

FRIDAY, 01 MAY 2026

## કાંતારા વિવાદ : રણવીરની માફી સ્વીકારી કેસ બંધ કરવા કોર્ટ સંમત



મુંબઈ : ‘કાંતારા ચેપ્ટર વન’ને લગતા વિવાદમા રણવીર સિંહને આખરે રાહત મળી છે. કર્ણાટક હાઈકોર્ટ તેની સામે થયેલો ફોજદારી કેસ બંધ કરવા માટે સંમત થઈ છે. અદાલતે જણાવ્યું હતું કે તે રણવીરે નવેસરથી આપેલી માફીની નોંધ લઈ આ કેસ બંધ કરવા આદેશ આપશે. અદાલતે સાથે સાથે રણવીરને મૈસુરની પહાડીઓમાં આવેલાં ચામુંડી દેવીનાં મંદિરે જઈ માથું ટેકવી માફી માગવા માટે ચાર સપ્તાહની મહેતલ પણ આપી છે. આ કેસના ચુકાદામાં સેલિબ્રિટીઓને કોઈનીય ધાર્મિક લાગણી નહીં દૂભવવાની ચેતવણી આપવી જોઈએ તેવી મૂળ અરજદારની માગણી પણ અદાલતે સ્વીકારી હતી. ગોવામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના સ્ટેજ પર ‘કાંતારા ચેપ્ટર વન’ના હિરો ઋષભ શેટ્ટીની પ્રશંસા કરવા ટાણે રણવીરે તેના પાત્રને લગતા કેટલાક ચેનચાળા કર્યા હતા.

## પ્રિયંકા 25 વર્ષની કારકિર્દી બદલ ગોલ્ડ ગાલામાં સન્માનિત



મુંબઈ : અભિનેત્રી પ્રિયંકા ચોપરા જોનાસને આ વરસના ગ્લોબલ વેનગાર્ડ હોનર માટે પસંદ કરવામાં આવી છે. આ પુરસ્તાર તેને મનોરંજનની દુનિયામાં ૨૫ વરસના શાનદાર યોગદાન બદલ એશિયાઈ અને પશ્ચિમી સિનેમા વચ્ચે એક બ્રીજ બનાવવા બદલ આપવામાં આવશે. આ ઈવેન્ટ લોસએન્જલસમાં ૯મેના રોજ ધ મ્યુઝિક સેન્ટરમાં કરવામાં આવશે. આ વખથે એનો થીમ એ ન્યુ ગોલ્ડ વર્લ્ડ મતબલ કે એક નવી સોનેરી દુનિયા રાખવામાં આવ્યો છે,જે એકતા અને પ્રગતિનો સંદેશઆપે છે. પ્રિયંકાએ બોલીવૂડની સાથેસાથે હોલીવૂડમાં ઓળખ બનાવી છે. તે નવોદિતોનીકારકિર્દી બનાવવામાં મદદ કરી રહી છે. આ માટે તેને ટાઈમ ૧૦૦ અને ફોર્બ્સ જેવી યાદીમાં સમાવેશ કરવામાંઆવ્યો છે.

# જાહ્નવી કપૂરની કારકિર્દીમાં નવો વળાંક

**‘ઇન્ડસ્ટ્રીમાં ટકી રહેવા અને બહોળા ઓડિયન્સ સુધી પહોંચવા માટે કમર્શિયલ નિર્ણયો લેવા જરૂરી હતા. મારે સાબિત કરવું હતું કે હું માત્ર ગંભીર પાત્રો નિભાવતી અભિનેત્રી નથી, હું ગ્લેમરસ હિરોઈન પણ બની શકું છું...’**



છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચા જાગી છે કે જાહ્નવી કપૂરે કરણ જોહરની ધર્મા કોર્નરસ્ટોન એજન્સી (ડીસીએએ)થી અંતર બનાવી લીધું છે. ભલે આ સમાચારની આધિકારીક પુષ્ટી નથી થઈ, પણ તેના તાજેતરના એક ઈન્ટરવ્યુથી આ વાતનો સ્પષ્ટ સંકેત મળે છે કે તે પોતાની કારકિર્દીના એક નવા અને વધુ સ્વતંત્ર તબક્કામાં પ્રવેશી ચૂકી છે. એક મુલાકાતમા જાહ્નવીએ નિખાલસતાથી જણાવ્યું કે હવે તે પોતાના નિર્ણયો બાબતે અગાઉ કરતા વધુ સ્પષ્ટ અને આત્મનિર્ભર બની છે. જાહ્નવીએ આ પરિવર્તનને પોતાની કારકિર્દીના નવા તબક્કા તરીકે ગણાવ્યું છે. તેણે જણાવ્યું કે હવે તે સમજી ચુકી છે કે તે કઈ દિશામાં આગળ વધવા માગે છે અને કેવા પ્રકારના પ્રોજેક્ટ્સ તેના વ્યક્તિત્વ અને પ્રતિભાને બહેતર રીતે દર્શાવી શકે. આ આત્મવિશ્વાસ તેની કારકિર્દીના પ્રારંભિક તબક્કાની સખામણીએ એક મોટો ફેરફાર કહી શકાય.

પોતાના પ્રારંભિક અનુભવોને યાદ કરતા જાહ્નવીએ જણાવ્યું કે ‘ધડક’થી ડેબ્યુ કરતી વખતે તેના માટે માત્ર એક ફિલ્મનો હિસ્સો બનવું એક મોટી ઘટના હતી. એ સમયે તેનું ધ્યાન શીખવા અને તકનો લાભ લેવા પર કેન્દ્રિત હતું. ત્યાર પછી ‘ગુંજન સક્સેના: ધી કારગિલ ગર્લ’ જેવી ફિલ્મમાં તેને એક મજબૂત સ્ક્રિપ્ટ અને ગંભીર પાત્ર નિભાવવાની તક મળી, જેણે તેના અભિનયને એક નવી ઓળખ આપી. આ અનુભવે તેને અહેસાસ કરાવ્યો કે યોગ્ય વાર્તા અને દિગ્દર્શક સાથે કામ કરવાનું કેટલું મહત્વપૂર્ણ હોય છે. જોકે પોતાની અભિનયપ્રતિભા પ્રગટ કરવા તેણે કેટલાક એવા પ્રોજેક્ટ પણ પસંદ કર્યા જે જોખમી હતા. ‘મિલી’, ‘ગુડ લક જેરી’ અને ‘ઉલજ’ જેવી ફિલ્મોમાં મહિલા કેન્દ્રિત ભૂમિકાઓ નિભાવવી તેના માટે એક પડકાર હતો. આ ફિલ્મોમાં તેણે પોતાના અભિનય પર પૂરતુ ધ્યાન આપ્યું, પણ સાથે તેણે સ્વીકાર પણ કર્યો કે એ સમયે તેણે દર્શકોની પ્રતિક્રિયા અથવા બોક્સ ઓફિસના આંકડા પર ખાસ ધ્યાન નહોતું આપ્યું. આ એક એવો સમય હતો જ્યારે તે પોતાને એક ગંભીર અભિનેત્રીના રૂપમાં સ્થાપિત કરવાની કોશિશ કરી રહી હતી. ત્યાર પછી જાહ્નવીએ વ્યાવસાયિક સિનેમા તરફ નજર દોડાવી. તેણે નિખાલસતાથી સ્વીકાર કર્યું કે ફિલ્મ ઉદ્યોગમાં ટકી રહેવા અને વ્યાપક દર્શકો સુધી પહોંચવા માટે કેટલાક કમર્શિયલ નિર્ણયો પણ લેવા જરૂરી હતા. જાહ્નવીએ કહ્યું કે તેણે સાબિત કરવું હતું કે તે માત્ર ગંભીર પાત્રો નિભાવતી અભિનેત્રી નથી, પણ એક ગ્લેમરસ હિરોઈન પણ બની શકે છે, જે નૃત્ય અને મનોરંજનનું આખુ પેકેજ રજૂ કરી શકતી હોય. આવો અભિગમ અપનાવીને તેણે પોતાના પ્રોજેક્ટ્સ પસંદ કરવાનું શરૂ કર્યું, જેથી તેની એક અલગ અને બહુઆયામી છબી ઉપસી શકે. હવે જ્યારે તે પોતાની કારકિર્દીના બંને પાસાં - અભિનયક્ષમતા અને વ્યાવસાયિક અપીલને સાબિત કરી ચૂકી છે ત્યારે ફરી તેનું ધ્યાન રચનાત્મક સંતુલન તરફ વળ્યું છે. જાહ્નવીના જણાવ્યા મુજબ હવે તે ફિલ્મોની પસંદગી વાર્તા તેને કેટલી પ્રભાવિત કરે છે તેના આધારે કરવા માગે છે, પોતાની કેવી ઈમેજ તેમાં પ્રદર્શિત કરવામાં આવશે તેના આધારે નહિ.

# સંજય કપૂરના બેંક ખાતા ફ્રીઝ, કરિશ્મા કપૂરના સંતાનોને કોર્ટમાંથી રાહત, પ્રિયા કપૂરને ઝટકો

નવી દિલ્હી : દિલ્હી હાઈકોર્ટે ઉદ્યોગપતિ સંજય કપૂરના સંપત્તિ વિવાદમાં મોટો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સંજય કપૂરની સંપત્તિને સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. કરિશ્મા કપૂરના બાળકો સમાયરા અને કિયાનને આ નિર્ણયથી મોટી રાહત મળી છે, જ્યારે સંજય કપૂરની વર્તમાન પત્ની પ્રિયા કપૂર માટે આ મોટો ઝટકો છે. કોર્ટે જણાવ્યું છે કે વસિયતનામું (વીલ)ને લઈને બાળકોની શંકાઓને દૂર કરવાની જવાબદારી



પ્રિયા કપૂરની છે. બાળકોએ વસિયતનામું શંકાસ્પદ હોવા અંગેનો પ્રથમ દૃષ્ટિએ કેસ રજૂ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે કરિશ્માના બાળકોની અરજી પર વચગાળાનો મનાઈહુકમ મંજૂર કર્યો છે. આ ચુકાદા સાથે દિલ્હી હાઈકોર્ટે બોલિવૂડ એક્ટ્રેસ કરિશ્મા કપૂરના બે બાળકોની વચગાળાની રોકની અરજીને મંજૂરી આપી દીધી છે. તેમની સાવકી માતા પ્રિયા કપૂરને સંજય કપૂર દ્વારા છોડવામાં આવેલી સંપત્તિનો નિકાલ કરતા અટકાવી દીધા છે. જસ્ટિસ જ્યોતિ સિંહે કહ્યું કે સંપત્તિ ખતમ ન થવી જોઈએ અને તેને સાચવી રાખવાની જરૂર છે.

# કપૂર ખાનદાનની પરંપરા તૂટી? 45ની ઉંમરે રણબીરની બોલીવુડમાં બહેનનું ડેબ્યૂ

હિન્દી સિનેમાના સૌથી જૂના અને પ્રતિષ્ઠિત કપૂર પરિવારમાં પૃથ્વીરાજ કપૂરના સમયથી એક કડક પરંપરા ચાલી આવતી હતી. આ પરિવારમાં ઘરના પુરુષો ફિલ્મોમાં કામ કરતા, પરંતુ મહિલાઓને તેનાથી દૂર રાખવામાં આવતી હતી. દીકરીઓને હંમેશા લગ્ન અને ઘર સંભાળવા પર ધ્યાન આપવાનું કહેવામાં આવતું. આ નિયમને વર્ષો સુધી કોઈપણ સવાલ વગર પાળવામાં આવ્યો હતો, જેના કારણે કપૂર પરિવાર એક શિસ્તબદ્ધ અને પરંપરાવાદી પરિવાર ગણાતો હતો. ઋષિ કપૂર ભલે આધુનિક વિચારધારાવાળા ગણાતા, પરંતુ પારિવારિક પરંપરાના મામલે તેઓ ખૂબ સખત હતા. તેમનું માનવું હતું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રી મહિલાઓ માટે સરળ જગ્યા નથી. ઋષિ કપૂરની ઓટોબાયોગ્રાફી



‘ખુલ્લમ ખુલ્લા’માં નીતુ કપૂરે ખુલાસો કર્યો હતો કે, રિદ્ધિમા એ ડરમાં મોટી થઈ હતી કે જો તે તેના પિતાને એક્ટ્રેસ બનવાની ઈચ્છા કહેશે, તો તેઓ પોતે જ પોતાને નુકસાન પહોંચાડી દેશે. આ જ ડરને કારણે રિદ્ધિમાએ ક્યારેય પોતાની ઈચ્છા જાહેર કરી નહીં અને ગ્લેમરની દુનિયાથી દૂર રહીને પોતાનો અલગ રસ્તો પસંદ કર્યો. વર્ષ 2020માં ઋષિ કપૂરના નિધન બાદ કપૂર પરિવારમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. હવે પરિવારમાં કડક નિયમોને બદલે ખુલ્લો માહોલ જોવા મળી રહ્યો છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ જેવી નવી પેઢી માને છે કે દરેક વ્યક્તિને પોતાની પસંદગી મુજબ જીવન જીવવાનો પૂરો હક છે. આ પરિવર્તન સમય સાથે આવેલી સમજદારીનું પરિણામ છે, જેમાં હવે પરિવારની મહિલાઓ પણ પોતાના નિર્ણયો લેવા માટે સ્વતંત્ર છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


### 25 વર્ષની મહેનત બાદ વિકસાવેલી ડ્રોન ટેકનોલોજીથી ઈરાને મહાસત્તાને ઝૂકાવી

# ઈરાનની ડિજિટલ સ્ટ્રાઈક, યુએસના સાથી મિત્રો ભીંસમાં

અમેરિકા અને ઈઝરાયલ સાથેના યુદ્ધ દરમિયાન ઈરાને સાઉદી અરેબિયા, યુએઈ, બહેરીન, કુવૈત વગેરે દેશો પર પણ હુમલા કર્યા છે. જેમાં ગલ્ફના ડેટા સેન્ટરો ઉપર ત્રાટકીને અમેરિકાના મિત્રદેશોની કમ્મર તોડી નાખી છે.

ઈરાનની બદલાની કાર્યવાહી લશ્કરી લક્ષ્યોથી આગળ વધી ગઈ હતી, જેમાં ગલ્ફના દેશોમાં અમેરિકા સાથે જોડાયેલા ડિજિટલ હબ, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટરોને નિશાન બનાવાયા હતા. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ સંયુક્ત આરબ અમીરાત (UAE) અને બહેરીનમાં ડેટા હબ પર ડ્રોન વડે પ્રચંડ હુમલાઓ કર્યા હતા. આજના યુદ્ધમાં આ એક અભૂતપૂર્વ ઘટના છે, જેમાં માત્ર સાયબર ઘૂસણખોરી જ નહીં, પણ નાગરિકો સાથે જોડાયેલા ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ઈરાદાપૂર્વકના હુમલા કરવામાં આવ્યા છે. ઈરાનના મીડિયા હાઉસોના મતે ઈરાને આ પ્રકારના હુમલા એટલે કર્યા છે કે, દુશ્મનની સૈન્ય અને અન્ય પ્રવૃત્તિઓને આ દેશોએ ટેકો આપ્યો હતો. જેમાં ડેટા સેન્ટરોની ભૂમિકા પણ હતી.

વર્તમાન AI યુગમાં ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હવે બેવડા ઉપયોગવાળા વ્યૂહાત્મક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે ઊભરી આવ્યું છે. તે લશ્કરી અને ગુપ્તચર એજન્સીઓને AI-આધારિત વિશ્લેષણ, ઉપગ્રહ છબીઓની પ્રક્રિયા, લોજિસ્ટિક્સ પ્લાનિંગ અને કમાન્ડ-એન્ડ-કંટ્રોલ સહિતનાં કાર્યોમાં પણ મદદ કરે છે. ઈરાન જાણે છે કે, અમેરિકા ખાસ કરીને મોટા પાયે ક્લાઉડ સેવા પ્રદાતાઓ પર નિર્ભર છે, જેને હાઈપરસ્કેલર્સ તરીકે ઓળખવામાં આવે છે. આ કંપનીઓ વિશ્વભરમાં વિશાળ ડેટા સેન્ટરો ચલાવે છે, જે અમર્યાદિત કમ્પ્યુટિંગ, સ્ટોરેજ અને નેટવર્કિંગ સંસાધનો પૂરા પાડવા માટે રચાયેલા છે. જેમાં એમેઝોન, માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી જાયન્ટ ટેક કંપનીઓનો સમાવેશ થાય છે. ઈરાન માને છે કે, આ કેન્દ્રોને નિશાન બનાવવાથી યુદ્ધની વ્યૂહરચના સંપૂર્ણપણે બદલાઈ જશે.

રાષ્ટ્રીય સમાચાર ઈરાન ગલ્ફના ક્ષેત્રમાં અમેરિકન જાયન્ટ ટેક કંપનીઓને નિશાન બનાવી રહ્યું છે. IRGCએ એપલ, ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એમેઝોન જેવી ગલ્ફના દેશોમાં કાર્યરત મોટી અમેરિકન ટેક કંપનીઓના કર્મચારીઓને તેમનાં પરિસરો ખાલી કરવાનો આદેશ આપ્યો છે. આ આદેશમાં તેમને દુબઈ, રિયાધ, દોહા, કુવૈત




સિટી, મનામા અને મસ્કત સ્થિત તેમની ઓફિસો તાત્કાલિક ખાલી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ૩૧ માર્ચે IRGCએ સિસ્કો, HP, ઈન્ટેલ, ઓરેકલ, માઈક્રોસોફ્ટ, એપલ, ગૂગલ, મેટા, IBM, ડેલ, પેલેન્ટિર, એનવીડિયા (Nvidia), JPMorgan, ટેસ્લા, જનરલ ઈલેક્ટ્રિક, સ્પાયર સોલ્યુશન્સ, G42 અને બોઈંગને સંભવિત લક્ષ્યો તરીકે જાહેર કર્યાં હતાં. IRGCએ દાવો કર્યો કે, તેણે બહેરીનમાં એમેઝોન ક્લાઉડ-કમ્પ્યુટિંગ સેન્ટર ઉપર હુમલો કરીને નાશ કર્યો છે. એમેઝોને હુમલાઓની પુષ્ટિ કરી હતી. IRGCએ દુબઈમાં ઓરેકલ ડેટા સેન્ટર પર હુમલો કરવાનો પણ દાવો કર્યો હતો. દુબઈની મીડિયા ઓફિસે તેને દુબઈ ઈન્ટરનેટ સિટીમાં ઓરેકલ બિલ્ડિંગ પર કાટમાળ પડવાથી થયેલી એક નાની ઘટના ગણાવી હતી.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વર્ષોથી ગલ્ફમાં સુરક્ષા ઊર્જા દ્વારા નક્કી કરવામાં આવતી હતી. રિફાઈનરીઓ, બંદરો, શિપિંગ લેન અને પેટ્રોકેમિકલ સંકુલ પ્રાદેશિક તણાવના પ્રાથમિક સ્રોત અને લક્ષ્ય હતા. આ ચિત્ર હવે બદલાઈ ગયું છે, કારણ કે, ગલ્ફ દેશોએ વ્યૂહાત્મક અને આર્થિક ફાયદાઓ મેળવવા માટે વૈશ્વિક AI અને ક્લાઉડ કમ્પ્યુટિંગ હબ બનવા માટે ભારે રોકાણ કર્યું છે. ખાસ કરીને યુએઈ અને સાઉદી અરેબિયા AI ક્ષેત્રમાં વિશ્વ અને પ્રદેશના સૌથી મોટા કેન્દ્ર તરીકે સ્થાન મેળવવા આતુર છે.UAE સરકારે જણાવ્યું હતું કે, એપ્રિલ ૨૦૨૨માં શરૂ કરાયેલી ડિજિટલ ઈકોનોમી સ્ટ્રેટેજીનો ઉદ્દેશ્ય ૧૦ વર્ષમાં દેશના GDPમાં ડિજિટલ અર્થતંત્રના યોગદાનને બમણું કરવાનો છે, જે ૨૦૨૨માં ૯.૭ ટકાથી વધીને ૧૯.૪ ટકા થવાનો છે. તેનો ઉદ્દેશ્ય પ્રદેશ અને વૈશ્વિક સ્તરે ડિજિટલ અર્થતંત્રના કેન્દ્ર તરીકે યુએઈની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો પણ છે. અહેવાલો સૂચવે છે કે, માઈક્રોસોફ્ટ ૨૦૨૯ સુધીમાં યુએઈમાં તેનું કુલ રોકાણ ૧૫ અબજ ડોલર સુધી વધારવાની યોજના ધરાવે છે. બીજો નોંધપાત્ર વિકાસ સ્ટારગેટ યુએઈ પ્રોજેક્ટ છે, જે આખરે પાંચ ગીગાવોટ સુધીની પાવર ક્ષમતા ધરાવશે તેવી અપેક્ષા છે અને તેને અમેરિકાની બહારના સૌથી મોટા AI ડેટા-સેન્ટર સંકુલ તરીકે વર્ણવવામાં આવી રહ્યું છે. એમેઝોન વેબ સર્વિસીસ (AWS) સાઉદી અરેબિયામાં ૫.૩ અબજ ડોલરથી વધુનાં મૂલ્યનું એક નવું કેન્દ્ર પણ વિકસાવી રહી છે. ઈરાનનો ઈરાદો આ બધા ડેટા સેન્ટરોને ખતમ કરવા દ્વારા ગલ્ફના દેશોમાં અમેરિકાને ફટકો મારવાનો છે. જો, ગલ્ફના દેશો બચવા માગતા હશે તો તેમણે અમેરિકાનો સાથ છોડવો જ પડશે. અહેવાલો દર્શાવે છે કે, AWS હુમલાઓએ UAE અને બહેરીનમાં બેંકિંગ સિસ્ટમ્સ અને ફિનટેક સેવાઓને ખોરવી નાખી હતી, જેના કારણે એરલાઈન્સ, રાઈડ-હેલિંગ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર અસર પડી હતી. ગ્રાહકોને તેમના કાર્યભારને સ્થળાંતરિત કરવાની સલાહ આપવામાં આવી હતી. સાઉદી અશર્ક ન્યૂઝ વેબસાઈટે અહેવાલ આપ્યો છે કે ડેટા સેન્ટરો અને આઈટી સિસ્ટમમાં વિક્ષેપોથી નોંધપાત્ર નુકસાન થઈ શકે છે, જે સરેરાશ પ્રતિ કલાક લાખો ડોલર અને કેટલાક કિસ્સાઓમાં દસ લાખ ડોલરથી વધુનું નુકસાન થઈ શકે છે. કામ બંધ થવાથી, સેવામાં વિલંબ થવાથી અને ખર્ચાળ રિકવરી અથવા સ્થાળાંતરણના પ્રયાસોને કારણે કંપનીઓને વધુ નાણાંકીય નુકસાન સહન કરવું પડે છે. વધુમાં આ સુવિધાઓનું પુનઃનિર્માણ ખૂબ ખર્ચાળ હોઈ શકે છે. કારણ કે, આધુનિક ડેટા સેન્ટરો વિશ્વના સૌથી મોંઘા ટેકનોલોજી અને માળખાગત પ્રોજેક્ટમાંના એક છે.

મોટા ડેટા હબની આસપાસ ક્લાઉડ સુરક્ષા વ્યૂહરચનાઓ સુધારવા માટે ગલ્ફ દેશો કેવી રીતે આગળ વધશે તે અંગે પણ પ્રશ્નો ઊભા થાય છે. શું તેમને વધુ કડક જોખમ મૂલ્યાંકન અને કદાચ ધીમા વિદેશી રોકાણનો સામનો કરવો પડશે ? બીજુ જોખમ એ છે કે, ઈરાન દ્વારા યુએસ ટેક કંપનીઓને કાયદેસર લશ્કરી લક્ષ્યો તરીકે નિયુક્ત કરવાથી, યુદ્ધમાં વ્યૂહાત્મક લક્ષ્યો તરીકે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓને ઔપચારિક બનાવી શકાય છે, પછી ભલે તે નાગરિક હોય કે લશ્કરી હેતુઓ માટે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, ઈરાનના આક્રમણનાં પગલાંએ એક એવો દાખલો બેસાડ્યો છે, જેની નકલ અન્ય દેશો ભવિષ્યના સંઘર્ષોમાં કરી શકે છે.

ઈરાને વિકસાવેલી ડ્રોન ટેકનોલોજી આ વખતે તેને લાભકર્તા રહી છે. સપ્ટેમ્બર ૧૯૮૦માં ઈરાકી દળોએ ઈરાન પર આક્રમણ કર્યું હતુ. જે બાદ આઠ વર્ષ સુધી ચાલેલા લોહિયાળ યુદ્ધના પરિણામે લગભગ દસ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. ઈરાનીઓને તેમના અસ્તિત્વ માટે લડવા માટે ડ્રોન ટેકનોલોજીની ખૂબ જ જરૂર હતી, પરંતુ આર્થિક પ્રતિબંધોને કારણે તેઓ જરૂરી પુરવઠો ખરીદી શક્યા નહીં. તેથી તેમણે ડ્રોન ટેકનોલોજી બીજાઓ પાસેથી મેળવવાને બદલે પોતે જ શોધવાનું નક્કી કર્યું હતુ. ઈરાનીઓએ ૧૯૮૧ની શરૂઆતમાં જ આ નાનાં ડ્રોન વિશે વિચારવાનું શરૂ કર્યું અને તેઓએ તેમાં કેમેરા લગાવવાનું વિચાર્યું. આ વિચાર ઈસ્ફહાન યુનિવર્સિટીમાં ઉદ્ભવ્યો હતો. વિદ્યાર્થીઓ અને ઈજનેરોએ આ વિચાર પર કામ કર્યું. તેઓએ પ્રોટોટાઈપ ડિઝાઈન, નિર્માણ, પરીક્ષણ અને વિકાસ કર્યો, અને પછી તેને રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ સમક્ષ રજૂ કર્યા હતા. આશરે ૨૫ વર્ષની મહેનત પછી ઈરાને ડ્રોન યુદ્ધકળામાં માસ્ટરી હાંસલ કરી લીધી છે.

**યુદ્ધના મેદાનમાં હવે AI અને ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિશાના પર, IRGCએ ટેક જાયન્ટ્સને ઓફિસો ખાલી કરવા આદેશ અને એપલ, ગૂગલ અને માઇક્રોસોફ્ટના કર્મચારીઓને રિયાધ-દુબઈ છોડવા અલ્ટીમેટમ આપી દેવાયું**

# પેટની ગરમી-અપચાનો રામબાણ ઈલાજ એટલે વરિયાળી



ઉનાળા દરમિયાન, પેટ ઠંડુ રાખવા માટે વિવિધ ખોરાક ખાવાની ભલામણ કરવામાં આવે છે. ગરમીની ઋતુમાં તળેલા અને ચીકણા ખોરાક ખાવાથી ચહેરા પર પણ અસર દેખાઈ શકે છે. અમે તમને એક પરંપરાગત ઉપાય વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે કુદરતી રીતે પેટ ઠંડુ રાખે છે. ઉનાળાની કાળઝાળ ગરમી માત્ર વાતાવરણમાં જ નહીં, પણ આપણા શરીરમાં અને ખાસ કરીને પેટમાં પણ બળતરા પેદા કરે છે. આ ઋતુમાં એસિડિટી, ગેસ, પેટ ફૂલવું (બ્લોટિંગ) અને અપચો જેવી સમસ્યાઓ સામાન્ય બની જાય છે. ખોટી ખાનપાનની આદતો અને ગરમીને કારણે પાચનતંત્ર નબળું પડે છે. આયુર્વેદમાં પેટની ગરમી શાંત કરવા માટે 'સૌંફ' એટલે કે વરિયાળીને સર્વોત્તમ માનવામાં આવે છે. વરિયાળીની તાસીર ઠંડી હોય છે, તેથી તેને પાચનનો 'કિંગ' કહેવામાં આવે છે.

### વરિયાળીમાં રહેલા પોષક તત્વો

વરિયાળી માત્ર મુખવાસ નથી, પણ ઔષધીય ગુણોનો ખજાનો છે. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે. આ ઉપરાંત તેમાં આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ અને વિટામિન-સી જેવા જરૂરી તત્વો મળી આવે છે. તે એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર હોવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ મજબૂત કરે છે. વજન ઘટાડવા માંગતા લોકો માટે પણ તે આશીર્વાદરૂપ છે, કારણ કે તે મેટાબોલિઝમ બુસ્ટ કરે છે અને ભૂખ પર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે.

### પેટને ઠંડક કેવી રીતે આપે છે?

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ઉનાળામાં તળેલું અને મસાલેદાર ખાવાથી લિવર અને આંતરડા પર સોજો આવી શકે છે, જેને કારણે પેટમાં ભારેપણું લાગે છે. વરિયાળીમાં એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જે આંતરડાના સોજાને ઘટાડે છે અને ગેસની સમસ્યામાં રાહત આપે છે. તેની ઠંડી તાસીર જઠરાગ્નિને શાંત કરે છે, જેનાથી એસિડિટીમાં તુરંત ફાયદો થાય છે.

### વરિયાળીનો ઉપયોગ કરવાની રીતો

**આદુ અને વરિયાળીનું મિશ્રણ :** આદુ પાચન પ્રક્રિયાને ઝડપી બનાવે છે અને વરિયાળી આંતરડાને સાફ રાખે છે. વરિયાળી અને સાકર (મિશ્રી)નો પાવડર બનાવીને રાખવો જોઈએ. રોજ સવારે ખાલી પેટે અથવા રાત્રે સૂતા પહેલા એક ચમચી પાવડર પાણી સાથે લેવાથી પાચનતંત્ર સુધરે છે. તેમાં લીંબુનો રસ ઉમેરવાથી વિટામિન-સીનું પ્રમાણ વધે છે.

**વરિયાળીનું પાણી :** પેટની જૂની સમસ્યાઓ માટે વરિયાળીનું પાણી રામબાણ ઈલાજ છે. રાત્રે એક ચમચી વરિયાળી એક ગ્લાસ પાણીમાં પલાળી દો. સવારે આ પાણી ગાળીને પી જવું. તેનાથી પેટના એન્ઝાઈમ્સ સક્રિય થાય છે અને આખો દિવસ પેટમાં ઠંડક રહે છે. પલાળેલી વરિયાળીને ચાવીને ખાઈ લેવાથી ફાઈબરનો પૂરો લાભ મળે છે.

### ઉનાળા માટે વિશેષ ટિપ્સ

માત્ર વરિયાળી જ નહીં, પણ ઉનાળામાં એવા ફળો અને શાકભાજી લેવા જોઈએ જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય. જેમ કે: ■ તરબૂચ અને ટેટી ■ કાકડી ■ સત્તુનું શરબત ■ વધારે માત્રામાં પાણી




આજના ઝડપી જીવનમાં, ઘણા લોકો ઊંઘની અછતથી પીડાય છે. મોડી રાત સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ, સતત સ્ક્રીન પર કામ કરવું, તણાવ, બિનઆરોગ્યપ્રદ દિનચર્યાઓ, મોડું ભોજન, શિફ્ટમાં કામ અને માનસિક તણાવ જેવા પરિબળો ઊંઘ પર અસર કરે છે. કેટલાક લોકો કામના ભારણને કારણે સમયસર ઊંઘી શકતા નથી, જ્યારે અન્ય લોકો ચિંતા અને વધુ પડતા વિચાર સાથે સંઘર્ષ કરે છે. વધુ પડતું કેફીનનું સેવન, મોડી રાત્રે ટીવી જોવું અને સૂવાનો સમય નક્કી ન કરવો એ પણ મુખ્ય કારણો છે.

### ઊંઘના અભાવે કયા રોગો વધે ?

લેડી હાર્ડિંગ હોસ્પિટલના મેડિસિન વિભાગના ડિરેક્ટર ડૉ. એલ.એચ. ઘોટકર સમજાવે છે કે લાંબા સમય સુધી ઊંઘનો અભાવ ઘણા ગંભીર રોગોનું જોખમ વધારી શકે છે. તે હાઈ બ્લડ પ્રેશર, હૃદય રોગ અને ડાયાબિટીસનું જોખમ વધારી શકે છે. પૂરતી ઊંઘનો અભાવ શરીરમાં હોર્મોનલ અસંતુલનનું કારણ બને છે, જે સ્થૂળતા તરફ દોરી શકે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ચેપનું જોખમ પણ વધારે છે.

### કયા હોય છે લક્ષણો ?

ઊંઘની અછતના લક્ષણો ધીમે ધીમે દેખાય છે. સામાન્ય ચિહ્નોમાં દિવસભર થાક, ચીડિયાપણું, માથાનો દુખાવો, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી અને એકાગ્રતાનો અભાવ શામેલ છે. વારંવાર બગાસું આવવું અને આંખો ભારે થવી પણ લક્ષણો હોઈ શકે છે. કેટલાક લોકો યાદશક્તિ ગુમાવવા અને નિર્ણય લેવામાં મુશ્કેલીનો અનુભવ પણ કરે છે. લાંબા સમય સુધી ઊંઘનો અભાવ તણાવ અને મૂડ સ્વિંગ વધારી શકે છે.

### કેવી રીતે અટકાવવું?

પૂરતી ઊંઘ સુનિશ્ચિત કરવા માટે, દરરોજ એક જ સમયે સૂવા અને ઉઠવાની આદત બનાવો. સૂતા પહેલા મોબાઈલ ફોન અને ટેલિવિઝન ટાળો. હળવો ખોરાક લો અને કેફીનનું સેવન મર્યાદિત કરો. તમારા સૂવાના વાતાવરણને શાંત અને આરામદાયક રાખો. નિયમિત કસરત કરો, પરંતુ સૂતા પહેલા સખત કસરત ટાળો. ધ્યાન અથવા ધ્યાન તણાવ ઘટાડવામાં મદદ કરી શકે છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

• 78 Room Hotel Ramada Inn – SOLD
• 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
• 17 Room Motel near Chattham – SOLD
• 12 Room Motel in Blind River – Sold Conditional
• 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
• 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# પ્રેમ પ્રકરણમાં ૩૫ વર્ષ પહેલાં સ્ત્રી મિત્રની હત્યા થઈ, ખાળકૂવો ખોદી હાડપિંજર કઢાયું

## ક્રાઈમ બ્રાંચે જેસીબીની મદદથી આરોપીના ઘરમાંથી ખાળકૂવો ખોધો

**અમદાવાદ**

લગ્નેતર સંબંધો અને પ્રેમ પ્રકરણમાં ૧૯૯૨માં થયેલી હત્યાનો ભેદ ઉકેલવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. વટવાના કુતુબનગરમાં પરિણિત શમસુદ્દીનને મળવા માટે તેની સ્ત્રીમિત્ર શબનમ ઉર્ફે ફરઝાના આવી હતી અને ઘરમાં થયેલી તકરારને કારણે તેની હત્યા કરવામાં આવી હતી. શબનમ ઉર્ફે ફરઝાના હવે હત્યારાના પરિવારજનોના સપનામાં આવી તેમને પરેશાન કરતી હોવાની વાતો ચર્ચાતી હતી. જેથી તેનો નિકાલ કરવા પરિવારે તાંત્રિકની મદદ લીધી અને આ વાત ક્રાઈમ બ્રાન્ચ સુધી પહોંચી ગઈ. ક્રાઈમ બ્રાન્ચે ૩૫ વર્ષ પહેલા થયેલી હત્યાના પુરાવા મેળવવા માટે આ ઘરમાં જેસીબીથી ખોદકામ શરૂ કરી કથિત કંકાલ મેળવ્યા છે. હવે ફ્લ્જીન્ના રિપોર્ટ બાદ સમગ્ર ઘટના પરથી પડદો ઊઠશે. આ કેસમાં હત્યારા શમસુદ્દીનનું પણ મૃત્યુ થયું છે. જાકે હત્યામાં તેના પરિવારજનોની સંડોવણી હતી કે કેમ તેની તપાસ ચાલી રહી છે. શમસુદ્દીનના પરિવારજનોએ ઘર અન્ય લોકોને વેચી દીધું છે. હવે તપાસ બાદ ઘણી વિગતો ખૂલશે. પોલીસને બાતમી મળી કે વટવા કુતુબનગરમાં આવેલા એક મકાનમાં મહિલાનું ભૂત પરિવારને પરેશાન કરી રહ્યું છે. જાકે, આ પરિવારે મકાન ખાલી કરી દીધું છે, પરંતુ તાંત્રિક વિધિ કરાવી શાંતિ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

# AI-ડીપફેકથી અમદાવાદમાં સાયબર કૌભાંડ પકડાયું : ૪ આરોપી ઝડપાયા

**અમદાવાદ**

શહેરમાં એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરી કરવામાં આવેલા ચોંકાવનારા સાયબર ફ્રોડનો કેસ સામે આવ્યો છે. આરોપીઓએ એક વેપારીના ફોટાનો ઉપયોગ કરીને ડીપફેક વીડિયો બનાવ્યો અને આધારકાર્ડના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા બેન્કિંગ સિસ્ટમમાં પ્રવેશ મેળવી લોન દ્વારા રૂપિયા પડાવતો હતા. સમગ્ર મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૪ આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં આણંદના કનુ પરમાર, ભરૂચના આશિષ વાળંદ, મોહમ્મદ કેફ અને મૂળ ઉત્તર પ્રદેશના તથા હાલ અમદાવાદમાં રહેતા દીપ ગુપ્તાનો સમાવેશ થાય છે. આરોપીઓ વિવિધ સ્ત્રોતોમાંથી ડેટા મેળવી ફરિયાદીના આધારકાર્ડમાં રજીસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી નાખતા હતા. ત્યારબાદ DG લોકર અને બેન્કિંગ સિસ્ટમમાં, બાયોમેટ્રિક અને ડેમોગ્રાફિક માહિતીના આધારે લોગ-ઈન કરી દસ્તાવેજામાં ફેરફાર કરતા હતા. પોલીસની તપાસ મુજબ, કનુ પરમાર આણંદના CHC સેન્ટરમાં આધારકાર્ડ સંબંધિત કામગીરી કરતો હતો અને તે આધાર કીટ આશિષ વાળંદને આપતો હતો. આશિષ આ કીટ મોહમ્મદ કેફને આપતો, જે ફરિયાદીના આધારકાર્ડમાં ફેરફાર કરી DG લોકરમાંથી દસ્તાવેજા મેળવતો હતો.

# નર્મદા કેનાલમાં ન્હાવા પડેલા તમિલનાડુના બે કિશોર ડૂબ્યા

**મોરબી**

મોરબી જિલ્લાના હળવદ તાલુકાના માનસર ગામ પાસેથી પસાર થતી નર્મદાની ધાંગધ્રા બ્રાન્ચ કેનાલમાં આજે એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. કેનાલમાં ન્હાવા પડેલા તમિલનાડુના બે કિશોરો પાણીના તેજ પ્રવાહમાં ગરકાવ થઈ ગયા છે. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બંને બાળકોની શોધખોળ માટે વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મળતી પ્રાથમિક માહિતી અનુસાર, બંને બાળકો મૂળ તમિલનાડુના વતની છે. તેઓ તેમના પિતા સાથે ટ્રકમાં બેસીને મોરબી તરફ જઈ રહ્યા હતા. આ મુસાફરી દરમિયાન હળવદના માનસર પાસે ટ્રક ઉભો રહ્યો ત્યારે ૧૩ અને ૧૫ વર્ષની વયના આ બંને કિશોરો કેનાલમાં ન્હાવા માટે પડ્યા હતા. જાકે, કેનાલમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી બંને બાળકો જાતજાતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.ઘટનાને પગલે પિતા અને આસપાસના લોકોએ બૂમાબૂમ કરતા સ્થાનિકો એકઠા થઈ ગયા હતા. પોલીસ અને ફાયર વિભાગને જાણ કરવામાં આવતા જ જવાનો સ્થળે પહોંચી ગયા હતા.

# વેપારી હનીટ્રેપ અને બ્લેકમેલિંગનો શિકાર બન્યા

## પીઆઈ હોવાની ઓળખ આપીને આધેડ વેપારીને ડરાવ્યા, 15 લાખ પણ માંગ્યા

**અમદાવાદ**

અમદાવાદના જશોદાનગર વિસ્તારમાં રહેતા અને કેટરિંગનો વ્યવસાય કરતા ૫૪ વર્ષીય વેપારી હનીટ્રેપ અને બ્લેકમેલિંગનો શિકાર બન્યા છે. વર્ષ ૨૦૨૩માં ટ્રેનની મુસાફરી દરમિયાન પંજાબના ફિરોજપુરના એક યુવક સાથે થયેલી સામાન્ય મિત્રતા આ વેપારી માટે મોટી મુસીબત બની ગઈ. ઠગે આધેડને વિશ્વાસમાં લઈ, તેમની પાસેથી શરૂઆતમાં સહાનુભૂતિના નામે પૈસા પડાવ્યા અને ત્યારબાદ અશ્લીલ વીડિયો બનાવીને લાખો રૂપિયાની ખંડણી વસૂલ કરી હોવાની ખોખરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે.

૨૦૨૩માં થઈ હતી જ્યારે વેપારી પંજાબ જઈ રહ્યા હતા, ત્યારે નિખિલ ખુરાના નામના શખસ સાથે તેમની ઓળખાણ થઈ હતી. બે મહિના પછી નિખિલે માતાની બીમારી અને પરીક્ષાની ફીનું બહાનું કાઢીને વેપારી પાસેથી ગુગલ પે મારફતે ૧૭૦૦૦ રૂપિયા લીધા હતા. ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૫માં નિખિલે વેપારીને વીડિયો કોલ કરી બિભત્સ વાતો કરી તેમને ઉશ્કેર્યા હતા અને છૂપી રીતે અશ્લીલ વીડિયો રેકોર્ડ કરી લીધો હતો. આ વીડિયોના આધારે નિખિલ અને તેના ભાઈ સાહિલ ખુરાનાએ વેપારીને બદનામ કરવાની ધમકી આપીને ટુકડે ટુકડે ૮.૮૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા.આટલા લાખો રૂપિયા પડાવી લીધા પછી પણ ઠગને સંતોષ થયો ન હતો. આ ટોળકીના ત્રીજા સાગરીત રાહુલે પોતે પોલીસની ઓળખ આપીને આધેડ વેપારીને ડરાવ્યા હતા અને કેસ રફેદફે કરવા માટે ૧૫ લાખ રૂપિયાની મોટી રકમ માગી હતી. આ સતત ધમકીઓ અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે વેપારીએ હિંમત દાખવીને સાયબર ક્રાઈમનો સંપર્ક કર્યો હતો. આ ફરિયાદના આધારે ખોખરા પોલીસે નિખિલ, સાહિલ અને રાહુલ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# નૃસિંહ જયંતી : ભગવાન વિષ્ણુના ચોથા અવતારના પ્રાગટ્યનું પર્વ

## બ્રહ્માજીના વરદાનની મર્યાદા જાળવી ભગવાને અસુરરાજનો વધ કર્યો; ભયમુક્તિ માટે નૃસિંહ મહામંત્રનો મહિમા અપાર

ભગવાન વિષ્ણુના દશાવતાર (દસ મુખ્ય અવતાર)એ હિન્દુ ધર્મમાં સૃષ્ટિના રક્ષણ અને ધર્મની પુનઃસ્થાપના માટે લેવામાં આવેલા અવતાર છે. દશાવતાર નીચે મુજબ છે:

(૧) મત્સ્ય (માછલી): પ્રથમ અવતાર.
(૨) કૂર્મ (કાચબો): સમુદ્ર મંથન સમયે.
(૩) વરાહ (ડુક્કર/વરાહ): પૃથ્વીના રક્ષણ માટે.
(૪) નરસિંહ (અડધું સિંહ અને અડધું માનવ સ્વરૂપ): હિરણ્યકશિપુના વધ માટે.
(૫) વામન (બટુક/નાનું માનવ સ્વરૂપ): રાજા બલિના ગર્વને તોડવા.
(6) પરશુરામ (પરશુ ધારણ કરનાર): ક્ષત્રિયોના અહંકારના નાશ માટે.
(૭) રામ (મર્યાદા પુરુષોત્તમ): રાવણના વધ માટે.
(૮) કૃષ્ણ (યોગેશ્વર): અધર્મના નાશ માટે પૂર્ણ પુરુષોત્તમ અવતાર.
(૯) બુદ્ધ (ગૌતમ બુદ્ધ): શાંતિ અને અહિંસાના પ્રસાર માટે.
(૧૦)કલ્કિ (કળિયુગના અંતમાં)

નરસિંહ જયંતી વૈષ્ણવ સંપ્રદાયનું મહત્વપૂર્ણ પર્વ છે, જે વૈશાખ મહિનાની શુક્લ પક્ષની ચતુર્દશીના દિવસે ઉજવાય છે. આ તિથિ ભગવાન વિષ્ણુના ચોથા અવતાર નરસિંહજીના “અવતરણ દિવસ” તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી નૃસિંહને શક્તિ તથા પરાક્રમના પ્રમુખ દેવતા માનવામાં આવે છે. પૌરાણિક માન્યતા તથા ધાર્મિક ગ્રંથો પ્રમાણે આ તિથિએ ભગવાન વિષ્ણુએ ભક્ત પ્રહલાદની રક્ષા કરવા માટે નૃસિંહ સ્વરૂપમાં અવતાર લઈને રાક્ષસોના રાજા હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો.

ગ્રંથો પ્રમાણે કશ્યપ નામના ઋષિના બે દીકરા હતા. પહેલાનું નામ હિરણ્યાક્ષ અને બીજા દીકરાનું નામ હિરણ્યકશિપુ હતું. બંનેમાં આસુરી ગુણ હતા.

‘હિરણ્ય’ એટલે સોનું/સુવર્ણ.

‘કશિપુ’ એટલે આસન/ગાદી.

જ્યારે દિતિએ આ દૈત્યને જન્મ આપ્યો, ત્યારે કશ્યપ ઋષિ અશ્વમેધ યજ્ઞ કરી રહ્યા હતા અને તે સમયે દિતિ સુવર્ણ આસન (હિરણ્ય આસન) પર બેઠી હતી, તેથી તેનું નામ હિરણ્યકશિપુ



પડ્યું. અન્ય મંતવ્યો પ્રમાણે ઘણા તેને હિરણ્યકશ્યપ કે તળપદી ભાષામાં હરણાકંસ તરીકે પણ ઓળખે છે. આ અસુરોના ત્રાસથી ધરતીને બચાવવા માટે ભગવાન વિષ્ણુએ વરાહ સ્વરૂપમાં અવતાર લઈને હિરણ્યાક્ષને મારી નાખ્યો હતો.

ભાઈના મૃત્યુથી દુઃખી અને ગુસ્સે થઈને હિરણ્યકશિપુએ બદલો લેવાનું નક્કી કર્યું. તેણે ખૂબ જ આકરી તપસ્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા અને મનુષ્ય, દેવતા, પક્ષી, પશુ દ્વારા મૃત્યુ ન થાય તેમજ દિવસ-રાત, ધરતી-આકાશ કે અસ્ત્ર-શસ્ત્રથી પણ મૃત્યુ ન પામે તેવું વરદાન પ્રાપ્ત કર્યું. આ વરદાનથી તે અભિમાની બન્યો અને પોતાને ભગવાન માનવા લાગ્યો. તેણે વિષ્ણુ પૂજા બંધ કરાવી દીધી.

પરંતુ તેનો દીકરો પ્રહલાદ ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો. હિરણ્યકશિપુએ પ્રહલાદને મારવા માટે ઝેર, હાથી, સાપ અને પર્વત પરથી ફેંકવા જેવા અનેક પ્રયત્નો કર્યા, પણ પ્રભુ કૃપાથી તે બચી જતો. અંતે પ્રહલાદની ફોઈ હોલિકા તેને ખોળામાં લઈને ચિતા પર બેસી ગઈ, પરંતુ વરદાન હોવા છતાં હોલિકા બળી ગઈ અને પ્રહલાદ સુરક્ષિત રહ્યો. આ પ્રસંગને આપણે હોલિકા દહન તરીકે ઉજવીએ છીએ.

એક દિવસ ગુસ્સામાં હિરણ્યકશિપુએ પૂછ્યું, “ક્યાં છે તારા ભગવાન?” ત્યારે પ્રહલાદે કહ્યું, “ભગવાન તો કણ-કણમાં છે.” હિરણ્યકશિપુએ થાંભલા પર પ્રહાર કર્યો અને તે જ ક્ષણે ભગવાન નૃસિંહ પ્રગટ થયા. ભગવાને સંધ્યાકાળે, ઉંબરા વચ્ચે, પોતાના સાથળ પર રાખીને નખથી હિરણ્યકશિપુની છાતી ચીરી તેનો વધ કર્યો. આ રીતે ભગવાને વરદાનની મર્યાદા જાળવી ભક્તની રક્ષા કરી.

**ઉત્સવ અને પૂજા વિધિઃ**

આ દિવસે બપોરે વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવો જોઈએ. સાંજે દૂધ, ઘી, મધ અને તુલસી વડે નરસિંહજીની મૂર્તિ કે ચિત્ર પર અભિષેક કરવામાં આવે છે. ભગવાનના રૌદ્ર સ્વરૂપના ક્રોધને શાંત કરવા માટે પૂજામાં ખાસ કરીને ચંદનનો લેપ લગાવાય છે, જે ઠંડક આપે છે. ભગવાન નૃસિંહ માત્ર ‘પત્ર અને પુષ્પ’થી પણ પ્રસન્ન થાય છે. આ દિવસે વ્રત કરી જરૂરિયાતમંદોને અનાજ, જળ અને વસ્ત્રનું દાન કરવાથી દુશ્મનો પર વિજય મળે છે અને મનોકામના પૂર્ણ થાય છે.

**નૃસિંહ ચાલીસા અને સ્તોત્રઃ**

નરસિંહ જયંતીએ નરસિંહ ચાલીસા અને “ઉગ્ર નરસિંહ સ્તોત્ર”નો પાઠ કરવાથી ભય અને નકારાત્મકતા દૂર થાય છે.

**નરસિંહ મહા મંત્ર (રક્ષણ અને ભય મુક્તિ માટે):**

ઉગ્રં વીરં મહાવિષ્ણુમ્ જ્વલન્તમ્ સર્વતોમુખમ્ ।
નૃસિંહમ્ ભીષણમ્ ભદ્રમ્ મૃત્યુર્મૃત્યુમ્ નમામ્યહમ્ ।।”

**૨. મૂળ મંત્ર (સરળ જાપ માટે):**

“ઓમ્ નરસિંહાય નમઃ”

**3. નરસિંહ ગાયત્રી મંત્ર (જ્ઞાન અને આંતરિક શક્તિ માટે):**

“ઓમ્ વજ્રનખાય વિદ્મહે તીક્ષ્ણદંષ્ટ્રાય ધીમહિ ।
તન્નો નરસિંહઃ પ્રચોદયાત્ ।।”

-- લાભ: આ મંત્રોનો નિયમિત જાપ (૧૦૮ વાર) કરવાથી જીવનના અવરોધો દૂર થાય છે, માનસિક શાંતિ મળે છે અને ભગવાન નરસિંહના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

**(ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક- સંગીતકાર)**

# નેશનલ હાઈ વે ઉપર બે અકસ્માતમાં નવના મોત

## હિંમતનગર નજીક જવાનગઢ પાટીયા પાસે એક ઝડપથી આવતી ખાનગી બસે કારને ટક્કર મારી : સુરતની કાર ટ્રક સાથે ભટકાઈ

**સુરત**

ગુજરાતમાં મંગળવારે મોડી રાત્રે અને બુધવારે સવારે ઘટેલી અકસ્માતોની બે ઘટનામાં નવ જણાના જીવ ગયા છે. આ બન્ને અકસ્માત અલગ અલગ સ્થળ પર નેશનલ હાઈ વે 48 પર થયા હતા. બુધવારે સવારે ઉત્તર ગુજરાતમાં નેશનલ હાઈ વે 48 પર હિંમતનગર નજીક જવાનગઢ પાટીયા પાસે એક ઝડપથી આવતી ખાનગી બસે કારને ટક્કર મારતા છ જણના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. આ ટક્કર એટલી ભયાનક હતી કે કાર કાગળની જેમ ડૂચ્ચો વળી ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, અકસ્માત સમયે ભોગ બનનારાઓ મોડાસાના સરદોઈ ગામના રહેવાસી હતા અને કૂપ તરફ જઈ રહ્યા હતા. ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. માહિતી મળતાં જ ગાંભોઈ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા અને કેસ નોંધ્યો હતો. વધુ તપાસ ચાલુ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ ટક્કરને કારણે શામળાજી-



અમદાવાદ હાઈવે પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. બાદમાં અધિકારીઓએ ક્રેનની મદદથી રસ્તો સાફ કરવો પડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે હાઈવે ડિવાઈડર પર ગેરકાયદે કટને કારણે આ અકસ્માત થયો હશે. અધિકારીઓના અનુમાન અનુસાર આ કટમાંથી કાર પસાર થવા ગઈ હશે અને પાછળથી બસે હડફેટે લઈ લીધી હશે. જોકે સ્થાનિકોનું કહેવાનું છે કે આ કટને લીધે અહીં માર્ગ સુરક્ષાના પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

જ્યારે અન્ય એક ગમખ્વાર અકસ્માતમાં સુરતના વરછા વિસ્તારના ત્રણ યુવાનની કારને નેશનલ હાઈ વે 48 પાસે જાંબુઆ બ્રિજ નજીક અકસમાત નડ્યો હતો. ત્રણેય મૃત યુવાન ભાવનગર ખાતે મોગલ ધામમાં એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા જતા હતા. તેમની કાર આઈસક્રીમ ટ્રક સાથે અથડાઈ હતી, જે ઊંધી દિશામાંથી આવી રહ્યો હતો. આ અક્સમાત પણ એટલો ભયાનક હતો કે કાર આખી દબાઈ ગઈ હતી. એક યુવાનનું ઘટના સ્થળે અને અન્ય બેનાં પછીથી મોત થયા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મૃતકોની ઓળખ ગોપાલભાઈ કોહાભાઈ કામલીયા (23), યોગેશ કિશોરભાઈ ચાવડા (24) અને આશિષભાઈ પરમાર (28) તરીકે થઈ છે. અન્ય બે, હમીરભાઈ ભુરાભાઈ ભુવા અને દિલીપભાઈ જેઠવા, ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# લોકગાયક ગઢવીને કોર્ટે ફટકારી નોટિસ, SP ઝાલાની મુશ્કેલી વધી

### કિર્તીદાનના કહેવાથી પોલીસે અત્યાચાર કર્યો હોવાનો દાવો

**અમદાવાદ**

અમદાવાદના ઈવેન્ટ ઑર્ગેનાઈઝરને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી ઢોર માર મારવાના ગંભીર આરોપ સાથે થયેલી અરજી અંગે હાઈકોર્ટે કિર્તીદાન ગઢવી સહિત CID ક્રાઈમ સાયબર સેલના અધિકારીઓને નોટિસ ફટકારી છે.

ખોડિયારનગરમાં રહેતા ઈવેન્ટ ઑર્ગેનાઈઝર જયેશ પરમારે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેમાં તેમનો દાવો છે કે વર્ષ 2025ની નવરાત્રિ ઈવેન્ટના આયોજન માટે જયેશ પરમાર અને કિર્તીદાન ગઢવી વચ્ચે ભાગીદારી થઈ હતી. જો કે હિસાબ-કિતાબ અને નાણાકીય લેવડદેવડમાં વિવાદ સર્જાયો હતો. આક્ષેપ છે કે 20 ફેબ્રુઆરી, 2025ના રોજ કોઈપણ પ્રકારના વોરંટ કે નોટિસ વગર સાયબર સેલ ગાંધીનગરના અધિકારીઓએ જયેશ પરમારને સિવિલ ડ્રેસમાં અટકાયત કરી હતી આ મામલે હાઈકોર્ટે ગંભીર નોંધ લેતાં કિર્તીદાન ગઢવી, SP રાજદીપસિંહ ઝાલા, સાયબર સેલના PI બી. એમ. ચૌધરી અને PSI પરમારને ખુલાસો કરવા નોટિસ જાહેર કરી છે.

# રાજકોટમાં 20 લાખની લાંચ લેતા CGST સુપરિન્ટેન્ડન્ટ અને ટેક્સ કન્સલ્ટન્ટ ઝડપાયા

**અમદાવાદ**

ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં ગુજરાત એન્ટિ કરપ્શન બ્યુરોએ રાજકોટમાં એક મોટી સફળતા મેળવી છે. સી.જી. એસ.ટી. (CGST) કચેરીના એક સુપરિન્ટેન્ડન્ટ અને તેમના વતી લાંચ લેતા એક ટેક્સ કન્સલ્ટન્ટને 20 લાખ રૂપિયાની માતબર રકમ સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.

ફરિયાદી સામે જી.એસ.ટી. ન ભરવા અને ખોટા બિલ બનાવવા બાબતે સી.જી. એસ.ટી. કચેરીમાં એક અરજી થઈ હતી. આ કેસમાં મોટી કાર્યવાહી ન કરવા અને મામલો થાળે પાડવા માટે સુપરિન્ટેન્ડન્ટ મુકેશકુમાર મનબોધ્ધ કુમારે 25 લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. લાંબી રકઝક બાદ 20 લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલિક એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. સુપરિન્ટેન્ડન્ટ મુકેશકુમારે આ લાંચની રકમ ટેક્સ કન્સલ્ટન્ટ આકાશ કલોલીયાને આપવા માટે સૂચના આપી હતી. એ.સી.બી.ની ટીમે રાજકોટ એસ.ટી. બસ સ્ટેશન પાછળ આવેલા ક્રીએટીવ કોમ્પ્લેક્ષમાં છટકું ગોઠવ્યું હતું. જેવું આકાશ કલોલીયાએ ફરિયાદી પાસેથી 20 લાખ રૂપિયા સ્વીકાર્યા, કે તરત જ એ.સી.બી.એ ત્રાટકીને તેને ઝડપી લીધો હતો. આ સાથે જ સુપરિન્ટેન્ડન્ટ મુકેશકુમારની પણ ધરપકડ કરવામાં આવી છે. એ.સી.બી.ની આ કાર્યવાહીને પગલે સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર કરતા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જાગૃત નાગરિકની હિંમતને કારણે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવ્યો છે.

# સુરતમાં ધોળે દિવસે બેંકમાં લૂંટ: હથિયારધારી લૂંટારુઓ 13 મિનિટમાં 50 લાખ ઉઠાવી ફરાર

## લૂંટારૂઓએ સૌ પ્રથમ સ્ટાફના મોબાઈલ ફોન છીનવી લીધા હતા

**સુરત**

ગઈકાલે ગુજરાતના ડાયમંડ સિટી સુરતના વરાછા વિસ્તારમાં આવેલા લંબે હનુમાન રોડ પરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) શાખામાં આજે ધોળા દિવસે હથિયારધારી લૂંટારૂઓ ત્રાટક્યા હતા. અંદાજે 5થી 6 જેટલા લૂંટારૂઓએ પિસ્તોલની અણીએ બેંક કર્મચારીઓને બંધક બનાવી અંદાજે 50 લાખ રૂપિયાની રોકડ લૂંટી લેતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી.

પોલીસ તપાસમાં લૂંટની આ ઘટનાના દિલધડક સીસીટીવી ફૂટેજ અને વિગતો સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, લૂંટારૂઓ બપોરે 1:11 કલાકે શાંતિથી ગ્રાહકના સ્વાંગમાં બેંકની અંદર પ્રવેશ્યા હતા. તેઓ કોઈ ઉતાવળ કરવાને બદલે પૂરી 40 મિનિટ સુધી બેંકમાં જ બેસી રહ્યા હતા અને કેશ વાન આવવાની રાહ જોઈ હતી. જેવી કેશ વાન બેંકમાં આવી અને કેશ ડિપોઝિટની પ્રક્રિયા શરૂ થઈ, કે તરત જ લૂંટારૂઓએ અસલી ખેલ શરૂ કર્યો હતો.

બપોરે 1:54 કલાકે લૂંટારૂઓએ પિસ્તોલ કાઢી કર્મચારીઓને બાનમાં લીધા હતા. લૂંટારૂઓએ સૌ પ્રથમ સ્ટાફના મોબાઈલ ફોન છીનવી લીધા હતા જેથી કોઈ પોલીસને જાણ ન કરી શકે. ત્યારબાદ માત્ર 13 મિનિટમાં કેશ વાનમાંથી લાવેલા અને કેશ કાઉન્ટર પર પડેલા મળી કુલ 50 લાખથી વધુની રકમ વિમલના થેલા અને લગેજ બેગમાં ભરી લીધી હતી. લૂંટ ચલાવ્યા બાદ તમામ આરોપીઓ સ્પોર્ટ્સ બાઈક પર સવાર થઈને ફરાર થઈ ગયા હતા.

# હવે વીડિયો કોન્ફરન્સ દ્વારા છૂટાછેડા લઈ શકાશે, વર્ચ્યુઅલ હાજરીને મંજૂરી

### લગ્નના છ દિવસ બાદ પરસ્પર સંમતિથી છૂટાછેડાનો નિર્ણય લીધો હતો

**ગાંધીનગર**

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે એનઆરઆઈ પતિને પરસ્પર સંમતિથી છૂટાછેડાના કેસમાં વીડિયો કોન્ફરન્સથી હાજર રહેવાની મંજૂરી આપી હતી. ફેમિલી કોર્ટ દ્વારા એનઆરઆઈ પતિની ફિઝિકલ હાજરીના આગ્રહને વધુ પડતો ટેકનિકલ અભિગમ ગણાવી હાઈકોર્ટે જણાવ્યું કે, ટેકનોલોજી ખરેખર ન્યાયમાં મદદ કરે છે, તેને અવરોધે નહીં. એપ્રિલ 2024માં લગ્ન કરનાર એક દંપતી માત્ર છ દિવસ સાથે રહ્યા હતા અને બાદમાં બંને વચ્ચે વૈવાહિક તકરારોને લઈ બંનેએ છૂટા પડવાનું નક્કી કર્યું હતું. આ મામલે દંપતી દ્વારા પરસ્પર સંમતિથી છૂટાછેડાનો કેસ ફેમિલી કોર્ટમાં દાખલ કરાયો હતો. જો કે, ફેમિલી કોર્ટે પતિ ઓસ્ટ્રેલિયા રહેતો હોય તેની ઓનલાઈન હાજરી માન્ય રાખવાનો સાફ ઈનકાર કરી દીધો હતો અને તેને કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહેવાનો આગ્રહ રાખ્યો હતો. જેને પગલે અરજદાર દંપતીએ ફેમિલી કોર્ટના હુકમને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

# સેવન્થ ડે સ્કૂલનું સંચાલન પરત કરાશે, સરકારે વલણ સ્પષ્ટ કર્યું

**અમદાવાદ**

મણિનગર વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં સાથી વિદ્યાર્થી દ્વારા ધોરણ-10ના વિદ્યાર્થીની હત્યાના કેસમાં રાજ્ય સરકાર તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પોતાનું વલણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ હૃદયદ્રાવક ઘટના બાદ શાળાનું મેનેજમેન્ટ સરકાર હસ્તક લેવાયું હતું. પરંતુ હવે સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કૂલનું સંચાલન ફરી પાછું શાળાને સોંપવાનો નિર્ણય લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરતા શાળા દ્વારા કરાયેલી અપીલનો હાઈકોર્ટે નિકાલ કર્યો હતો.

રાજ્ય સરકાર તરફથી હાઈકોર્ટને માહિતી અપાઈ હતી કે, સેવન્થ ડે સ્કૂલનું મેનેજમેન્ટ લેવા અંગેનો હુકમ પાછો ખેંચવા બાબતે સરકારમાં ભલામણ કરવામાં આવી છે અને સંભવતઃ ટૂંક સમયમાં જ આ અંગે નિર્ણય લેવાઈ જશે, જેથી શાળાને ફરી સંચાલન મળી શકે છે.

# ગુજરાતમાં ડાયાબિટીસનો વિસ્ફોટ : એન્ટી ડાયાબિટીસ દવાઓના વેચાણમાં બે વર્ષમાં 25 ટકા સુધીનો ઉછાળો

## 5 મહિના દરમિયાન એન્ટી-ડાયાબિટીક સેગમેન્ટમાં માસિક 83 કરોડથી 109 કરોડનું વેચાણ નોંધાયું

**અમદાવાદ**

ગુજરાતમાં એન્ટી ડાયાબિટીસ દવાઓનું મૂવિંગ એન્યુઅલ ટોટલ (MAT) માર્ચ 2026 માં 1,196 કરોડ પર પહોંચ્યું હતું, જે માર્ચ 2024 ના 962 કરોડની સરખામણીએ બે વર્ષમાં 25% નો વધારો દર્શાવે છે. જ્યારે ડાયાબિટીસની દવાઓના વેચાણમાં વાર્ષિક વૃદ્ધિ સરેરાશ 13% ની આસપાસ હતી. આ ઉપરાંત જાન્યુઆરી-માર્ચ 2026 ના ત્રિમાસિક ગાળામાં અગાઉના વર્ષોના સમાન ગાળાની સરખામણીમાં 20%-22% નો તીવ્ર ઉછાળો નોંધાયો હતો. ગુજરાતના દવાઓના




વેચાણના વિશ્લેષણ પર આધારિત ડેટા મુજબ, 5 મહિનાના સમયગાળા દરમિયાન એન્ટી-ડાયાબિટીક સેગમેન્ટમાં માસિક 83 કરોડથી 109 કરોડનું વેચાણ નોંધાયું હતું. ગુજરાતમાં એકંદરે વૃદ્ધિ રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ વધુ રહી હતી. ફાર્માસિસ્ટ અને નિષ્ણાતો વેચાણમાં થયેલા આ વધારા માટે માત્ર કેસોમાં વધારો અને નિદાનમાં સુધારો જ નહીં, પરંતુ GLP-1 થેરાપીની વધતી માંગને પણ જવાબદાર માને છે. લગભગ 23,000 કરોડના એન્ટી-ડાયાબિટીસ માર્કેટની સરખામણીમાં GLP-1 હજુ પણ 1,600 કરોડની આસપાસ નાનું છે. મુખ્ય તફાવત એ છે કે પ્રીમિયમ કિંમતોને કારણે GLP-1 માર્કેટ ઝડપથી વિસ્તરી રહ્યું છે. વેચાણના જથ્થાની દૃષ્ટિએ, તેનું કદ હજુ પણ નોંધપાત્ર રીતે નાનું છે.

# અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે માટે જમીન સંપાદનમાં ભ્રષ્ટાચાર, સંપાદન રદ કરાયું

## DILR એ નકશામાં બંને પ્લોટના ભૌગોલિક સ્થાનો અને સીમાઓ ઉલટાવી દીધી હતી

**અમદાવાદ**

અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે માટે જમીન સંપાદનમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવ્યા બાદ સંપાદન રદ કરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના કસૂરવાર અધિકારીઓ સામે પગલા લેવા આદેશ આપ્યો હતો. ગુજરાત હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલ અને ન્યાયાધીશ ડી.એન. રાયની ડિવિઝન બેન્ચ વિવાદિત જમીનના બે ખાનગી ખરીદદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતા આદેશ આપ્યો હતો.

આ કેસ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ભોલાદ ગામમાં આવેલી 21,314 ચોરસ મીટર જમીનનો છે. આ જમીન સર્વે નંબર 785 રાઘવજીભાઈ દેવજીભાઈની માલિકી અને સર્વે નંબર 789 કરસનભાઈ પટેલની માલિકી એમ બે પ્લોટમાં વહેંચાયેલી હતી, જે NHAI દ્વારા 2018 અને 2020માં એક્સપ્રેસવે માટે સંપાદિત કરવામાં આવી હતી. NHAI એ તેના માલિકોને વળતર પણ ચૂકવી દીધું હતું. જોકે, સંપાદન પછી મૂળ માલિકોએ જમીનની માપણી માટે DILR (જિલ્લા નિરીક્ષક જમીન દફતર) ને અરજી કરી હતી. કોર્ટના ચુકાદા મુજબ, DILR એ કથિત રીતે ગામના નકશામાં બંને પ્લોટના ભૌગોલિક સ્થાનો અને સીમાઓ ઉલટાવી દીધી હતી.

# ધારાસભ્ય ચૈતર વસાવાએ થપ્પડ માર્યા પછી યુવકના હાથે લપડાક પણ ખાધી

**ભરૂચ**

ભરૂચમાં વળતરના મુદ્દે ચૈતર વસાવા અને એક યુવક વચ્ચે જાહેરમાં લાફાવાળી થતા ચકચાર મચી ગઈ છે. બે-ત્રણ દિવસ પહેલા એક કંપનીમાં લાગેલી આગમાં રાકેશ વસાવા નામના વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ કંપની અને પીડિત પરિવાર વચ્ચે વળતરની રકમને લઈને શાંતિપૂર્ણ માહોલમાં વાતચીત ચાલી રહી હતી, ત્યારે અચાનક ધારાસભ્યની એન્ટ્રી થતા મામલો ગરમાયો હતો.

મૃતકના ભાઈ રોશન વસાવાના જણાવ્યા અનુસાર, પરિવાર દ્વારા ધારાસભ્યને બોલાવવામાં આવ્યા નહોતા, તેમ છતાં ચૈતર વસાવા ત્યાં પહોંચી ગયા હતા અને માહોલ બગાડવાનો પ્રયાસ કર્યો હતો. વળતરની ચર્ચા દરમિયાન કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેમાં ધારાસભ્યએ પિત્તો ગુમાવ્યો હતો.

વસાવાએ પીડિત પરિવારના જ એક યુવકને જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો. ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલા આ વ્યવહારના વળતા પ્રહારમાં પીડિત યુવકે પણ કાયદાનો કે પદનો ડર રાખ્યા વગર ચૈતર વસાવાને સણસણતો લાફો ચોડી દીધો હતો.

# સુરતમાં પતિએ પત્નીની હત્યા કરી બોક્સમાં મૃતદેહ રવાના કરી દીધો

**અમદાવાદ**

ગુજરાતના સુરતમાં મહિલા ડાયેટિશિયનની પતિએ કથિત હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ તેના મૃતદેહને લાકડાના બોક્સમાં સ્ટફ કરી તેના જૂના મકાનમાં મૂકી આવ્યો હોવાની માહિતી પોલીસસૂત્રોએ આપી હતી. પતિ વિશાલ સાલ્વીએ પત્ની શિલ્પા સાલવીની હત્યા 20મી એપ્રિલે કરી હતી અને ત્યારબાદ મૃતદેહને સુરતમાં પોતાના જૂના ઘરે ટ્રાન્સપોર્ટ કરી દીધો હતો. તેણે કથિત રીતે મૃતદેહને લાકડાના બોક્સમાં મૂકી દીધો હતો અને તેના પર સિમેન્ટ પાથરીને તેને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો.સલબતપુરા પોલીસ સ્ટેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર દંપતી તેમના પુત્ર સાથે શહેરના ગોડાદરા વિસ્તારમાં રહેતું હતું. 20મી એપ્રિલે પતિએ પત્નીનાં ગૂમ થયાની ફરિયાદ ગોડાદરા પોલીસ સ્ટેશને નોંધાવી હતી. જોકે, પાછળથી તેણે તેના દીકરાને એક પત્ર આપ્યો અને ઘરેથી ગાયબ થઈ ગયો.પત્રના આધારે પોલીસે મહિલાને સલબતપુરામાં તેના જૂના ઘરમાં શોધી કાઢી હતી. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીને પકડવા વિવિધ ટીમ બનાવવામાં આવી છે. આ સાથે હત્યા પાછળનું કારણ જાણવા અને હત્યામાં અન્ય કોઈ તેની સાથે હતું કે નહીં તે માટે પોલીસ તપાસ કરી રહી છે.

# NRI માટે રોકાણ વધુ સરળ અને કરમુક્ત! ગિફ્ટ સિટી બન્યું નવું ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન

**ગાંધીનગર**

ગિફ્ટ સિટી વૈશ્વિક સ્તરે ભારતીયો નાણાકીય ઉત્પાદનોને કેવી રીતે સરળતાથી એક્સેસ કરે છે તે મુદ્દાને ફરીથી આકાર આપી રહ્યું છે. આ સંદર્ભમાં પોલિસીબજાર NRIs માટે રોકાણને પહેલા કરતા વધુ સરળ બનાવવા માટે તેની ઓફરોનો વિસ્તાર કરી રહ્યું છે. ભારતના ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર (IFSC) માં તેની હાજરી દ્વારા, પોલિસીબજાર 35+ દેશોમાં NRIs ને યુએસ ડોલરમાં રોકાણ-લિંક્ડ વીમા સોલ્યુશન્સ એક્સેસ કરવા સક્ષમ બનાવી રહ્યું છે. ઘણા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ IFSC માં તેમની હાજરી સ્થાપિત કરી રહ્યા છે ત્યારે ગિફ્ટ સિટી તેના વૈશ્વિક રિઈન્સ્યોરન્સ કામગીરી માટે એક આધાર તરીકે પણ ઉભરી રહ્યું છે.

પોલિસીબજારની ગિફ્ટ સિટી શાખાના પ્રિન્સિપાલ ઓફિસર બિમલ મેનનએ જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે અમારા NRI ગ્રાહક આધારમાં 50% થી વધુ હિસ્સો ધરાવે છે. તે ધીમે ધીમે વૈશ્વિક ભારતીય રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. NRIsમાં, ગિફ્ટ સિટી એક પસંદગીના રોકાણ કેન્દ્ર તરીકે મજબૂત પકડ મેળવી રહ્યું છે. આ પરિવર્તન કલમ 10(10D) હેઠળ કરમુક્ત લાભો, યુએસ ડોલર ડિનોમિનેટેડ માર્કેટ લિંક્ડ વીમા ઉત્પાદનોની ઉપલબ્ધતા, સીમલેસ રિપેટ્રિએશન અને એક જ એકીકૃત નિયમનકાર સહિતના ફાયદાઓ દ્વારા પ્રેરિત છે.

ગિફ્ટ સિટી ભવિષ્ય માટે તૈયાર ઈકોસિસ્ટમનું પ્રતિનિધિત્વ કરે છે, જે ટેકનોલોજી ટકાઉપણું અને વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક કરેલ શહેરી વિકાસ ધોરણોને એકસાથે લાવે છે.

# દેવું થતાં યુવકે બેન્ક કર્મચારી સાથે મળી મ્યુલ ખાતુ ખોલાવી લાખોની ઠગાઈ કરી

## કાગડાપીઠ પોલીસે બે શખ્સને પકડયા : રાજ્યભર આરોપીઓ સામે ઠગાઇની 55 ફરિયાદો

**અમદાવાદ**

કાગડાપીઠ પોલીસને સાયબર ક્રાઈમના સમન્વય પોર્ટલ ઉપર ચેક કરતા કાંકરિયા પાસે આવેલી ખાનગી બેંકનુ એકાઉન્ટ મળી આવ્યું હતું, જેમાં સાયબર ફ્રોડના નાણા અવાર નવાર ટ્રાન્સફર થયા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ પોલીસે પોર્ટલ પર ચેક કરતા આ બેંક એકાઉન્ટ ધારક સામે વર્ષ ૨૦૨૩થી અત્યાર સુધીમાં ગુજરાત સહિત જુદા જુદા રાજ્યામાં સાયબર ક્રાઈમની ૫૫ જેટલી ફરિયાદો થઈ હતી. સારંગપુર ખાતે રહેતા જીગરભાઈ તથા ઇસનપુરમાં રહેતા ઉમંગભાઈ અને રામોલમાં રહેતા મુકિમ સામે ફરિયાદ નોંધાવી છે કે જીગર ઝાલાના નામે એકાઉન્ટ ખુલ્યું હોવાનુ જાણવા મળતા તેની ધરપકડ કરીને પૂછપરછ કરતા તેમને દેવુ થઈ જતા રૂપિયાની જરૂરિયાત ઉભી થઈ હતી. એટલે તેણે ઈન્ડસન્ડ બેંકમાં કામ કરતા તેના ઓળખીતા મિત્ર ઉમંગભાઈને વાત કરતા તેમણે મદદ કરવાની હા પાડી પરંતુ એકાઉન્ટ ખોલાવશે તો તેને રૂ.૪૦ હજાર મળશે તેવી વાતચીત કરતા આથક તંગીમાં આવેલા આરોરીએ પોતાના નામે એકાઉન્ટ ખોલાવી દીધું હતું. ત્યારબાદ કાગડાપીઠ પોલીસે ઉમંગની ધરપકડ કરતા તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી કે રામોલમાં રહેતા તેના મિત્ર મુકીમને એકાઉન્ટની વિગતો અને તેની કીટ આપી દીધી હતી. અને તેના બદલામાં પોતે કમિશન પણ લેતો હતો.

# સુરતની જરી વિશ્વમાં ચમકી : GI ટેગ સાથે વૈશ્વિક સ્તરે ડંકો વગાડતો ઉદ્યોગ

## સુરત ભારતનું 70% જરી ઉત્પાદન કરનારું શહેર

**સુરત**

સુરત શહેરના બેગમપુરા, વાડીફળિયા, ખટોદરા, ભાટેના અને નવાપુરા જેવા વિસ્તારો એક સદી પહેલા સુરતમાં વિકાસ પામેલા જરી ઉદ્યોગના મુખ્ય કેન્દ્રો રહ્યા છે. મૂળ સુરતના ગોલા-કણબી, ખત્રી, રાણા અને પટેલ જ્ઞાતિના કુટુંબો અંદાજે ૧૨૦ વર્ષ જૂની વંશપરંપરાગત કલાને પેઢી દર પેઢી જીવંત રાખી રહ્યા છે. સુરતની ભૌગોલિક પરિસ્થિતિ, અહીંની ભેજવાળી હવા જરીના તારના વણાટ અને ખેંચાણ માટે અત્યંત અનુકૂળ છે. આ જ કારણથી અહીં ઉત્પાદિત જરીની ગુણવત્તા સર્વોત્તમ રહે છે.

વર્તમાન સમયમાં સુરતનો જરી ઉદ્યોગ આધુનિકતા સાથે કદમ મિલાવી રહ્યો છે. આજે સુરતમાં ૮૦ ટકા જેટલું ઉત્પાદન સસ્તી અને ટકાઉ મેટાલિક યાર્ન જરીનું થાય છે, જ્યારે ૨૦ ટકા સાચી જરીનું ઉત્પાદન જળવાઈ રહ્યું છે. સુરતના વરાછા, કતારગામ, પુણા વિસ્તારમાં આજે પણ હજારો ઘરોમાં આ ઉદ્યોગ ચાલે છે.

# ચિલોડા હાઈવે ઉપરથી રૂ.1 લાખના હાથીદાંત સાથે રાજસ્થાની યુવક ઝબ્બે

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાની ચિલોડા પોલીસે નેશનલ હાઈવે 48 પર હાથ ધરેલા વાહન ચેકિંગ દરમિયાન વન્યજીવ તસ્કરીના એક મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ચંદ્રાલાકા પોઈન્ટ પાસે એક ખાનગી લક્ઝરી બસની તપાસ દરમિયાન 31 વર્ષીય યુવક પાસેથી અંદાજે 1 લાખ રૂપિયાની કિંમતના હાથીના બે શંકાસ્પદ દાંત જપ્ત કર્યા છે. પોલીસે આ મામલે યશ ગોપાલભાઈ વોરા નામના શખસની ધરપકડ કરી છે. આરોપી મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાનો વતની છે અને હાલમાં મુંબઈના નવી મુંબઈ વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની પાસેથી 1 લાખની કિંમતના હાથીના બે દાંત અને 10,000નો મોબાઈલ મળી કુલ 1.10 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વન વિભાગ આ દાંતની લેબોરેટરી તપાસ કરાવશે. જો આ દાંત અસલી સાબિત થશે, તો આરોપી વિરુદ્ધ 'વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ' (વન્યજીવ સંરક્ષણ અધિનિયમ) ની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. પોલીસ અને વન વિભાગ હવે એ દિશામાં તપાસ કરી રહ્યા છે કે, આરોપી આ શંકાસ્પદ હાથીના દાંત ક્યાંથી લાવ્યો હતો અને મુંબઈમાં કોને સપ્લાય કરવાનો હતો?

# 'તેના અનેક સાથે આડા સંબંધ છે', અમદાવાદમાં બે બાળકોના પિતાનો પત્નીથી ત્રાસી આપઘાત

## ઘટના બાદ ફરાર થયેલી પત્નીને પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી

**અમદાવાદ**

અમદાવાદના રાણીપ વિસ્તારમાં પત્નીના માનસિક ત્રાસ અને અનૈતિક સંબંધોથી કંટાળીને પતિએ મોતને વ્હાલુ કર્યું હતું. મૃતકે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો તે પહેલા વીડિયો બનાવીને પત્નીના ત્રાસ અને આર્થિક છેતરપિંડી મામલે જણાવ્યું હતું. આ ઉપરાંત, મૃતકે બે પાનાની સુસાઈડ નોટ લખી હતી. ગત 22 માર્ચ, 2026ના રોજ રાણીપ વિસ્તારમાં દશરથ દેસાઈ નામના વ્યક્તિએ પત્ની ભગવતીના અનૈતિક સંબંધો અને માનસિક ત્રાસના કારણે આપઘાત કરી લીધો હતો. આપઘાત પહેલા દશરથે 6.51 મિનિટનો વીડિયો બનાવ્યો હતો. જેમાં પત્નીના અન્ય પુરુષ સાથે સંબંધ વિશે જણાવે છે. પતિએ આપઘાત કરી લેતા પત્ની ફરાર થઈ ગઈ હતી. જો કે, પોલીસે તેને ઝડપી પાડી હતી.

વીડિયોમાં મૃતક તેની પત્ની ભગવતી, લસી, મહેશ, ભીખાભાઈ અને સુરેખા જેવા વ્યક્તિના નામનો ઉલ્લેખ કરીને પોતાના મોત માટે જવાબદાર ગણાવ્યા હતા. દશરથે જણાવ્યુ હતું કે, તેની પત્ની ભગતી વારંવાર પોતે આપઘાત કરી લેશે તેમ કહીને ધમકી આપતી હતી. આર્થિક છેતરપિંડી, પત્નીના પર પુરુષ સાથેના આડા સંબંધો અને ઘરકંકાસથી કંટાળીને અંતે દશરથે જીવન ટૂંકાવ્યું હતું.

સમગ્ર મામલે મૃતકના ભાઈ દેવશીએ આક્ષેપ કર્યો છે કે, 'મારા ભાઈએ કરેલી કમાણી, તમામ તેની પત્ની ભગવતીએ પડાવી લીધી હતી. પત્નીના આડા સંબંધના કારણે દશરથ ભાંગી ગયો હતો.'

# બંગાળમાં ત્રિશંકુ, આસામમાં ભગવો અને કેરળમાં પરિવર્તન

## પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કામાં ઐતિહાસિક 92.47 ટકા મતદાન : પાંચ રાજ્યોનો એક્ઝિટ પોલ જાહેર

## ચાણક્યના પોલમાં બંગાળમાં ભાજપને સત્તા મળવાનો વરતારો, તમિલનાડુમાં સ્ટાલિનને વિજય હંફાવી શકે છે

## આસામમાં ફરી હિમંતા બિસ્વાનો જાદુ ચાલ્યો, સતત ત્રીજી વખત સત્તા યથાવત, કોંગ્રેસનો નબળો દેખાવ : એક્ઝિટ પોલ

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ, પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થઈ ગયું છે, બુધવારે પશ્ચિમ બંગાળમાં બીજા અને અંતિમ તબક્કામાં ભારે ગરમી વચ્ચે પણ રેકોર્ડ ૯૨.૪૭ ટકા મતદાન થયું હતું. હવે આ તમામ રાજ્યોના ચૂંટણી પરિણામો ચાર મેના રોજ જાહેર કરવામાં આવશે, એવામાં વિવિધ એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલા એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ આસામમાં ભાજપ, કેરળમાં કોંગ્રેસ-ડાબેરી, તમિલનાડુમાં ડીએમકેને સત્તા જ્યારે પશ્ચિમ બંગાળમાં ત્રિશંકુ વિધાનસભાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

આસામમાં હાલ હેમંતા બિસ્વા સર્માના રાજમાં ભાજપની સરકાર છે જે યથાવત રહેશે, પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના રાજમાં ટીએમસીની સરકારને ફટકો પડી શકે છે અહીંયા ત્રિશંકુની શક્યતાઓ છે. તમિલનાડુમાં એમ. કે. સ્ટાલિનના ડીએમકેને ફરી બહુમત મળશે

કેરળમાં સત્તા પરિવર્તનનો વરતારો છે, કેરળમાં હાલ લેફ્ટ



ડેમોક્રેટિક ફ્રન્ટ એલડીએફની સરકાર છે જેના સ્થાને કોંગ્રેસ અને ડાબેરીઓની સરકાર બનવા જઈ રહી છે તેવુ તારણ આ એક્ઝિટ પોલમાં જાહેર કરવામાં આવ્યું છે. તેવી જ રીતે કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીમાં એનડીએની સરકારના હાથમાં જ સત્તા રહેશે.

આસામમાં ભાજપને ૮૮થી ૧૦૦ જ્યારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને ૨૪-૩૬ બેઠકો મળશે, આસામમાં ૧૨૬ બેઠકો છે જેથી બહુમત માટે ૬૪ બેઠકોની જરૂર રહેશે. ભાજપ અહીંયા હાલ સત્તામાં છે. પશ્ચિમ બંગાળમાં મોટા ફેરફારની શક્યતાઓ છે, બંગાળમાં આ વખતે મમતાના પક્ષ ટીએમસીને ભાજપ ભારે ટક્કરની તૈયારીમાં છે, કેટલાક એક્ઝિટ પોલના તારણ મુજબ બંગાળમાં ત્રિશંકુ વિધાનસભાની શક્યતા છે જેમાં ટીએમસી, ભાજપ અને ડાબેરી-કોંગ્રેસનો સમાવેશ થાય છે. જોકે ચાણક્ય સ્ટ્રેટેજીના પોલમાં દાવો કરાયો છે કે ૨૯૪ બેઠકો વાળા બંગાળમાં ભાજપને ૧૫૦-૧૬૦ બેઠકો સાથે સત્તા મળશે જ્યારે ટીએમસીને ૧૩૦-૧૪૦ બેઠકો મળી શકે છે. કેટલાક તારણો મુજબ તમિલનાડુમાં ડીએમકેની સત્તા યથાવત રહેશે જ્યારે અહીંયા અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયના પક્ષ ટીવીકેના પણ ચોંકાવનારા પરિણામ આવી શકે છે અને તે વિપક્ષમાં બેસે તેવી શક્યતાઓ છે.

પશ્ચિમ બંગાળમાં બુધવારે બીજા તબક્કાનું મતદાન થયું જેની ટકાવારી રેકોર્ડ બ્રેક ૯૨.૪૭ ટકા રહી છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ભારતની આઝાદી પછી બંગાળનું આ સૌથી વધુ મતદાન છે. આ પહેલા બંગાળમાં ૨૦૧૧માં ૮૪.૭૨ ટકા મતદાન થયું હતું. જોકે મુખ્યમંત્રી મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે કેન્દ્રીય સુરક્ષાદળો બંગાળમાં ચૂંટણીમાં ભાજપને મદદ કરવાનું કામ કરી રહ્યા છે. આ ચૂંટણી સ્વતંત્ર અને પારદર્શી નથી, ભવાનીપુર મત

## બંગાળમાં EVMમાં ભાજપના બટન પર ટેપ ચોંટાડાઈ હોવાનો આરોપ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી 2026માં બીજા તબક્કાનું મતદાન ભારે તણાવ અને હિંસા વચ્ચે ભવાનીપુર બેઠક પર મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભાજપના શુભેન્દુ અધિકારી સામસામે આવી જતાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો હતો. મતદાનના દિવસે EVM સાથે છેડછાડ અને બટનો પર ટેપ ચોંટાડવા જેવા ગંભીર આરોપો સામે આવ્યા હતા. અભિષેક બેનર્જીના સંસદીય મતવિસ્તારમાં BJP ઉમેદવાર દેવાંશુ પાંડાએ આરોપ લગાવ્યો હતો કે ઘણા બૂથ પર EVM મશીનો પર તેમના નામ અને પાર્ટીના ચૂંટણી પ્રતીકને અનુરૂપ બટન ટેપ કરવામાં આવ્યું હતું, જેના કારણે મતદારો ભાજપની તરફેણમાં મતદાન કરી શકતા નથી.

## નાદિયામાં ભાજપના એજન્ટ પર સળિયા-લાકડીઓથી હુમલો

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દરમિયાન નાદિયામાં સવારે એક ભાજપના એજન્ટ પર હુમલો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ હુમલામાં ભાજપના એજન્ટને ગંભીર ઈજાઓ પહોંચી હોવાની તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ભાજપના એક બૂથ એજન્ટને લાકડીઓ અને સળિયાથી માર મારવામાં આવ્યો હતો, જેના કારણે તેના માથામાં ગંભીર ઈજા થઈ હતી. ભાજપના ઉમેદવાર સૈકત સરકારે ટીએમસી કાર્યકરો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. હાવડામાં મતદાન દરમિયાન હંગામો અને હિંસક અથડામણના અહેવાલો પણ સામે આવી રહ્યા છે. હાવડામાં એક મતદાન મથક પર EVM માં ખામી સર્જાતા હોબાળો મચી ગયો હતો.

## કેરળમાં 33 ટકા લોકોની CM પદ માટે પિનરાઈ વિજય પહેલી પસંદ

જ્યારે 33 ટકા લોકો કેરળમાં પિનરાઈ વિજયને અને 22 ટકા લોકો કોંગ્રેસ નેતા વી.ડી.સતીશનને મુખ્યમંત્રી તરીકે જોવા માંગે છે. જોકે એક્ઝિટ પોલના તારણો મુજબ CM વિજયન સત્તા ગુમાવી શકે છે. અહીં કોંગ્રેસના નેતૃત્વવાળી યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) સત્તામાં પરત ફરવાની અને વિજયનની પાર્ટી CPIMના નેતૃત્વવાળા લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ની હાર થવાની સંભાવના છે. પરિણામોમાં યુડીએફને 78-90, એલડીએફને 49-62 અને અન્યને 0-3 બેઠકો મળવાનું અનુમાન છે. કેરળની 140 વિધાનસભા બેઠકો માટે 9મી એપ્રિલે એક તબક્કામાં મતદાન યોજાયું હતું, જેનું ચોથી મેએ પરિણામ જાહેર થશે.

# મધ્યપ્રદેશમાં જબલપુર જિલ્લાના બરગી ડેમમાં પ્રવાસીઓથી ભરેલું ક્રૂઝ ડૂબ્યું, 6 લોકોના મોત

### ક્રૂઝમાં 30 લોકો સવાર હતા, અન્ય લોકોની શોધખોળ માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલુ

**ભોપાલ**

મધ્યપ્રદેશના જબલપુર જિલ્લામાં એક હૃદયદ્રાવક દુર્ઘટના બની છે. બરગી ડેમમાં પ્રવાસીઓથી ભરેલું એક ક્રૂઝ બોટ અચાનક ડૂબી ગયું. આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને રેસ્ક્યુ કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી. મળતી માહિતી મુજબ દુર્ઘટના સમયે ક્રૂઝમાં અંદાજે 30 લોકો સવાર હતા, જેમાં પ્રવાસીઓ ઉપરાંત ક્રૂ સભ્યો પણ સામેલ હતા.

બોટ ડેમના પાણીમાં ફરતી વખતે અચાનક સંતુલન ગુમાવી બેસી અને થોડી જ ક્ષણોમાં પાણીમાં ડૂબી ગઈ હોવાનું જણાવવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન અને રેસ્ક્યુ ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ. આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યાં સુધીમાં આ દુર્ઘટનામાં 6 લોકોના મોત નીપજ્યા છે, જ્યારે 15 લોકોને સુરક્ષિત રીતે પાણીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી છે. બાકી રહેલા લોકોની શોધખોળ માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. સ્થાનિક ડાઈવર્સ અને આપત્તિ પ્રતિસાદ ટીમ (SDRF) દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ક્રૂઝમાં ઓવરલોડિંગ હતું કે ટેક્નિકલ ખામી હતી તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. સાથે જ બોટની સુરક્ષા વ્યવસ્થા અને પરવાનગી સંબંધિત દસ્તાવેજોની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટનાથી પ્રવાસન ક્ષેત્રે સુરક્ષા વ્યવસ્થાઓ પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. બરગી ડેમ જબલપુરનો એક લોકપ્રિય પ્રવાસન સ્થળ છે.

# દિલ્હીમાં પિતાએ જ 4 વર્ષના માસૂમ પુત્રની નજર સામે પત્નીની હત્યા કરી

**નવી દિલ્હી**

નવી દિલ્હીના સોનિયા વિહારમાં પત્નીની નિર્મમ હત્યા કરનાર આરોપી પતિની પોલીસે ધરપકડ કરી છે. 29 એપ્રિલની આ કરુણ ઘટનાનો સાક્ષી દંપતીનો 4 વર્ષનો માસૂમ પુત્ર બન્યો હતો. પિતાએ પત્નીને રૂમમાં પુરીને એટલી હદે ઢોર માર માર્યો હતો કે હોસ્પિટલ પહોંચતા પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. લોહીલૂહાણ હાલતમાં માતાના નિર્જીવ શરીર પાસે ઊભેલા બાળકની સ્થિતિ જોઈ પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. ઘટના બાદ ભાગવાનો પ્રયાસ કરી રહેલા આરોપીને પોલીસે નાકાબંધી કરી ઝડપી પાડ્યો છે. ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળેથી મહત્વના પુરાવા એકત્ર કર્યા છે. આ કેસમાં માસૂમ બાળકની જુબાની ખૂબ મહત્વની હોવાથી પોલીસ તેનું કાઉન્સેલિંગ કરાવશે, જેથી તે ભયમુક્ત થઈ નિવેદન આપી શકે. હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસ આરોપીની પૂછપરછ કરી રહી છે કે શું આ કૃત્ય આવેશમાં આવીને કરવામાં આવ્યું હતું કે કોઈ ષડયંત્રના ભાગરૂપે. વધુમાં, પાડોશીઓના જણાવ્યા મુજબ ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા, જેના કારણે આ ગંભીર ઘટના બની હોવાની આશંકા પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બેંગ્લોરમાં ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ : 4 વિદેશી સહિત 16 શખ્સોની ધરપકડ કરાઈ, રૂ. 36 કરોડનું ડ્રગ્સ જપ્ત

### નેટવર્ક ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને નિશાન બનાવી ઝડપથી નફો કમાવવા સક્રિય છે

**બેંગ્લોર**

કર્ણાટકની રાજધાની અને આઈટી હબ ગણાતા બેંગ્લોરમાં પોલીસે ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં પોલીસે 16 ડ્રગ પેડલર્સની ધરપકડ કરી છે અને તેમની પાસેથી આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે રૂ.36.67 કરોડની કિંમતનું માદક દ્રવ્યોનું નેટવર્ક તોડી પાડ્યું છે. પકડાયેલા શખસોમાં વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે, જે આ રેકેટના આંતરરાષ્ટ્રીય છેડા તરફ ઈશારો કરે છે.

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ(CCB) અને સ્થાનિક પોલીસ ટીમોએ આ દરોડા પાડ્યા હતા. પકડાયેલા 16 આરોપીઓ પૈકી 4 વિદેશી નાગરિકો છે, જ્યારે 8 આરોપીઓ અન્ય રાજ્યોના અને 4 સ્થાનિક રહેવાસીઓ છે. આ ટોળકી વિદેશ અને અન્ય રાજ્યોમાંથી સસ્તા ભાવે ડ્રગ્સ મંગાવી બેંગ્લોરના યુવાનો અને કોલેજિયનોને મોંઘા ભાવે વેચતી હતી.

પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આ નેટવર્ક ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને નિશાન બનાવીને ઝડપથી ગેરકાયદે નફો કમાવવા માટે સક્રિય હતું. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

કર્ણાટક સરકારે સ્પષ્ટ કર્યું છે કે, ડ્રગ્સના વેપાર સામે ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવવામાં આવશે. પોલીસ હવે આ ડ્રગ્સનો પુરવઠો ક્યાંથી આવતો હતો અને તેના મુખ્ય હેન્ડલર્સ કોણ છે તે દિશામાં તપાસ કરી રહી છે. બેંગ્લોર પોલીસે જનતાને પણ અપીલ કરી છે કે જો કોઈને પણ ડ્રગ્સ વિશે માહિતી હોય તો હેલ્પલાઈન નંબર 112 અથવા 1922 પર ગુપ્ત રીતે જાણ કરે.

# 5000 કરોડના ડ્રગ્સ નેટવર્કનો માસ્ટર માઈન્ડ સલીમ ડોલાને તુર્કીથી પકડી ભારત લવાયો

**નવી દિલ્હી**

ભારતના ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)એ સૌથી મહત્ત્વનું ઓપરેશન પાર પાડ્યા બાદ ડોન દાઉદ ઈબ્રાહિમના ખાસ સલીમ ડોલાને ભારત લવાયો છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સનો કારોબાર ચલાવતા અને 5000 કરોડના ડ્રગ્સ નેટવર્કનો માસ્ટર માઈન્ડ સલીમની તૂર્કિયેના ઈસ્તંબુલમાંથી ધરપકડ કરાયા બાદ વિશેષ વિમાનથી દિલ્હી એરપોર્ટ લવાયો હતો. અહીં આઈબીએ તેની પૂછપરછ પણ શરૂ કરી દીધી છે. પછી તેને મુંબઈ પોલીસને સોંપી દેવામાં આવશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પણ કુખ્યાત ડ્રગ્સ માફિયા સલીમ ડોલાની પૂછપરછ કરશે, તેના વિરુદ્ધ મની લોન્ડ્રિંગનો કેસ પણ નોંધાયેલો છે. ઈડીએ મની લોન્ડ્રિંગ મામલે ઓક્ટોબરમાં 8 ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા.

# મધ્યપ્રદેશનું ધાર મરણચીસોનું ગુંજી ઉઠ્યું, શ્રમિકોથી ભરેલી પિકઅપ પલટી મારતા 12ના મોત, 13ને ઈજા

### ઘટના બાદ અનેક લોકો પિકઅપ વાનની નીચે ચગદાયા હતા, ઇજાગ્રસ્ત તમામની હાલત ગંભીર

**ભોપાલ**

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં આજે બુધવારની રાત્રે એક દર્દનાક અકસ્માત સર્જાયો છે. ચીકલિયા સ્થિત રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે શ્રમિકોથી ભરેલી એક પિકઅપ વાન અનિયંત્રિત થઈને પલટી ખાઈ ગઈ હતી. જેમાં 12 લોકોના મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ છે. સ્કોર્પિયોને પણ ટક્કર મારી હતી, અકસ્માત બાદ વિસ્તારમાં બૂમાબૂમ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટના સાંજે લગભગ રાત્રે



8:30 વાગ્યાએ ઘટી હતી. જાણકારી અનુસાર, પિકઅપ વાહનમાં ક્ષમતા કરતા વધુ અંદાજે 30 થી 35 શ્રમિકો સવાર હતા. જે બાદ ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, વાહન અચાનક પલટી જવાથી ઘણા લોકો તેની નીચે દબાઈ ગયા હતા અને ઘટનાસ્થળે જ અનેક લોકોના મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. 12ના મોત ઉપરાંત આ ભીષણ અકસ્માતમાં 13 મજૂરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જિલ્લા હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તો પૈકી અનેકની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

# દિલ્હી HCની વર્ચ્યુઅલ સુનાવણીમાં બિભત્સ વીડિયો શરૂ થતાં ખળભળાટ

**નવી દિલ્હી**

દિલ્હી હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય, જસ્ટિસ તેજસ ખરિયાની બેન્ચ મહત્વના કેસોની સુનાવણી કરી રહી હતી, ત્યારે સ્ક્રીન પર અશ્લીલ વીડિયો ચાલવા લાગ્યો હતો. આ ઘટના બપોરે ૧૨:૫૬ વાગ્યે બની હતી, જેના કારણે કોર્ટની કાર્યવાહી તાત્કાલિક રોકવી પડી હતી. થોડી મિનિટો બાદ જ્યારે સુનાવણી ફરી શરૂ કરવામાં આવી, ત્યારે ફરીથી અશ્લીલ વીડિયો ચાલવા લાગ્યો અને ત્રીજી વખત એક મ્યુઝિક વીડિયો પ્લે થયો. આ દરમિયાન સ્ક્રીન પર 'તમારું સિસ્ટમ હેક થઈ ગયું છે' તેવો મેસેજ પણ દેખાયો હતો. આ ઓનલાઈન સુનાવણીમાં ૧૦૦થી વધુ જાહેરહિત અરજીઓ પર ચર્ચા થઈ રહી હતી અને સેંકડો લોકો જોડાયેલા હતા. પ્રાથમિક તપાસમાં ક્ષિતિજીત સિંહ નામના વ્યક્તિના એકાઉન્ટ પર શંકા સેવાઈ રહી છે, જોકે તેણે દાવો કર્યો છે કે તેનું એકાઉન્ટ અમેરિકાથી હેક કરવામાં આવ્યું હતું.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ભયાનક દુર્ઘટના ચાલતી કારમાં આગ લાગતા 5 જીવતા ભૂંજાયા

### ડ્રાઈવર ગંભીર રીતે દાઝ્યો, પરિવાર વૈષ્ણોદેવીના દર્શન કરીને પરત ફરતો હતો

**અલવર**

રાજસ્થાનના અલવર જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર બુધવારે મોડી રાત્રે એક અકસ્માત સર્જાયો હતો. વૈષ્ણોદેવીના દર્શન કરીને પરત ફરી રહેલા એક જ પરિવારના 5 સભ્યો ચાલતી કારમાં આગ લાગવાના કારણે જીવતા ભૂંજાયા હતા. આ દુર્ઘટનામાં કાર ચાલક ગંભીર રીતે દાઝી ગયો છે.

ડીએસપી કૈલાશ જિંદાલના જણાવ્યા મુજબ, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર મોજપુર નજીક પિલર નંબર 115/300 પાસે રાત્રે 1 વાગ્યે આ દુર્ઘટના ઘટી હતી. કાર દિલ્હીથી કોટા તરફ જઈ રહી હતી ત્યારે અચાનક તેમાં આગ ફાટી નીકળી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ કે કારમાં સવાર લોકોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી અને જોતજોતામાં કાર આગનો ગોળો બની ગઈ હતી. આ અકસ્માતમાં મધ્યપ્રદેશના શ્યોપુરના રહેવાસી 3 મહિલાઓ, એક બાળકી અને એક પુરુષ સહિત કુલ 5 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. કાર ચાલક વિનોદ કુમાર મેહરે કારમાંથી કૂદીને મહામુશ્કેલીએ પોતાનો જીવ બચાવ્યો હતો, પરંતુ તે 80% જેટલો દાઝી ગયો છે. દુર્ઘટનાની જાણ થતા જ NHAI ની પેટ્રોલિંગ ટીમ, એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. ગંભીર રીતે દાઝેલા ડ્રાઈવરને પ્રથમ પિનાન CHC અને ત્યારબાદ અલવરની સામાન્ય હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

# બિહારમાં ભાજપ નેતાના ભાણેજની હત્યા, એન્કાઉન્ટરમાં આરોપી ઘાયલ

**પટના**

બિહારમાં સમ્રાટ સરકારની પોલીસ હવે ગુનેગારો માટે કાળ બનીને તૂટી રહી છે. હવે સીવાનમાં પોલીસે એન્કાઉન્ટર કર્યું છે. સીવનમાં ભાજપ નેતા અને પૂર્વ MLC મનોજ સિંહના ભાણેજ હર્ષ સિંહની ગોળી મારીને હત્યા કરનાર આરોપીને પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં ગુરુવારે વહેલી સવારે અંદાજે 3:00 વાગ્યે ગોળી વાગી હતી. આ એન્કાઉન્ટરમાં ઘાયલ થયેલા ગુનેગારની ઓળખ હુસૈનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના હથોડા ગામના છોટુ કુમાર યાદવ તરીકે થઈ છે. આ કાર્યવાહી દ્વારા બિહાર પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ ગુનેગારોને બક્ષવાના મૂડમાં નથી અને રાજ્યમાં શાંતિ જાળવવા માટે કડક પગલાં લેવાનું ચાલુ રાખશે.

એસપી પૂરન કુમાર ઝાએ કહ્યું કે, ઘટનાસ્થળની આસપાસના CCTV ફૂટેજના આધારે ગુનેગારની ઓળખ કરી તેની ધરપકડ કરવામાં આવી પરંતુ ધરપકડની કાર્યવાહી દરમિયાન આરોપીએ પોલીસ પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. પોલીસે કરેલી જવાબી કાર્યવાહીમાં આરોપી ગોળી વાગવાથી ઈજાગ્રસ્ત થયો છે. હાલ તેને સારવાર માટે સદર હોસ્પિટલથી પટના ખસેડવામાં આવ્યો છે.

# 19 હજાર ઉપાડવા બેંકે પુરાવા માગ્યા તો ભાઇ બહેનનું હાડપિંજર લઇને પહોંચ્યો

**ભુવનેશ્વર**

ઓડિશાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઇ રહ્યો છે. ૫૦ વર્ષના જીતુ મુંડા ઓડિશાના કેઓનજાહરના દીયાનાલી ગામના રહેવાસી છે, તેમની ૫૬ વર્ષીય બહેન કલરા મુંડાનું ઓડિશા ગ્રામીણ બેન્કમાં ખાતું હતું, જેમાં તેના નામે આશરે રૂ. ૧૯૩૦૦ જમા હતા. આ દરમિયાન બહેનનું નિધન થયું તેથી લાંબા સમય બાદ જીતુ મુંડા બહેનના ખાતામાં જમા રૂપિયા ઉપાડવા ગયા પરંતુ બેન્કવાળાઓએ કોઈ જ યોગ્ય જવાબ ના આપ્યો. અંતે આ જટિલ વ્યવસ્થા સામે હારી ગયેલા જીતુ મુંડાએ



પોતાની બહેનના હાડપિંજરને જ ખોદી કાઢ્યું અને ખભા પર ઉઠાવીને બેન્કે પહોંચી ગયા હતા. લોકોએ જીતુ મુંડાને સમર્થન આપ્યું અને સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું તેથી અંતે આ જટિલ વ્યવસ્થાને સંભાળનારાઓએ ઝુકવુ પડયું હતું અને આ અધિકારીઓ માત્ર કલાકોમાં જ રૂપિયા આપવા જીતુ મુંડા પાસે પહોંચી ગયા હતા અને તેની તસવીર પણ લીધી હતી.

# દિલ્હીમાં આતંકી કાવતરું નિષ્ફળ ! 18 હથિયારો સાથે 9 શખ્સની ધરપકડ, ISI કનેક્શનની તપાસ

### તપાસમાં ખુલાસો : મુંગેરના રસ્તે અનેક રાજ્યોમાં હથિયારો પહોંચાડવાની યોજના હતી

**નવી દલ્હી**

ભારતીય સુરક્ષા એજન્સીઓએ દિલ્હીમાં ભયાનક તબાહી મચાવવાના ષડયંત્રને નિષ્ફળ બનાવી વિદેશમાં સંપર્ક ધરાવતા ૯ લોકોની ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, તેઓ પાસેથી 18 અત્યાધુનિક હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ ગેંગ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળમાં સંપર્ક ધરાવતી હોવાનો અને ત્યાંથી હથિયારો ભારતમાં ઘૂસાડતા હોવાનો ખુલાસો થયો છે.



તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, ઝડપાયેલા આ લોકો ત્રણેય દેશોની અંદર સંપર્ક ધરાવતા હતા અને તેઓ મુંગેરના રસ્તે અનેક રાજ્યોમાં હથિયારો પહોંચાડવાની ફિરાકમાં હતાં. આ મામલામાં NIAના વોન્ટેડ આરોપી શાહબાજ અંસારીનો હાથ હોવાની પણ એજન્સી તપાસ કરી રહી છે. તાજેતરમાં જ ISIના ઈશારે કામ કરનારા બે ગેંગસ્ટરની નોઈડામાંથી ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને યુવાઓને ભડકાવવાનું, સ્લીપર સેલ બનાવવાનું અને મહત્ત્વના સ્થળોની તપાસ કરવામાં સામેલ હતા. તેઓનો ઉદ્દેશ્ય ભારતને નુકસાન પહોંચાડવાનો અને ટાર્ગેટ કિલિંગને અંજામ આપવાનો હતો.

# બેંગલુરુમાં હોસ્પિટલની દિવાલ ધરાશાયી, 7 લોકોના મોત

### લોકો વરસાદ અને પવનથી બચવા દિવાલ પાસે આશરો લીધો હતો, મુખ્યમંત્રી ઘટના સ્થળે પહોંચ્યા

**બેંગ્લોર**

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં મંગળવારે સાંજે ભારે વરસાદ વચ્ચે મોટી દુર્ઘટના સર્જાઈ છે. શિવાજીનગર વિસ્તારમાં બોરિંગ અને લેડી કર્ઝન હોસ્પિટલ નજીક એક કમ્પાઉન્ડની દીવાલ અચાનક ધરાશાયી થતાં રસ્તા પાસે ઉભેલા દુકાનદારો અને રાહદારીઓ સહિત ઓછામાં ઓછા 7 લોકોના મોત થયા છે. હજુ પણ કાટમાળ નીચે લોકો ફસાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે મૃતકોની સંખ્યા વધી શકે છે.

માહિતી મુજબ સાંજે લગભગ 5 વાગ્યે શરૂ થયેલો વરસાદ ભારે પવન અને ગાજવીજ સાથે લગભગ એક કલાક સુધી વરસ્યો હતો. ખરાબ



હવામાનથી બચવા માટે ઘણા લોકો હોસ્પિટલના પરિસરમાં આશરો લેવા પહોંચ્યા હતા, ત્યારે જ દીવાલ ધરાશાયી થઈ અને લોકો તેની ચપેટમાં આવી ગયા. આ અકસ્માતમાં 3 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઘટનાસ્થળે ચીસો અને અરેરાટીનો માહોલ સર્જાયો હતો અને પરિજનોનું રડતા અને બૂમાબૂમ કરતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં જ કર્ણાટકના મુખ્યમંત્રી સ્થળ પર પહોંચી સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને કડક સૂચના આપી અને ઘટનાને લઈને નારાજગી વ્યક્ત કરી. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારોને 5 લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે. ઉપમુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે પણ સ્થળની મુલાકાત લઈ રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી. આ ઘટનાને લઈને રાજકીય પ્રતિક્રિયાઓ પણ સામે આવી છે. સી.ટી. રવિએ કહ્યું કે મૃતકોની સંખ્યા વધુ હોય શકે છે અને હાલ સરકારને પીડિતોને સહાય પર ધ્યાન આપવું જોઈએ.

# IIT ખડગપુરમાં એમ ટેક વિદ્યાર્થીની આત્મહત્યા! 10 દિવસમાં બીજી ઘટના

**નવી દિલ્હી**

IIT ખડગપુરના કેમ્પસમાં ફરી એકવાર દુઃખદ ઘટના સામે આવી છે. પંડિત મદનમોહન માલવીય હૉસ્ટેલમાં રહેલા એક એમ.ટેક. વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૃતક વિદ્યાર્થીની ઓળખ 22 વર્ષીય સોહમ હલદર તરીકે થઈ છે, જે ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇલેક્ટ્રિકલ કમ્યુનિકેશન એન્જિનિયરિંગ વિભાગમાં અભ્યાસ કરતો હતો. વિદ્યાર્થીનો મૃતદેહ હોસ્ટલ રૂમમાંથી મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ કેમ્પસમાં ખળભળાટ મચી ગયો હતો અને પોલીસને તરત જ જાણ કરવામાં આવી હતી. ખડગપુર ટાઉન પોલીસ સ્થળ પર પહોંચી અને મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો.

# ગુજરાતે બેંગલુરુને હરાવ્યું, ગીલ-અર્શદ ખાન છવાયા

## અર્શદ ખાનની શાનદાર બોલિંગ, રબાડા ધોવાયો : બેંગલુરુના પડિક્કલના સૌથી વધુ રન : ભુવનેશ્વર કુમારની ત્રણ વિકેટ




### રાયન રિકલ્ટને MI માટે સૌથી ઝડપી સદી ફટકારી

આઈપીએલ ૨૦૨૬માં સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની રોમાંચક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર બેટ્સમેન રાયન રિકલ્ટને ઐતિહાસિક ઇનિંગ રમી છે. તેણે આક્રમક બેટિંગ કરતા માત્ર ૪૪ બોલમાં જ પોતાની સદી પૂરી કરી હતી. આ સાથે જ રિકલ્ટન મુંબઈ ઈન્ડિયન્સના ઇતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે. બીજા સ્થાને સયુંક્ત રીતે તિલક વર્મા અને સનથ જયસૂર્યા છે.

**અમદાવાદ**

આઈપીએલમાં આજે ગુજરાત ટાઈટન્સનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે 4 વિકેટે વિજય થયો છે. બેંગલુરુની ટીમ 19.2 ઓવરમાં માત્ર 155 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેની સામે ગુજરાતની ટીમે 15.5 ઓવરમાં 6 વિકેટે 158 રન બનાવી વિજય મેળવ્યો છે. ગુજરાત તરફથી શુભમન ગીલે લડાયક બેટિંગ કરીને તો અર્શદ ખાને દમદાર બોલિંગ કરીને ટીમને વિજય અપાવ્યો છે, જ્યારે દેવેદુત પડ્ડીકલની વિસ્ફોટ બેટિંગ અને ભુવનેશ્વર કુમારની દમદાર બોલિંગ છતાં બેંગલુરુની હાર થઈ છે. બેંગલુરુ તરફથી દેવદત્ત પડિક્કલે સૌથી વધુ 40 રન બનાવ્યા હતા, જ્યારે વિરાટ કોહલીએ 13 બોલમાં 5 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી




આક્રમક 28 રનનું યોગદાન આપ્યું હતું. કેપ્ટન રજત પાટીદારે 19 રન અને રોમારિયો શેફર્ડે 17 રન બનાવ્યા હતા, પરંતુ મધ્યક્રમના અન્ય બેટ્સમેનો ખાસ પ્રદર્શન કરી શક્યા નહોતા. ગુજરાત તરફથી અર્શદ ખાને માત્ર 3.2 ઓવરમાં 22 રન આપીને 3 મહત્વની વિકેટ ઝડપી હતી. રાશિદ ખાને અત્યંત 4 ઓવરમાં માત્ર 19 રન આપીને 2 વિકેટ મેળવી હતી, જ્યારે જેસન હોલ્ડરે પણ 4 ઓવરમાં 29 રન આપી 2 સફળતા મેળવી હતી. મોહમ્મદ સિરાજ અને કગિસો રબાડાને 1-1 વિકેટ મળી હતી, જોકે રબાડા થોડો મોંઘો સાબિત થયો હતો અને તેણે 4 ઓવરમાં 44 રન આપ્યા હતા. ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે શાનદાર ફોર્મ બતાવતા 18 બોલમાં 43 રન ફટકાર્યા હતા, જેમાં 4 ચોગ્ગા અને 3 છગ્ગાનો સમાવેશ થાય છે. જોસ બટલરે આક્રમક મિજાજ જાળવી રાખી 19 બોલમાં 39 રન અને રાહુલ તિવેટીયાએ 17 બોલમાં અણનમ 27 રન ફટકારી મહત્વનું યોગદાન આપ્યું હતું. જ્યારે સાંઈ સુદર્શન 6 રન, વોશિંગ્ટન સુંદર 12 રન, એમ.શાહરુખ ખાન 8 રન, જેશન હોલ્ડર 12 રન, રાશીદ ખાને 6 બોલમાં અણનમ 7 રન નોંધાવી ટીમને વિજય અપાવ્યો છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી ભુવનેશ્વર કુમારે ઘાતક બોલિંગ પ્રદર્શન કરતા સાઈ સુદર્શન, શુભમન ગિલ અને જોસ બટલર એમ ત્રણ મહત્વની વિકેટો ઝડપી હતી. તો રોમારીયો શેફર્ડે બે વિકેટ અને શુયેશ શર્માએ એક વિકેટ ઝડપી હતી.

## હેદરાબાદે મુંબઈ સામે ૨૪૪ રન ચેઝ કર્યો

મુંબઈ : ટ્રાવિસ હેડ (૭૬ રન) અને અભિષેક શર્મા( ૪૫ રન) વચ્ચે થયેલી ૫૨ બોલમાં ૧૨૯ રનની પાર્ટનરશિપ બાદ ક્લાસેનની અણનમ ૬૫ રનની ઈનિંગના જોરે સન રાઈઝર્સ હૈદરાબાદે ૨૪૪ રનના પહાડ જેવા લક્ષ્યને ૮ બોલ બાકી રહેતા પાર પાડયો હતો. સન રાઈઝર્સ હૈદરાબાદ આ જીત સાથે ત્રીજા સ્થાને પહોંચ્યું છે જયારે ૮ મેચમાંથી ૬ મેચ ગુમાવીને મુંબઈ ઈન્ડિયન લગભગ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે. સન રાઈઝર્સ હૈદરાબાદની આ સતત પાંચમી જીત છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી સૈંની ટીમે રાયન રિકલ્ટનની ૧૨૩ રનની અણનમ ઈનિંગની મદદથી ૨૪૩ રન નોધાવ્યા હતાં. બોલ્ટ, બુમરાહ, હાર્દિક ગઝનફર જેવા બોલરો હોવા છતાં મુંબઈના બોલરો વિકેટો માટે તરસ્યા હતાં.

**પોઈન્ટ્સ ટેબલ**

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| પંજાબ | 8 | 6 | 1 | 13 |
| બેંગલુરુ | 9 | 6 | 3 | 12 |
| હૈદરાબાદ | 9 | 6 | 3 | 12 |
| રાજસ્થાન | 9 | 6 | 3 | 12 |
| ગુજરાત | 9 | 5 | 4 | 10 |
| ચેન્નાઈ | 8 | 3 | 5 | 06 |
| દિલ્હી | 8 | 3 | 5 | 06 |
| કોલકાતા | 8 | 2 | 5 | 5 |
| મુંબઈ | 8 | 2 | 6 | 4 |
| લખનૌ | 8 | 2 | 6 | 4 |

## રાજસ્થાનની 6 વિકેટે રોયલ જીત

ન્યૂ ચંડીગઢ : આઇપીએલમાં મંગળવારે પંજાબ કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચમાં પંજાબે સીઝનની તેની પ્રથમ હારનો સામનો કર્યો. રાજસ્થાને જીત માટેનો ૨૨૩ રનનો લક્ષ્યાંક ચાર બોલ બાકી રાખીને પ્રાપ્ત કરી લેતાં ચાર વિકેટે ૨૨૮ રન કર્યા હતા. અણનમ સદી ફટકારનારા ફેરેરાએ વિનિંગ સિક્સર મારી હતી. રાજસ્થાન તરફથી ઓપનર્સ યશસ્વી જયસ્વાલે ૨૭ બોલમાં ૫૧ અને વૈભવ સૂર્યવંશીએ ૧૬ બોલમાં ૪૩ રન ફટકાર્યા હતા. ચહલે મેચની ૧૦મી ઓવરમાં ધ્રુવ જુરેલને અને પોતાની તે પછીની બે ઓવરોમાં યશસ્વી અને રિયાન પરાગને આઉટ કરી મેચમાં પંજાબની વાપસી કરાવી હતી પરંતુ ત્યાર બાદ ફેરેરાએ ૨૬ બોલમાં ૬ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે અણનમ ૫૨ રન તેમજ ઇમ્પેક્ટ પ્લેયર શુભમ દુબેએ ૧૨ બોલમાં અણનમ ૩૧ રન ફટકારી રાજસ્થાનને જીત અપાવી હતી.

# માંસપેશીની ઈજાથી પીડિત એમ્બાપે પર આખી સીઝન માટે બહાર થવાનો ખતરો

## સીઝનની છેલ્લી ૫ મેચમાં રમવું અનિૃતિ, WC અભિયાનને આંચકો લાગી શકે

મેડ્રિડ : દિગ્ગજ ફુટબોલ ખેલાડી કિલિયન એમ્બાપે માંસપેશીઓની ઈજાને કારણે લા લીગા સીઝનની બાકીની મેચોની બહાર થઈ શકે છે. રિયલ મેડ્રિડે વાતને અનુમોદન આપતા કહ્યું હતું કે ટીમના સ્ટાર ફોરવર્ડ ખેલાડીને તાજેતરમાં જ રમાયેલી મેચ દરમિયાન ઈજા થઈ હતી. રિયલ બેટિસ સામે ડ્રોમાં પરિણમેલી મેચમાં એમ્બાપેને આ ઈજા થઈ હતી. મેચ પૂરી થવાના ૧૦ મિનિટ પહેલા એમ્બાપેએ મેદાન છોડવું પડયુ હતું




તે સમયે રિયલ મેડ્રિડ ૧-૦થી મેચમાં આગળ હતું. પરંતુ અંતિમ ક્ષણોમાં હેક્ટર બેલેરિને ગોલ ફટકારીને સ્કોર બરાબરી પર લાવી મુક્યો હતો. ક્લબ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા નિવેદન અનુસાર એમ્બાપેના ડાબા પગની સેમીટેન્ડિનોસસ માંસપેશીમાં ઈજા થઈ છે. જોકે, મેદાન પર તેની વાપસી વિશે કોઈ નિૃતિ સમયમર્યાદા જણાવાઈ નથી. રિયલ મેડ્રિડના અનુસાર ખેલાડીની રિકવરી પર નજર રાખવામાં આવી રહી છે અને તેના આધારે જ નિર્ણય લેવાશે. પોતાની આ ઈજાને કારણે એમ્બાપે ૧૦ મેના રોજ રમાનારી એફસી બાર્સિલોના સામેની મેચ સહિત સીઝનની અંતિમ પાંચ મેચોમાં ટીમ બહાર રહી શકે છે.

# ફિફા વર્લ્ડકપની પ્રાઈઝ મની ૬૮૦૦ કરોડથી વધારી ૨૦૨૬માં ૮૨૫૦ કરોડ રૂપિયા કરાઈ

## વિજેતા ટીમને આ વર્ષે ૪૨૦ કરોડની જંગી પ્રાઈઝ મની આપવામાં આવશે

વોશિંગ્ટન : અમેરિકા, કેનેડા અને મેક્સિકોની સંયુક્ત યજમાનીમાં રમાનારા ફિફ વર્લ્ડ કપ ૨૦૨૬ની પ્રાઈઝ મનીમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. ૨૦૨૨ વર્લ્ડ કપની તુલનામાં પ્રાઈઝ પૂલ અંદાજે બમણો કરી દેવામાં આવ્યો છે. અત્યાર સુધીના સૌથી મોટા ફૂટબોલ મહાકુંભ માટે ફિફએ ૮૭૧ મિલિયન ડોલર (અંદાજે ૮૨૫૦ કરોડ રૂપિયા) ની પ્રાઈઝ મની ફાળવી છે. ૨૦૨૬ માટે અગાઉ ફિફ દ્વારા ૭૨૭ મિલિયન ડોલરની જાહેરાત



કરવામાં આવી હતી, જેને હવે વધારીને ૮૭૧ મિલિયન ડોલર કરી દેવામાં આવી છે. આ મહાસંગ્રામમાં ભાગ લેનારી તમામ ૪૮ ટીમોને ઓછામાં ઓછા ૧૨.૫ મિલિયન ડોલર (આશરે ૧૧૮ કરોડ રૂપિયા)ની ગેરંટીડ રકમ મળશે.૨૦૨૬નો વર્લ્ડ કપ ૪૮ ટીમો અને ૧૦૪ મેચો સાથે અત્યાર સુધીની સૌથી મોટી ફૂટબોલ સ્પર્ધા બની રહેશે.

# મેડ્રિડ ઓપનમાં મોટો ઉલટફેર વર્લ્ડ નંબર-૧ સબાલેન્કાની હાર

## ૧૫ મેચનો વિજયી સિલસિલો તૂટયો; અમેરિકન ખેલાડી હેલી બેપ્ટિસ્ટેએ મહાત આપી

મેડ્રિડ : મેડ્રિડ ઓપન ટેનિસની ક્વાર્ટર ફઈનલમાં વર્લ્ડ નંબર વન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન એરિના સબાલેન્કાને અમેરિકન ખેલાડી હેલી બેપ્ટિસ્ટે ૬-૨, ૨-૬, ૭-૬(૬) થી હરાવીને ટૂર્નામેન્ટનો સૌથી મોટો ઉલટફેર સર્જ્યો છે. સબાલેન્કા ત્રીજા સેટમાં ૬ મેચ પોઈન્ટ કન્વર્ટ કરવામાં નિષ્ફળ રહી હતી. આ હારની સાથે જ સબાલેન્કાનો સળંગ ૧૫ મેચ જીતવાનો વિજયી સિલસિલો પણ તૂટી ગયો છે. હાર બાદ સબાલેન્કાએ સોશિયલ મીડિયા પર પોતાની હારનો



વસવસો ઠાલવ્યો હતો. તેની પોસ્ટમાં સ્પષ્ટ પણે હારની હતાશા અને મેડ્રિડ ઓપન ગુમાવવાનું દુખ છલકાતું હતુ. મેચ બાદ સબાલેન્કાએ ઈન્સ્ટાગ્રામ પર ૨૨ શબ્દોનો સંદેશ પોસ્ટ કરતા લખ્યું હતું કે, ‘હું જેવો અંત ઈચ્છતી હતી તેવો ન આવ્યો, પરંતુ મેં કરેલી મહેનત પર મને ગર્વ છે.

# બાંગ્લાદેશનું ટી-૨૦ વર્લ્ડ કપમાં ન રમવું એ સરકારની મોટી ભૂલ : શાકિબ અલ હસન

ઢાકા : બાંગ્લાદેશના દિગ્ગજ ઓલરાઉન્ડર શાકિબ અલ હસને ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં બાંગ્લાદેશની ગેરહાજરી મામલે પૂર્વ કેરટેકર સરકાર પર નિશાન સાધ્યું છે. સુરક્ષાના કારણોસર ટીમને ભારત ન મોકલવાના નિર્ણયને શાકિબે ક્રિકેટ ઈતિહાસની એક ‘મોટી ભૂલ’ ગણાવી છે. ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં ભારત અને શ્રીલંકાના યજમાનપદે રમાયેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડએ પોતાની ટીમ મોકલી ન હતી. મુંબઈમાં EU ટી-૨૦ બેલ્જિયમ લીગ ૨૦૨૬ના જર્સી લોન્ચ કાર્યક્રમ




દરમિયાન શાકિબે સ્પષ્ટ કર્યું કે, ટી-૨૦ વર્લ્ડ કપ જેવી વૈશ્વિક ટુર્નામેન્ટમાં ભાગ ન લેવો તે તત્કાલીન કેરટેકર સરકારની મોટી ભૂલ હતી.

ઉલ્લેખનીય છે કે, મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલમાં રમવાની મંજૂરી ન મળતા રોષે ભરાયેલા બાંગ્લાદેશ બોર્ડે આઈસીસી સમક્ષ પોતાના મેચ ભારતના બદલે શ્રીલંકામાં શિફ્ટ કરવા માંગ કરી હતી. આઈસીસીએ સુરક્ષાના દાવાને ફગાવી દઈને બાંગ્લાદેશના સ્થાને સ્કોટલેન્ડને વર્લ્ડ કપમાં રમાડયું હતું. આ સમગ્ર વિવાદમાં મૂકપ્રેક્ષક બનેલા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમિનુલ ઈસ્લામ બુલબુલને સ્પોર્ટ્સ કાઉન્સિલ દ્વારા હાલમાં પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે.

# રાઈફલ સાથે ફોટો શૅર કરી ટ્રમ્પની ઈરાનને ધમકી

## યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પરમાણુ કાર્યક્રમને લઈને ચાલી રહેલી વાતચીત આગળ વધી ન રહી હોવાથી નારાજગી જતાવી હતી

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયામાં પોતાનો રાઈફલવાળો ફોટો શૅર કરીને ઈરાનને કડક ચેતવણી આપી છે. તેમણે લખ્યું હતું કે 'જલદી સમજદાર બનો, હવે વધુ નરમાશ નહીં રાખવામાં આવે. નો મોર મિસ્ટર નાઈસ ગાય.' ડોનલ્ડ ટ્રમ્પે પરમાણુ કાર્યક્રમને લઈને ચાલી રહેલી વાતચીત આગળ વધી ન રહી હોવાથી નારાજગી જતાવી હતી અને મીડિયા સાથેની બેઠકમાં કહ્યું હતું કે હવે ઈરાન ખુદને સંભાળી શકે એમ નથી.

ઈરાને અમેરિકા સામે ફરિયાદ કરતો યુનાઈટેડ નેશન્સને પત્ર લખ્યો છે. તેહરાન ટાઈમ્સના અહેવાલ મુજબ ઈરાને અમેરિકા પર ગંભીર આરોપ લગાવીને કહ્યું હતું કે 'અમેરિકાએ અમારાં વેપારી જહાજો જપ્ત કરીને સમુદ્રી ડકૈતી કરી છે. અમેરિકાએ મૅજેસ્ટિક અને ટિફની નામનાં બે જહાજો જપ્ત કરીને લગભગ ૩૮




લાખ બૅરલ ઈરાની તેલ પર ગેરકાનૂની કબજો જમાવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય વેપારમાં અમેરિકાની આ દખલગીરી પર સંયુક્ત રાષ્ટ્રએ કાર્યવાહી કરવી જોઈએ.'

પાકિસ્તાન સરકારે ઈરાન સાથે વેપાર માટે ૬ જમીનમાર્ગો ખોલવાની જાહેરાત કરી છે. અમેરિકાએ ઈરાન પર નાકાબંધી લાદી છે ત્યારે આ રીતે પાકિસ્તાન ઈરાન સુધી ચીજવસ્તુઓ પહોંચાડવા માગે છે, પણ નિષ્ણાતો માને છે કે ભારત વિના પાકિસ્તાનનું પગલું નિષ્ફળ જશે.

આમાં ૬ જમીનમાર્ગોમાં તફ્તાન એક અગ્રણી સ્થળ છે. તફ્તાન એ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના છગાઈ જિલ્લામાં ઈરાન-પાકિસ્તાન સરહદ પર આવેલું એક મહત્ત્વપૂર્ણ સરહદી શહેર છે. એ પાકિસ્તાનથી ઈરાનનો મુખ્ય ભૂમિમાર્ગ છે જે બન્ને દેશો વચ્ચે મુખ્ય માલ અને વેપારમાર્ગ તરીકે સેવા આપે છે. પાકિસ્તાનથી ઈરાન, ઈરાક અને સિરિયા જતા યાત્રાળુઓ અને સામાન્ય મુસાફરો મુખ્યત્વે આ માર્ગનો ઉપયોગ કરે છે. એ પાકિસ્તાનના ક્વેટા સાથે રોડ અને રેલ દ્વારા જોડાયેલું છે.

# નેપાળ એરલાઈન્સની ઉદ્ધતાઈ : જમ્મુ-કાશ્મીરને પાક.માં હોવાનો નકશો મૂક્યો

## ભારતીયોના રોષ બાદ પોસ્ટ ડિલિટ કરી માફી માંગી હતી

**કાઠમંડુ**

ભારત અને નેપાળ વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોમાં ખટાશ ઊભી કરી શકે તેવી એક ઘટનામાં, નેપાળની રાષ્ટ્રીય એરલાઈન્સ એ ભારતના અભિન્ન અંગ એવા જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને પાકિસ્તાનના નકશામાં દર્શાવ્યા છે. આ ગંભીર ભૌગોલિક અને રાજકીય ભૂલ બદલ સોશિયલ મીડિયા પર ભારતીયોનો ભારે રોષ જોવા મળ્યો હતો. વિવાદ વધતો જોઈ એરલાઈન્સ મેનેજમેન્ટે વિવાદિત પોસ્ટને તમામ પ્લેટફોર્મ પરથી હટાવી દીધી છે. ત્યારબાદ પોતાની ભૂલ સમજાતા સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી એરલાઈન્સે માફી પણ માગી હતી.

નેપાળ એરલાઈન્સે તેના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ પર એક પ્રમોશનલ ગ્રાફિક અથવા રૂટ મેપ શેર કર્યો હતો. આ નકશામાં ભારતીય સરહદોનું ખોટું ચિત્રણ કરવામાં આવ્યું હતું. સૌથી વધુ વાંધાજનક બાબત એ હતી કે, કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના વિસ્તારોને ભારતના બદલે પાકિસ્તાનના ભૂ-ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

# ઈરાન યુદ્ધમાં અમેરિકાનું 2500 કરોડ ડૉલરનું આંધણ, ઈરાનનું રિયાલ 18 લાખના નવા તળિયે

## પેન્ટાગોનના ચીફ ફાઇનાન્શિયલ ઓફિસરનએ આર્મ્સ કમિટી સમક્ષ નિવેદન આપ્યું

**ન્યૂયોર્ક**

અમેરિકાને ઈરાન સાથેના યુદ્ધમાં અત્યાર સુધીમાં અંદાજે 25 અબજ ડૉલરનો ખર્ચો થયો છે, એમ પેન્ટાગોનના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસરે નીતિગત ઘડવૈયાઓ સમક્ષ જણાવ્યું હતું. હાઉસ આર્મ્સ કમિટી સમક્ષ સુનાવણી દરમિયાન અધિકારીએ જણાવ્યું હતું કે મોટાભાગના નાણા દારૂગોળા પાછળ ખર્ચવામાં આવ્યા હતા. બીજી બાજુ ઈરાની ચલણ રિયાલે નવું જ તળિયું બનાવ્યું છે.



અમેરિકન લશ્કરે આ ઉપરાંત તેની લશ્કરી કામગીરી અને સાધનો પાછળ પણ ખર્ચ કર્યો છે. આ પહેલા એવા અહેવાલો આવ્યા હતા કે અમેરિકા ઈરાન સામેના યુદ્ધમાં રોજના એક અબજ ડૉલર ખર્ચી રહ્યુ છે અને હવે આ યુદ્ધના બે મહિના થયા ત્યારે આ ખર્ચો 60 અબજ ડૉલરથી પણ વધુ થયો હોવાનો અંદાજ અમેરિકન નિષ્ણાતો મૂકતા હતા.

આ નિષ્ણાતોની સામે પેન્ટાગોનનો રિપોર્ટ અલગ જ વાત કહે છે. કેટલાયને શંકા છે કે કદાચ બાકીના ખર્ચા ટ્રમ્પ તંત્રએ બીજા ખર્ચામાં નાખી દીધા હોય તો આશ્ચર્ય નહી લાગે, કારણ કે જંગી ખર્ચ જોઈને કદાચ તેમણે મોટાપાયા પર સવાલોનો સામનો કરવો પડે.

# રશિયાનાં અંતરિયાળ વિસ્તારમાં આવેલી ઓઈલ ફેસિલિટીમાં આગ લાગી : યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કી

## ઓઇલ ફેસિલિટી રશિયાનાં પર્મ ક્ષેત્રમાં અને યુક્રેનથી 1500 કિમીથી વધારે દૂર છે

**કીવ**

બુધવારે રશિયાનાં અંતરિયાળ વિસ્તારમાં આવેલ વધુ એક ઓઈલ ફેસિલિટીમાં આગ લાગી હોવાનાં સમાચાર છે. યુક્રેનનાં પ્રમુખે દાવો કર્યો છે કે આ તેમના દેશનો તાજેતરમાં કરાયેલ લાંબા અંતરનો ડ્રોન હુમલો હતો.

રશિયન મીડિયા અનુસાર આ ઓઈલ ફેસિલિટી રશિયાનાં પર્મ ક્ષેત્રમાં આવેલ છે. જે યુરાલ પર્વતોમાં યુક્રેનથી ૧૫૦૦ કિલોમીટરથી વધારે દૂર છે. કેટલાક બિનસમર્થિત અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે આ એક પંપિંગ સ્ટેશન અને સ્ટોરેજ કોમ્પલેક્સ હતું.

પર્મનાં ગવર્નર દિમિત્રી માખોનિને ફક્ત એટલુ જ જણાવ્યું છે કે એક ડ્રોને કોઈ અજ્ઞાત ઔદ્યોગિક ફેસિલિટી પર હુમલો કર્યો હતો જેના કારણે આગ લાગી હતી. રશિયન અધિકારીઓએ યુક્રેનનાં એ દાવાઓને અંગે ખાસ કોઈ પ્રતિક્રિયા આપી નથી જેમાં જણાવવામાં આવ્યું છે કે કીવ હવે વધારે લાંબા અંતરનાં હુમલા કરી રહ્યું છે અને તેના દેશમાં જ વિકસિત ડ્રોન હવે વધારે શક્તિશાળી થઈ ગયા છે.

એડવાન્સ ડ્રોન ટેકનિક આ લડાઈની એક મહત્ત્વપૂર્ણ ઓળખ બની ગઈ છે કારણકે રશિયાની મોટી સેના પોતાના પાડોશી દેશ પર ચાર વર્ષથી વધુ સમયથી ચાલતા પોતાના આક્રમણને વધારી રહ્યું છે. યુક્રેનની જવાબી કાર્યવાહીમાં હુમલા અને બચાવ માટે નવા ડ્રોન વિકસિત કરવાનું અભિયાન પણ ચાલુ છે.

# ઓસ્ટ્રેલિયા હવે પત્રકારોને ભંડોળ પૂરૂ પાડવા ટેક અગ્રણીઓ પર ટેક્સ લાદશે

## સમજૂતી ન કરતી ટેક કંપનીઓએ 2.25 ટકા ચૂકવવા પડશે

**મેલબોર્ન**

ઓસ્ટ્રેલિયાની સરકારે એવો પ્રસ્તાવ રજૂ કર્યો છે કે ડિજિટલ પ્લેટફોર્મ પોતાની આવકમાંથી અમુક હિસ્સો આપીને પત્રકારત્વમાં આર્થિક યોગદાન આપે. આ યોજનાનો હેતુ મેટા, ગૂગલ અને ટિકટોક જેવી કંપનીઓને ન્યુઝ સંગઠનો સાથે સોદા કરવા પ્રોત્સાહિત કરવાનો છે. સરકારનો જુલાઈના પ્રારંભ સુધી સુધી સંસદમાં બિલ રજૂ કરવાનો ઈરાદો છે અને તેને ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપયોગમાં લેવાતી પત્રકારત્વ સાથે સંકળાયેલ સામગ્રી માટે યોગ્ય વળતર સુનિશ્ચિત કરવા આવશ્યક પગલુ ગણાવ્યું છે. નવા પ્રસ્તાવમાં ન્યુઝ બારગેનિંગ ઈન્સેન્ટીવ રજૂ કરાયું છે જેમાં સોદો કરવાનો ઈન્કાર કરતા કંપનીઓ માટે ઓસ્ટ્રેલિયન આવક પર ૨.૨૫ ટકા વેરો લાદવામાં આવશે. સરકારને તેમાંથી દર વર્ષે ૨૦૦-૨૫૦ મિલિયન ઓસ્ટ્રેલિયન ડૉલરની આવક થવાની અપેક્ષા છે. ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થની એલ્બેનીસે જણાવ્યું કે પત્રકારત્વ એક લોકશાહી સમાજમાં આવશ્યક દરજ્જો ધરાવે છે અને તેને યોગ્ય વળતર મળવું જોઈએ.

# અમેરિકાએ ભારતને પરત કરી 1.33 બિલિયનની 650થી વધુ પ્રાચીન કલાકૃતિ અને અલૌકિક મૂર્તિઓ

## ન્યૂ યોર્કમાં મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગ દ્વારા વસ્તુઓ ભારતીય કોન્સ્યુલેટને સોંપાઈ

**વોશિંગ્ટન**

ભારતીય સાંસ્કૃતિક વારસાના સંરક્ષણની દિશામાં એક મોટી સફળતા મળી છે. અમેરિકાએ ભારતમાંથી ચોરાયેલી અને દાણચોરી કરીને લઈ જવાયેલી 657 પ્રાચીન કલાકૃતિઓ સત્તાવાર રીતે ભારતને પરત કરી છે. આ ખજાનાની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત 1.33 બિલિયન ($14 મિલિયન) થી વધુ હોવાનું કહેવાય છે. ન્યૂ યોર્કમાં આયોજિત એક વિશેષ સમારોહમાં મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગ દ્વારા આ વસ્તુઓ ભારતીય કોન્સ્યુલેટને સોંપવામાં આવી હતી.



પરત કરવામાં આવેલી વસ્તુઓમાં સૌથી કિંમતી 'અવલોકિતેશ્વર'ની કાંસ્ય પ્રતિમા છે, જેની કિંમત અંદાજે 16 કરોડ ($2 મિલિયન) છે. આ પ્રતિમા ડબલ-કમળના આસન પર બિરાજમાન છે અને સિંહોથી શણગારેલા સિંહાસન પર સ્થાપિત છે. રસપ્રદ વાત એ છે કે, આ મૂર્તિ પર શિલાલેખ છે જે તેના કારીગર તરીકે સિપુર (છત્તીસગઢ) ના 'દ્રોણાદિત્ય'નો ઉલ્લેખ કરે છે. 1982માં રાયપુરના મ્યુઝિયમમાંથી ચોરાયેલી આ મૂર્તિ લાંબા સમય બાદ ન્યૂ યોર્કના ખાનગી સંગ્રહમાંથી જપ્ત કરવામાં આવી હતી. બીજી મહત્વની કલાકૃતિ નૃત્ય કરતા ગણેશ ની રેતીના પથ્થરની મૂર્તિ છે. આ મૂર્તિ વર્ષ 2000માં મધ્યપ્રદેશના એક મંદિરમાંથી ચોરાઈ હતી. આ ઉપરાંત, ઉત્તર ભારતની એક અત્યંત દુર્લભ બુદ્ધ પ્રતિમા પણ પરત મળી છે, જેમાં બુદ્ધ 'અભય મુદ્રા'માં જોવા મળે છે.

# રશિયાએ ભારતને સોંપવામાં આવનારી S-400 એર ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી

**મોસ્કો**

ઓપરેશન સિંદૂરને એક વર્ષ થવા જઈ રહ્યું છે ત્યારે હવાઈ સુરક્ષાને લઈને મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. રશિયાએ ભારતને સોંપવામાં આવનારી એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી છે. જે મે મહિનાના મધ્ય સુધીમાં ભારત સુધી પહોંચી જવાની શક્યતાઓ છે. જ્યારે પાંચમી એર ડિફેન્સ આ વર્ષે નવેમ્બર મહિનામાં ભારતમાં પહોંચવાની શક્યતાઓ છે. જે ચોથી એર ડિફેન્સ સિસ્ટમ હાલ રવાના કરાઈ છે તેને રાજસ્થાનમાં પાકિસ્તાન સરહદે તૈનાત કરવામાં આવી શકે છે. ભારતીય એરફોર્સના અધિકારીઓએ ૧૮ એપ્રીલના રોજ ભારત આવનારી આ ચોથી સિસ્ટમનું પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ પુરુ કરી દીધુ છે.

# અર્થતંત્રમાં સુધારો : સરકાર કુશળ વ્યવસાયો માટે અબજો ડોલર ખર્ચશે

## 2030-31 સુધીમાં 1 લાખ કામદારોને તાલીમ આપવાનું લક્ષ્ય; તેલના વધતા ભાવો અને સ્થિતિસ્થાપક અર્થતંત્રથી સરકારની આવકમાં વધારો

**ઓન્ટેરિયો**

નાણામંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેનના વસંત આર્થિક અપડેટમાં લિબરલ સરકાર અપેક્ષા કરતાં વધુ સારી સ્થિતિમાં બેઠી છે. એક સ્થિતિસ્થાપક અર્થતંત્ર અને તેલના વધતા ભાવો દ્વારા સંચાલિત - જેનો ઉપયોગ તે હજારો કુશળ કામદારોને તાલીમ આપવા માટે અબજો નવા ખર્ચને યોગ્ય ઠેરવવા માટે કરી રહી છે. પરંતુ મંગળવારે બપોરે હાઉસ ઓફ કોમન્સમાં રજૂ કરાયેલા સરકારના નાણાકીય સુધારામાં ચેતવણી આપવામાં આવી હતી કે, કેનેડાનું અર્થતંત્ર સતત ટેરિફ અને યુએસ અને ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે અનિશ્ચિતતા સહિત જટિલ પરિબળોથી મુક્ત નથી. અર્થતંત્રનો વિકાસ ચાલુ રહેવાની અપેક્ષા છે, પરંતુ ભવિષ્યમાં વૈશ્વિક અનિશ્ચિતતામાં વધારો થવાની



સંભાવના છે, જેમાં ચાલુ વેપાર તણાવ અને ભૂ-રાજકીય જોખમોનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટી ઓફ ઓટાવાના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિસ્કલ સ્ટડીઝ એન્ડ ડેમોક્રસીના એક્ઝિક્યુટિવ વાઈસ-પ્રેસિડેન્ટ સાહિર ખાને જણાવ્યું હતું કે, જ્યારે વૈશ્વિક ચિત્ર "આગળ વધવાની નબળી આગાહી" દર્શાવે છે, ત્યારે ઓટાવા $60 બિલિયનના અણધાર્યા વરસાદ પર બેઠું છે, જે શેમ્પેનને "સરકાર ખર્ચ કરી શકી છે, તે આવકનો પૉપ" આપે છે. એપ્રિલ અપડેટમાં 2025-26 ખાધ $66.9 બિલિયન રાખવામાં આવી છે. સરકાર કહે છે કે, 2025-26 નાણાકીય વર્ષમાં તેનો ખર્ચ $54 બિલિયન હતો અને 2030-31 સુધીમાં તે વધીને $80 બિલિયનથી વધુ થવાનો અંદાજ છે. શેમ્પેને પત્રકારોને જણાવ્યું હતું કે, તેમનું વસંત આર્થિક અપડેટ "અનિશ્ચિતતાના ધુમ્મસમાંથી આગળ વધવાનો માર્ગ નક્કી કરવા" વિશે છે.

સરકાર છ વર્ષમાં ૫૪.૫ બિલિયન ડોલરના ખર્ચમાં વધારો કરવા માટે ઉપલબ્ધ નાણાકીય અવકાશનો ઉપયોગ કરી રહી છે. તેમાં અગાઉ જાહેર કરાયેલા કરિયાણા અને આવશ્યક ચીજવસ્તુઓના લાભ અને ફેડરલ ફ્યુઅલ એક્સાઈઝ ટેક્સના કામચલાઉ સસ્પેન્શન જેવા નવા પગલાં માટે ૩૭.૫ બિલિયન ડોલરનો સમાવેશ થાય છે.

### આર્થિક અપડેટ હાઇલાઇટ્સ

01. 6 વર્ષમાં નવા પગલાંમાં $37.5 બિલિયનની રૂપરેખા. ગયા વર્ષની ખાધ ઘટીને $67 બિલિયન થઈ ગઈ, જે પાનખરની આગાહી કરતા $11.5 બિલિયન ઓછી છે.
02. 2030-31 સુધીમાં 100,000 કુશળ વ્યવસાયિક કામદારોને તાલીમ આપવા માટે નવો કાર્યક્રમ.
03. રમતગમતની એક્સેસને વિસ્તૃત કરવા અને ઉચ્ચ-સ્તરીય રમતવીરોને ટેકો આપવા માટે $755 મિલિયન.
04. કામદારો અને નોકરીદાતાઓ માટે જાન્યુઆરી 2027માં CPP પ્રીમિયમમાં ઘટાડો.
05. હવાઈ મુસાફરોની ફરિયાદોના બેકલોગને દૂર કરવા માટે તૃતીય-પક્ષ સંગઠનનો પ્રસ્તાવ.
06. ડિસેબિલિટી ટેક્સ ક્રેડિટ અરજી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાની.
07. 2030-31 સુધીમાં ફેડરલ ડેટ સર્વિસિંગ ખર્ચ વધીને $80 બિલિયન થશે.
08. ગુનાહિત ઉપયોગને રોકવા માટે ક્રિપ્ટો ATM પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ.

# હોલોડોમોર દુષ્કાળના સાક્ષી વિનિકઝુકે મિસિસાગામાં ૧૦૭મો જન્મદિવસ ઉજવ્યો

**મિસીસાગા**

૧૯૩૨થી ૧૯૩૩ દરમિયાન સોવિયેત યુક્રેનમાં માનવસર્જિત દુષ્કાળ, હોલોડોમોરમાંથી બચી ગયેલા મિસિસાગાના એક માણસે મંગળવારે પોતાનો ૧૦૭મો જન્મદિવસ ઉજવ્યો હતો અને કેનેડા પહોંચવાની તેમની યાત્રા પર પ્રતિબિંબ પાડ્યો હતો. ઈવાન વિનિકઝુક મિસિસાગામાં ઈવાન ફ્રાન્કો સિનિયર્સ રેસિડેન્સમાં રહે છે અને કહે છે કે, તેમની સ્થિતિસ્થાપકતા અને અસ્તિત્વ ટકાવી રાખવાની વૃત્તિએ તેમને શતાબ્દી દરજ્જા સુધી પહોંચવામાં મદદ કરી છે. તેઓ યુક્રેનમાં મોટા થયા અને હોલોડોમોર સહન કર્યું હતુ. દુષ્કાળનો અભ્યાસ કરતા આલ્બર્ટા યુનિવર્સિટીના વિદ્વાનો તેને તત્કાલીન સોવિયેત યુનિયન દ્વારા રાજકીય હિંસાના એક સ્વરૂપ તરીકે



વર્ણવે છે, જેણે હાંસિયામાં ધકેલાઈ ગયેલી વસ્તીને લક્ષ્ય બનાવી હતી.

વિનિકઝુકની ઉજવણી કરવા ડઝનબંધ લોકો વરિષ્ઠ નાગરિકોના નિવાસસ્થાને આવ્યા હતા. ૧૫ વર્ષની ઉંમરે, વિનિકઝુકને વિસ્થાપનનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે, તેમને અને તેમના પરિવારને સાઈબિરીયા મોકલવામાં આવ્યા હતા. ૧૯૪૧માં તેને રશિયન સેનામાં ભરતી કરવામાં આવ્યો હતો. તેણે કહ્યું કે તે સમયે તેની માતાએ તેને કંઈક એવું કહ્યું જે તે ક્યારેય ભૂલ્યો નહીં.

# ટોરોન્ટોમાં ફૂટબોલનો રોમાંચ : ૩.૪૦ લાખથી વધુ લોકો માણી શકશે મફત 'FIFA ફેન ફેસ્ટિવલ

## ફોર્ટ યોર્ક ખાતે 22 દિવસ જામશે જલસો; VIP એન્ટ્રી માટે 300 ડોલર સુધીની ટિકિટ, સામાન્ય પ્રવેશ માટે 6 મેથી રજીસ્ટ્રેશન શરૂ

**ટોરોન્ટો**



11 જૂનથી 19 જુલાઈ દરમિયાન, ટોરોન્ટો શહેર ફોર્ટ યોર્ક નેશનલ હિસ્ટોરિક સાઈટ અને બેન્ટવે ખાતે 22 દિવસના ફેન ફેસ્ટિવલનું આયોજન કરાશે. જેમાં મેચ જોવા માટે વિશાળ સ્ક્રીનો અને મનોરંજનના કાર્યક્રમો હશે. ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉએ વચન આપ્યું છે કે, આ ઉત્સવમાં સૌનું સ્વાગત છે.

ફેસ્ટિવલમાં પ્રવેશ મફત રહેશે, પરંતુ મર્યાદિત ટિકિટો માટે 6 મેથી ઓનલાઈન સાઈન-અપ કરવું પડશે. અગાઉ ખર્ચને પહોંચી વળવા માટે એન્ટ્રી ફી રાખવાનો વિચાર હતો, પરંતુ વિરોધ બાદ તેને મફત રાખવાનો નિર્ણય લેવાયો છે. જોકે, પ્રીમિયમ અનુભવ માટે 'ગાર્ડન પેવેલિયન' ટિકિટ $100, 'પિચસાઈડ ટેરેસ' $150 અને 'કાસામિગોસ ક્લબહાઉસ' ની ટિકિટ $300માં ઉપલબ્ધ થશે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન 3,43,000 મફત ટિકિટો ફાળવવામાં આવશે. ટોરોન્ટોમાં પ્રથમ મેચ 12 જૂને કેનેડા વિરુદ્ધ બોસ્નિયા અને હર્ઝેગોવિના વચ્ચે રમાશે. ટુર્નામેન્ટ દરમિયાન ટ્રાફિકમાં 10 ટકાનો વધારો થવાની સંભાવના હોવાથી તંત્ર દ્વારા રોડ બંધ અને પાર્કિંગ અંગેની ખાસ વ્યવસ્થા પર વિચારણા ચાલી રહી છે.

# એર કેનેડાના સિંગલ-આઈસલ વિમાનમાં પણ હવે પ્રથમ 'લાઈ-ફ્લેટ' સીટ ઉપલબ્ધ કરાશે

## એરબસ A321XLRના કાફલા સાથે મુસાફરીનો અનુભવ બદલાશે

**ઓન્ટેરિયો**

એર કેનેડાએ સિંગલ-આઈસલ (એક જ માર્ગવાળા) એરક્રાફ્ટમાં લાઈ-ફ્લેટ સીટની સુવિધા ઉપલબ્ધ કરી છે, જે કેનેડામાં પ્રથમ છે. એરલાઈને 30 નવા એરબસ A321XLR એરક્રાફ્ટ મેળવ્યા છે, જેમાંથી 'સિગ્નેચર ક્લાસ'માં 14 લાઈ-ફ્લેટ સીટ હશે. એર કેનેડાના એક્ઝિક્યુટિવ વાઈસ-પ્રેસિડેન્ટ માર્ક ગાલાર્ડોના જણાવ્યા અનુસાર આ વિમાન લાંબા રૂટ પર મુસાફરોને વધુ આરામ અને સુવિધા આપશે. માત્ર એર કેનેડા જ નહીં, પણ ડેલ્ટા અને યુનાઈટેડ એરલાઈન્સ પણ આવી જ સુવિધાઓ લાવી રહી છે. યુનાઈટેડ એરલાઈન્સ 2027માં 'રિલેક્સ રો' લોન્ચ કરશે, જે ઈકોનોમી ક્લાસની ત્રણ સીટને બેડમાં ફેરવી શકશે. બીજી તરફ, એર ન્યુઝીલેન્ડે તેના બોઈંગ 787-9 ડ્રીમલાઈનરમાં 'સ્કાયનેસ્ટ' નામના બંક બેડ ઉમેરવાની જાહેરાત કરી છે, જેમાં ગાદલું, પડદો અને ચાર્જિંગ જેવી સુવિધાઓ હશે.



## યુપીના બિઝનૌર જિલ્લામાંથી હચમચાવી નાખતી ઘટના

# ડિજિટલ અરેસ્ટ થતાં મહિલાએ જીવ આપી દીધો, ડાયરીમાંથી ખુલ્યું રહસ્ય

**બિજનૌર**

ઉત્તર પ્રદેશના બિઝનૌર જિલ્લામાંથી એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. જ્યાં ડિજિટલ અરેસ્ટ પીડિતાએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. મૃતકની ઓળખ મોનિકા તરીકે થઈ છે. સુસાઈડ નોટમાં મોનિકાએ લખ્યું છે કે, જીવ આપવા માટે મારી મમ્મીનું ધ્યાન રાખજા. ભાભી દરેક જિંદગીમાં તમે મને, મમ્મી-પાપા અને ભાઈ ભાભી મળો અને મારા બાળકોનું ધ્યાન રાખજા. સોરી જિયા, મમ્માને મરવું જ પડશે. એ છોકરાએ બહુ હેરાન કરી છે તમારી મમ્મીને. ઘટનાની જાણકારી આપતા જિલ્લાના એસપીએ કહ્યું કે આજે ફરીદપુરના રહેવાસી એક યુવકે પોલીસ સ્ટેશનમાં આવેદન આપ્યું છે કે ૨૮ તારીખના સવારે તેની પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. પણ બાદમાં તેમને જાણકારી થઈ કે મૃતકે એક સુસાઈડ નોટ છોડી છે. જેમાં તેને કોઈ યુવક દ્વારા પરેશાન કરવાનો ઉલ્લેખ કર્યો છે અને તેને જ ઘટનાનું કારણ ગણાવ્યું છે. એસપીએ જણાવ્યું કે જા તે સુસાઈડ નોટમાં તે છોકરાનું નામ, ફોન નંબર વગેરે કોઈ વસ્તુ લખેલી નથી. પણ જ્યારે અમે મૃતકાનો ફોન ચેક કર્યો તો તેમાં બે ત્રણ અજાણ્યા નંબર મળ્યા, જેમાં ચેટ્સ હતી. તેમાંથી એક નંબર પર કોલ કર્યો તો તેને બેક કોલમાં એક વીડિયો કોલ આવ્યો, જેમાં એક યુવકે યુનિફોર્મ પહેર્યો હતો. તેણે આ પરિવારને ધમકાવ્યો હતો, જેણે કોલ કર્યો હતો. આના આધાર પર પરિવારે આશંકા વ્યક્ત કરી કે આ પ્રકરણ સાઈબર અપરાધનું હોઈ શકે છે.

# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

JUST LISTED
31 Coughlen St. Ajax



Welcome to this beautifully updated family home in Central Ajax, ideally located close to all amenities. A public school is conveniently situated right beside the home, with easy access to Durham Transit, parks, shopping plazas, and Hwy 401—perfect for commuters and families alike.Offering approximately 1,809 sq. ft., this spacious 3+1 bedroom home features a functional layout with formal living and dining areas. The large primary bedroom includes a renovated ensuite and walk-in closet for added comfort.The home has been thoughtfully upgraded with interlocking in both the front and backyard, Energy Star certified doors and windows with heat-resistant glass, pot lights throughout, and fresh paint. Additional updates include a newer garage door, new backsplash (2026), updated kitchen appliances, and major mechanicals—A/C, furnace, and tankless hot water tank (2025). The home is fully monitored with security cameras at the front door and garage.

JUST LISTED
594 Herbert, Pembroke



Welcome to this lovely east end hi-ranch home conveniently located within walking distance to schools, shopping and other amenities! This home features an updated kitchen, 5 bedrooms, 2 bathrooms and the possibility of a 6th bedroom downstairs! On the main level you will find a spacious living room which is open to the dining room, a kitchen with plenty of cupboards and counter space and access to the back deck, three bedrooms and a full 5 piece bathroom with double vanity. The primary bedroom has a "cheater door" access to the main bathroom, and all rooms are good sizes. The lower level offers 2 bedrooms, an office/workshop, storage room, laundry room, family room with electric fireplace and a utility closet. The office/workshop could easily be converted into a bedroom. The deck includes a gazebo & there are also a storage shed and tarp shed which are included. Flooring: Tile, Flooring: Laminate

COMING SOON
1 Judhaven Road, Toronto



Spacious, Solid 3 Bdrm Bungalow On Large Corner Lot! Well Many recent upgrades such as freshly painted, main bathroom,kitchen, potlights etc. Huge Finished Basemt for extra income potential.New Interlocking Brick Front Walkway And Steps. Privately Fenced Side Yard Great For Entertaining. 2 Car Garage & 2 Cars On Driveway! Walk To Schools, Parks And Shopping. Great Family Friendly Neighbourhood.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
**D: (647) 501-6786 I D: (647) 308-2941**
**F : (416) 298-8303 I P: (647) 666-8676**

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.